






ઝવેરચંદ મેઘાણી

रवीन्द्र वीणा.

રવીન્દ્ર-વીણા

ઝવેરચંદ મેઘાણી



ભારતી સાહિત્ય સંઘ
ભીમરાજ બિલ્ડીંગ, કાલબાદેવી, મુંબઈ
ફરનાન્ડીઝ પૂલ નીચે, ગાંધીમાર્ગ, અમદાવાદ

આવૃત્તિ પહેલી : સપ્ટેમ્બર ૧૯૪૪
" બીજી : " ૧૯૪૫

મૂલ્ય
૨–૮–૦
[ટ. ખ. ૦–૩–૦]

પ્રકાશક
તારાચંદ માણેકચંદ રવાણી
ભારતી સાહિત્ય સંઘ
૧૬, શ્રીમાળી સોસાયટી,
અમદાવાદ-૯

મુદ્રક
મણિલાલ છગનલાલ શાહ
ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા • નોવેલ્ટી ટોકીઝ પાસે,
અમદાવાદ

અ ર્પ ણ

પુત્રવધૂ ચિ. નિર્મળાને

• ક્રમ •

૧ જાગેલું ઝરણું ૧
૨ ઝાકળનું બિન્દુ ૫
૩ બે પંખી ૭
૪ સ્વર્ગેથી વિદાય ૧૦
૫ હતભાગીનું ગાન ૧૫
૬ ભારતતીર્થ ૧૯
૭ વિજ્ઞાનવીર શ્રી જગદીશને– ૨૨
૮ પ્રતિજ્ઞાપાલન ૨૭
૯ વીર બંદો ૩૧
૧૦ અભિસાર ૩૬
૧૧ કવિનું વય ૪૧
૧૨ કોડિયું ૪૪
૧૩ ધરણીને દેવ સમાં વરદાન ૪૫
૧૪ અનાદર પામેલી લેખિનીને પત્ર ૪૬
૧૫ ક્ષણિકનું ગાન ૪૮
૧૬ નવી વર્ષા ૫૨
૧૭ માની યાદ ૫૫
૧૮ આઘેલો બાળ ૫૭
૧૯ સરતા બાળકનું આશ્વાસન ૬૦
૨૦ ઈચ્છામતી નદી ૬૩
૨૧ કાંઠે રમનારાં ૬૭
૨૨ ચુંબન ૭૦
૨૩ બાહુ ૭૨
૨૪ હૃદય-આકાશ ૭૩
૨૫ આવ ચાલી ! ૭૫
૨૬ ગુપ્ત પ્રેમ ૭૭
૨૭ પડછાયાનો પ્રેમ ૮૦
૨૮ કૃષ્ણ-કળી ૮૬
૨૯ દીઠી સાંતાલની નારી ૮૮
૩૦ નવી વહુ ૯૧
૩૧ જોડાની શોધ ૯૬
૩૨ સાત્વિક ભક્તિ ૧૦૧
૩૩ સંધ્યાકાળે ૧૦૩
૩૪ સાફલ્ય ૧૦૪
૩૫ લોકારણ્ય ૧૦૫
૩૬ તલવારની ભેટ ૧૦૭
૩૭ નવે વેશે ૧૦૯
૩૮ સોના–નાવડી ૧૧૨
૩૯ આવાગમન ૧૧૭
૪૦ નિર્ભય ૧૧૯
૪૧ એજ પ્રાણ ૧૨૨
૪૨ ચુકાયેલી ઘડી ૧૨૩
૪૩ છેલ્લી યાચના ૧૨૫
૪૪ કાનમાં શું રે કીધું ! ૧૨૬
૪૫ પ્રાણ જગાડો રાજ ૧૨૮
૪૬ ચાલ ઘોર સાગરે ! ૧૨૯
૪૭ મુખ જોવા દે ૧૩૦
૪૮ સાચાં એંધાણ ૧૩૨
૪૯ નિરર્થક ૧૩૭
૫૦ કૃપણ ૧૪૦
૫૧ ભય નથી ૧૪૨
૫૨ કૃતજ્ઞ ૧૪૫
૫૩ તું એકદા જીવનમાં હતી એજ સત્ય ૧૪૮

પ્રસ્તાવના

‘ પ્રિય મેઘાણીભાઈને – આમાંનાં કેટલાંક ગૂજરાતીમાં લાવે તે આગ્રહભરી ઈચ્છા સાથે. દ૦ તા. ૮ : ૧૧ : ૩૩ શાંતિનિકેતન. ’

આવા શબ્દોથી અંકિત કરીને એક સ્નેહીએ (દલપતભાઈ કોઠારી) ‘ સંચયિતા ’ નામનો કવિવર રવીન્દ્રનાથનો કાવ્યસંગ્રહ આજથી અગિયાર વર્ષ પર મને મુંબઈ મોકલ્યો હતો. તે દિવસથી દિલ પર રહેતો આવેલો ભાર આજે ઠીક ઠીક અંશે હળવો બની શક્યો છે.

સંચયિતાનું વિશિષ્ટ સ્થાન

રવિબાબુની બંગાળી કાવ્યકૃતિઓ સેંકડોની સંખ્યામાં પહોંચી છે. એ કૃતિઓના સંગ્રહો પણ ઘણા થયા છે. એમની આગલી કાવ્યરચનાઓ સંધ્યાસંગીત, ભાનુસિંહેર પદાવલિ, પ્રભાત, સંગીત, કડિ ઓ કોમલ, માનસી, સોનાર તરી, ચિત્રા, કાહિની, ગીતાંજલિ ઈત્યાદિ શિર્ષકો તળે ક્રમશઃ બહાર મુકાતી ગઈ હતી. તે અઢળક પુંજમાંથી નવી નવી દૃષ્ટિએ વીણણી કરીકરીને જુદા જુદા પ્રકાશકોએ અન્ય પંચકણકી સંગ્રહો પણ તે પછી પ્રકટ કરેલ હશે. પરંતુ ‘ સંચયિતા ’નું સ્થાન એ સર્વથી ન્યારું અને વિશિષ્ટ છે.

કારણ એ છે કે ‘ સંચયિતા’ની કવિતાઓની વરણી કવિવરને નિજને હાથે થયેલી છે અને એ ભાર પોતાને કેમ ઉપાડવો પડ્યો તેનું કારણ પોતે જ આ રીતે આપ્યું છે—

'જેઓ મારી કવિતાને પ્રકાશિત કરે છે તેમના સંબંધમાં અનેક દિવસોથી આ અનુભવ કરતો આવ્યો છું કે, મારી કાચી ઉંમરની જે બધી કૃતિઓ હજુ તો માત્ર પા પા પગલી પાડતી થઇ હતી, અને જે હજુ તો કવિતાપણાના સીમાડાની અંદર પણ પહોંચી નહોતી, તેવી કૃતિઓને પણ મારી ગ્રંથાવલિમાં સ્થાન દેવું એ મારા પ્રત્યે અન્યાય કરવા બરાબર છે.'

કવિવરે પ્રમાણેલ કૃતિઓ

એટલે કવિવરે પોતે જે કૃતિઓને, પોતાના પૃથક્ પૃથક્ સંગ્રહોની અંદરથી, બાલ્યવયની પંગૂદશાને પાર કરી ગયેલી ગણી, અગર તો પોતાની કાવ્યશક્તિના વિકાસની ઈતિહાસદૃષ્ટિએ પોતાને જે જે કૃતિઓ, (અન્યથા તો જેને પોતે પુસ્તકાકારે ચાલુ રહેલ દેખી સંતાપ તેમજ લજ્જા પામતા તેવા સંધ્યાસંગીત પ્રભાતસંગીત, છબિ ઓ ગાન જેવા સંગ્રહોમાંથી) પોતાને ઊંચકી લેવા જેવી લાગી. તેવી સકળ પ્રમાણિત કૃતિઓનો જ આ સંચયિતા એક સંગ્રહ છે. એ દૃષ્ટિએ સંચયિતાનું સ્થાન નિરાળું છે. ઉપરાંત 'લાંબા કાળથી વાચકોને મારા જે જે કાવ્યગ્રંથો પરિચિત છે તેની અંદરથી જ વિશેષે કરીને આ વીણણી કરવામાં આવી છે' એવું કવિવરનું પોતાનું જ, સંચયિતા માટેનું કથન છે.

લોકોત્તરનું પરિશીલન

આવા સંગ્રહનું આજથી અગિયાર વર્ષ પૂર્વેની એક સંતપ્ત અને વિકલ જીવનદશામાં ઓચિંતું છેક શાંતિનિકેતનથી પ્રાપ્ત થવું, એ એક વિધિનિર્મિત મંગળ ભાગ્ય હતું. તે દિવસથી 'સંચયિતા' મારી નિત્યસંગિની બની રહી હતી. સર્પ સાથેની લડાઇમાં લોહીલુહાણ બનતો નોળીઓ વચ્ચેવચ્ચે પોતાનાં દરમાં જઇને નોળવેલ નામની ઔષધિ સુંઘી પાછો પુનઃસજ્જ બની આવે છે ને સંગ્રામ

જારી રાખે છે, એ લોકમાન્યતા અનુસાર હરએક શિલ્પીએ અને સર્જકે પોતાની ઘસાઇ જતી શક્તિની પુનઃ પુનઃ ધાર કાઢવા સારુ કોઈ ને કોઈ 'ક્લાસિક' અર્થાત લોકોત્તર સાહિત્યસ્વામીનું પરિ-શીલન કરતા રહેવું પડે છે. આપણો પોતપોતાનો ઉપાસ્ય આવો 'ક્લાસિક' કિંવા લોકોત્તર સર્જક ચાહે સંસ્કૃતમાંથી મળો કે અંગ્રેજીમાંથી, ગુજરાતીમાંથી સાંપડો કે બંગાળીમાંથી, નિકટથી કે દૂરથી, એ વિષય બહુ ચિંતાનો નથી. એમ મારી પોતાની ટાણે ટાણે ઝંખવાતી જ્યોતના દિવેલપૂરક, ઘણુંખરું તો કવિવર ટાગોર બની રહ્યા છે. સંચયિતાનું મને આમ સતત પરિશીલન થતુ રહ્યું છે.

પ્રતિકૂલ સંજોગો વચ્ચે

પણ એની કૃતિઓ ગુજરાતીમાં લાવવા માટેની પેલા સ્નેહીની ઇચ્છા, બંદી વીર, જાગેલું ઝરણું, માની યાદ, સોના નાવડી કે શાશ્વતાં મૂલ્ય જેવાં કવચિત કવચિત ઉતારેલાં દસ-બારને બાદ કરતાં, ખરેખરી તો છેલ્લા બેત્રણ મહિનાની અંદર જ મારાથી બર લાવી શકાઈ. આશ્ચર્ય તો એ છે કે, કવિવરના ત્રણ વર્ષ પૂર્વેના અવસાન વખતે જ્યારે સંવેદનની તીવ્રતા છેક ટોચે ચડી હતી અને વાતાવરણ પણ જ્યારે એ સંવેદનને આંખે સરવા બેસારનાર ઋતુ સમું હતું, ત્યારે નહિ અને છેક આજે એમની ત્રીજી સંવત્સરી આવવા ટાણે, (પણ એ પર્વ આવી રહ્યાના કશા ભાન વગર) મન સંચયિતાની કૃતિઓને ગુજરાતીમાં અવતારવા કેમ વળ્યું ? ઋતુ પણ કાવ્યોદ્ગમને અનુકૂળ નહોતી, બલ્કે કાવ્યના કાનનને વેરાન કરી મૂકે તેવી હતી. વૈશાખ જેઠની આગ વર્ષતી હતી. સ્થાન પણ કવિતાનું લાલન કરનારું નહોતું. ઝાલાવાડના જેઠવૈશાખ જેમણે જાણ્યા છે તેમને નવાઈ લાગશે. ઘરનું વાતાવરણ તો વળી કવિતાને કાળે બપોરે ચોરની જેમ કાંધ મારનારું હતું. એક બાળક શરીરે શીતળાના ગુમડાએ

પરોવાઈ પડ્યો હતો, તેની દિવસરાતની સારવારની વચ્ચે ' સંચયિતા 'નો મોટો હાથ આ તપ્ત લલાટ પર ક્યાંથી અને કેમ કરીને ફરતો થયો ? દિવસ અને રાત સંચયિતાનાં ગીતોએ જ કેમ મન અને કલ્પનાનો કબજો કરી લીધો ? પોતાની તેમજ કુટુંબીજનોની બીમારી ઉપરાંત બીજી હાડમારીઓમાં ભિંસાતે ભિંસાતે પણ પ્રકૃતિની ચંચલતા, અસહિષ્ણુતા અને કાતરતા ખૂબ આગળ વધી ગઇ હતી તેવા દિવસોમાં પણ, આ કવિવરનાં કાવ્યોનું સેવન સક્રિય કેમ બની ગયું ?

જ્યારે તર્કમાન્ય કોઈ કારણો આપી શકાતાં નથી ત્યારે મનુષ્ય પોતાની સારી અથવા માઠી અવસ્થાને કોઇ પણ એકાદ વહેમી મંતવ્ય ખાતે જમા કરી નાખી સંતોષ મેળવી લ્યે છે, તેમ હું પણ, આ સંગ્રહ જેને અર્પણ થયો છે તે લાડીલી પુત્રવધૂનાં લક્ષ્મીપગલાંના જ રૂડા પ્રતાપ લેખીને મનનું સમાધાન મેળવી શક્યો છું.

અમદાવાદનો આભાર

આ ગુજરાતી કૃતિઓ, કશા પણ પૂર્વસંકેત વગર, જોગાન-જોગ, આસાયેશ અને સારવાર અર્થે અમદાવાદમાં આવી ચડતાં સૌપ્રથમ અમદાવાદનાં સાહિત્યરસિકોને જાહેર તથા ખાનગી સમા-રંભોમાં સંભળાવવાનું બન્યું તે પણ વસ્તુતઃ કોઇ અકસ્માત નથી પણ નિયમ જેવું બની ગએલું એક જીવનનિર્માણ છે. ઠેઠ ૧૯૨૪ થી તે આજ સુધી મારી સંશોધિત તેમજ નિજસર્જિત રચનાઓ લઈને પ્રથમપહેલાં બહુધા અમદાવાદ આવવાનું બન્યા કર્યું છે, અને અમદાવાદનાં જનોએ આપેલો સત્કાર એ કૃતિઓને માટે લાંબી આવરદાના પરવાનારૂપ, પ્રમાણપત્રરૂપ બન્યો છે. ત્રણ વર્ષ પરના ટાગોર-મૃત્યુ નજીકની તેમજ આ વર્ષની અમદાવાદની પર્યુષણ-વ્યાખ્યાનમાલાઓના બે પ્રભાત-સમારંભો આ કૃતિઓને મંગળ શુકન રૂપ નીવડ્યા છે. શ્રોતાજનોમાં-બાળકો, યુવાનો અને સ્ત્રીઓ સર્વમાં

કેટલીક કૃતિઓ ઝટઝટ ચલણી બની છે. જેમ સામાન્યોને એ પોતાની લાગી છે, તેમ તિક્ષ્ણ વિવેચનદૃષ્ટિએ તપાસનારાઓને પણ એણે નિરાશ નથી કર્યા.

આ કૃતિઓ કોની કહેવાય?

એક સમસ્યા ઊભી થઇ છે—કદાચ આ પાછળ કહ્યા તે વર્ગમાં—કે આ ગુજરાતી કૃતિઓને ઝવેરચંદ મેઘાણીની કહેવી! કે ટાગોર પરથી ઉતારેલી અર્થાત રવીન્દ્રનાથની પ્રતિભાને રજૂ કરનારી ગણવી? આ સમસ્યામાંથી હું બેવડો ધ્વનિ તારવું છું: એક મારા લાભમાં ને બીજો મારા ગેરલાભમાં. લાભમાં આ રીતે, કે ગુજરાતી રચનાઓ, એ અનુવાદો છે તેવી ઝાઝી કચાશ ન કળાઇ જાય તેટલે દરજ્જે સફળ બની છે: ને ગેરલાભ એ કે, અનુવાદકે મૂળને મોટે ભાગે પડતાં મૂકી, અથવા વધુ નહિ તો છેવટે પાછળ નાખી દઇ, પોતાની જ પ્રતિભા-મહોર (કે એ જે કંઇ હો!) આ કૃતિઓ પર મારી દીધી છે.

મને લાભકર્તા હો કે હાનિકર્તા, પણ આટલોયે સંશય, આપણા વ્યકિતગત લાભો ગેરલાભોના કરતાં ઘણા મોટા એવા વાઙ્મયના પ્રામાણિકપણાના લાભને ખાતર ન રહી જવો જોઇએ. એટલા માટે મેં દર બુધવારે રાતે અમદાવાદના કુમાર કાર્યાલયમાં મળતા કવિ-મિલનના થોડાએક સમજદાર ભાઇઓની પાસે એક બુધવારે મૂળ ટાગોર–કૃતિઓ અને મારી અનુકૃતિઓ જોડાજોડ મૂકી આપીને થોડી ચર્ચા કરી હતી. તેના મુખ્ય મુદ્દા આ છે કે—

મારાં ઉમેરેલાં રંગરેખા

સંચયિતાની મૂળ કૃતિઓ, ગેય જેને ન કહી શકાય તેવી, છંદોવાહિની છે. એ છંદો સંસ્કૃત વૃત્તો નથી પણ બંગાળના નિજના વિશિષ્ટ અને વૈભવશાળી પયાર છંદમાંથી ટાગોરે કૈં કૈં ભાંજઘડો, કસબ–કરામતો કરીને સર્જાવેલાં સ્વરૂપો છે. મેં એ કૃતિઓને કાં

તો સંસ્કૃત વૃત્તોમાં, કાં દેશી ગેય ઢાળોમાં અગર તો સાદા કરિગીતને ભાંગી ભાંગી ઘડેલી વિધવિધ લઢણોમાં, મૂળ કૃતિઓને જેમ માફક આવ્યું તેમ વહેવા દીધેલ છે. એ થઇ બહિરંગની બાબત.

વસ્તુસામગ્રી તો અકબંધ મેં ટાગોરની જ અપનાવી છે. મૂળના કોઇ પણ ભાવને કે વિગતને, એના પોતાના જ પૂરેપૂરા પ્રાકટ્યને ખાતર થઇને મારે જે સહેજસાજ 'ટચીઝ' આપવા પડે તેથી વિશેષ મોટા ફેરફારો કરવાની છૂટ લીધી નથી. મારી પકડમાં નહિ આવ્યું હોય તેવું જૂજજાજ મેં કોઈ કોઇ સ્થળે મૂળમાંથી છોડી દીધું હશે, પણ તે મૂળને મહત્ત્વની રીતે ખંડિત, ઉલટસુલટ અથવા તો કલાભ્રષ્ટ કરી નાખે તેવી રીતે નહિ. એ રીતે કોઈ કોઈ ઠેકાણે મૂળના ભાવ કે કલ્પનામાંથી, મારા કશા યત્ન વગર આપોઆપ જે કોઇ ભાવ કે કલ્પનાનો ફણગો મારામાં ફૂટયો હશે તેને મેં અનુવાદમાં આસાનીથી આવવા દીધો છે. દાખલા તરીકે—

અર્થભ્રષ્ટ કરે છે?

ટાગોરની 'સોનાર તરી' માંની પહેલી બે કડીઓ આમ છે—

गगने गरजे मेघ, घन वरषा
कूले एका वसे आछि, नाहि भरसा.
राशि राशि भारा भारा, धान काटा हल सारा
भरा नदी क्षुरधारा खर – परशा
काटिते काटिते धान एल वरषा.
एक खानि छोट क्षेते आमि एकेला
चारि दिके बांका जल करि छे खेला
परपारे देखी आंका, तरूछाया मसीमाखा
ग्रामखानि मेघे ढाका प्रभात वेला
ए पारेते छोट क्षेते आमि एकेला

આ બેઉ કડીમાં સમાયેલું ચિત્ર મારા 'સોના-નાવડી'માં પંક્તિ પછી પંક્તિનો ક્રમ સાચવીને નહિ પણ સ્વતંત્ર ક્રમને અનુસરીને આમ ઊતર્યું છે—

ગાજે ગગને મેહૂલિયા રે, વાજે વરસાદ-ઝડી
નદીપૂર ધૂઘવિયાં રે, કાંઠે બેઠી એકલડી.
મારાં નાના ખેતરને રે, શેઢે હું તો એકલડી.

મેં તો ધાન વાઢી ઢગલા કરિયા
હુંડાં ગાંસડી ગાંસડીએ ભરિયાં
ત્યાં તો વાદળ ઘોર તૂટી પડિયાં

ભીંજુ ઓથ વિનાની રે, અંગે અંગે ટાઢ ચડી
મારા નાના ખેતરને રે શેઢે હું તો એકલડી.

સામે કાંઠે દેખાયે રે વા'લું મારું ગામડિયું
ગોવાલણ શી વાદળીએ રે, વીંટયું જાણે ગોકળિયું

મારી ચૌદિશે પાણીડાં નાચી રહ્યાં
આખી સીમેથી લોક અલોપ થયાં
દિનાનાથ રવિ પણ આથમિયા

ગાંડી ગોરજ ટાણે રે નદી અંકલાશ ચડી
એને ઉજ્જડ આરે રે ઊભી હું તો એકલડી
મારા નાના ખેતરને રે શેઢે હું તો એકલડી.

આ અનુસર્જન થયું છે. અસલના કલ્પનાચિત્રને મારી ભાષા મળવાની સાથે મારા મનનો ઘાટ આકાર પણ મળ્યો છે.

સ્વતંત્ર ઢાળણી

હવે મેં કેટલીક વિશેષ છૂટ લીધી છે તેનું દૃષ્ટાંત પણ દઈ દઉં. विदाय નામના મૃતબાળકના કાવ્યમાં આમ છે—

तबे आमि जाई गो तबे जाई
भोरेर वेला शुन्य कोले

डाकवि जखन खोका बोले
बोलवो आमि, नाई से खोका बाई
मा गो जाई

२

हाउयार संगे हाउया होये
जावो मा तोर वूक वे'ये
धरते आमाय पारविने तो हाते
जलेर मध्ये ह'वो मा ढेउ
जानते आमाय पार्वेना केउ
स्नानेर वेला खेल्वो तोमार साथे

એનો શબ્દશઃ તર્જુમો કરીએ તો—

" ત્યારે હું જાઉં છું મા, જાઉં છું. પરોઢવેળા ખોળા સુનો હોતાં તું જ્યારે મને ' બચ્ચા ' કહી બોલાવીશ, ત્યારે હું બોલી ઊઠીશ કે એ બચલો હવે નથી. હે મા, જાઉં છું.

" હવાની સાથે હું હવા બનીને, હે મા ! તારી છાતીએ થઈને વહ્યો જઈશ. તું મને હાથે પકડી નહિ શકે. જળની અંદર હું મોજું બનીશ, મને કોઈ ઓળખી નહિ શકે, અને સ્નાનવેળા હું તારી સાથે ખેલતો રહીશ."

આનું ગુજરાતી પદ્યસ્વરૂપ મેં ' મરતા બાળકનું આશ્વાસન 'માં આવું ઘડયું, ઘણી જ આસાનીથી એ ઘડતર હાથ બેસી ગયું—

" આવજો આવજો વાલી બા
એક વાર બોલ, ભલે ભાઈ ! તું જા.
પાછલી તે રાતને પે'લે પરોડિયે
ઝબકીને તું જ્યારે જાગે,
ઓશીકે પાંગતે ફેરવતાં હાથ તુંને
પડખું ખાલી લાગે હો મા !

મને પાડજે હળવા સાદ
પડઘો થૈ હું દૈશ જવાબ. ૧

તારા હૈયા તે પર ખેલવા ને ગેલવા
આવું બની હવાનો હિલોળો.
લાંબી લટોમાં રમું ઓળકોળાંબડે
ગૂંથશે તું જ્યારે અંબોડો હો મા!
તારો ઝાલ્યો હું નહિ રે ઝલાઉં
ચાર પાંચ ચુમી ભરી ચાલ્યો જાઉં. ૨

ચંદન તલાવડીના નીર મહીં ના'તી
જોઈ જૈશ હું તને જ્યારે,
મોજું બનીને તારે અંગેઅંગ મા'લીશ
તોય મને કોઈ નહિ ભાળે હો મા!
મારી છલ છલ છાની વાત
સાંભળીને કરજે ના કલપાંત. ૩

ગુજરાતી જીવનનો રંગ

રૂપાન્તરમાં મેં લીધેલ છૂટનો આ લાક્ષણિક કિસ્સો છે. અસલને, શબ્દાર્થને અને મારી અનુકૃતિને, ત્રણેને બારીકીથી સરખાવનાર સહજમાં સમજી શકશે કે મેં બાળકને, પહેલી કડીમાં કવિવરના કશા સૂચન વગર, કેવળ ધ્વનિ પરથી દોરવાઈને પડઘો બનાવ્યો છે. વસ્તુતઃ મૂળની પ્રત્યેક કાવ્યકડીમાં મુએલ બાળકે પોતાની નિકટતા દાખવતું કંઈ ને કંઈ સ્વરૂપ ધારણ કર્યું છે, એટલે મેં એને મારા અનુકાવ્યની પ્રથમ કડીમાં પડઘો બનાવવામાં ભૂલ નથી કરી. વહેલી પરોડે ઝબકીને જાગેલી મા પોતાના બિછાનામાં ઓશીકાથી લઈ પાંગત સુધી બાળકની શોધમાં હાથ ફેરવે એ મને માત્ર ખાલી ઓળાના કરતાં વધુ બંધબેસતું લાગ્યું છે. બાળક હવાનો હિલોળો બનીને માતાના હૈયા પર ખેલી રહે તે તો મૂળમાં પણ છે, પરંતુ માતાની કેશગૂંથણ વેળાએ એની ઝૂલતી લટોમાં બાળક રૂપી

પવન – હિલોળાને ઓળકોળાંબો (કે આંબલી પીપળી) રમતો કલ્પવો, એ મારા જેવા ગુજરાતી માટે સહજ છે. આપણામાં ગામોની ભાગોળો પાદરોથી પરિચિત માણસમાં એ કલ્પનાની સ્વયમેવ પ્રેરણા થાય. અને એ કલ્પનાનું ઉમેરણ મારું સ્વતંત્ર હોવા છતાં અસલના ચિત્ર-ઉઠાવને માઠી અસર તો લેશ પણ નથી કરતું. એ જ પ્રમાણે તળાવે નહાતી માતાને જળમોજું બનેલો બાળક છલછલ સૂરે છુપી વાત કરતો હોવાનું મેં કરેલું રેખા–ઉમેરણ કરુણતાને હાનિ પહોંચાડવાને બદલે એને ઘનીભૂત બનાવી ચિત્રમાં પૂરવણી કરતું લાગશે એમ માનું છું.

આત્મસાત્ કરી છે

પરંતુ આટલી સાહજિક છૂટછાટ પણ મેં એકંદરે ઓછી લીધી છે. મારી અનુવાદ–પદ્ધતિમાં તેમજ રૂપાન્તર–કળામાં વિશેષ ઊંડા ઊતરવા લલચાનારને મેં આમાંની પ્રત્યેક રચનાને છેડે મૂળ કૃતિનું અને એ જેમાં છે તે સંગ્રહનું નામ મૂકીને સગવડ કરી આપી છે. મારી ઉમેદ છે, આગ્રહ પણ છે, કે જેમને જેમને આ અનુકૃતિઓમાં કાવ્યદષ્ટિએ રસ જાગે તેઓ અનુકૃતિના મારા કસબની ક્રિયા સમજવા અને અનુવાદનું એક વિશિષ્ટ પ્રકારનું રસાયન તપાસવા મૂળ કૃતિ અને મારી કૃતિ જોડાજોડ મૂકી મીંડવી જુએ.

સાચી વાત છે કે મારી આ કૃતિઓ ગવાતી સાંભળનારને એ બંગાળની–મતલબ કે કોઈ પરભોમની લાગતી નથી. તેનું મૂંગું વાંચન પઠન કરવામાં પણ પરકીયતાનો ભાવ નહિ પેદા થાય એમ મારું માનવું છે. એ અનુવાદો છે એવું લાગશે નહિ તો પણ હું નવાઈ નહિ જ પામું, ખેદ તો પામું જ શાનો? કારણ કે એ અનુવાદિત છે એવો આભાસ સરખોયે ન થવા દેવાનો તો મારો પ્રયત્ન છે. અરે, પ્રયત્ન છે એમ પણ શા માટે કહું? સાચું તો આ છે, કે મૂળ કૃતિઓએ મારા ચિદાકાશમાં, મારા અંતસ્તલમાં શક્ય તેટલી

આત્મસાત્ થઈ ગયા પછી, પોતાની મેળે જ મારા દ્વારા ગુજરાતી અવતાર ધારણ કરેલ છે: બહિરંતર બેઉ રૂપે ગુજરાતી: આવો દાવો સાંભળીને ચમકવાનું નથીઃ બહિરંગ અંતરંગ ગુજરાતી બનવાથી તે કૃતિઓ રવીન્દ્રનાથની મટી જતી નથી. બંગાળી પણ મટી જતી નથી. એનાં ભાવ, કલ્પના, રંગ અને રેખા સાર્વજનિક છે, ભારતીય છે, એ મૂળમાં મુકાયેલ સંવેદનો સર્વજનગ્રાહ્ય અને સાધારણીકૃત છે. કવિવરની કલાસૃષ્ટિ એટલી તો સુડોલ છે કે કોઈ પણ ભારતીય ભોમનાં વિશિષ્ટ વેશભૂષા એને તે તે ભોમની તળપદી ભામિની બનાવી દે છે. સર્વજનગ્રાહિતા અને સાધારણીકૃતતા, એ બન્ને તો પ્રતિભાના મૂલ્યવાન અંશો છે.

ઢાળોમાં વ્યક્ત્તું તળપદું જીવન

અનુવાદોને મેં દેશી ઢાળોમાં ઢાળ્યા છે એથી પણ એ કૃતિઓ કવિવરની નહિ ને મારી હોવાનો આભાસ ઊઠતો હશે. તે મારો દોષ નહિ પણ ગુણ ગણાવો ઘટે! હું જ્યારે દેશી ઢાળો યોજું છું ત્યારે એ ઢાળો મારી અંદર નર્યા એક પદબંધ રૂપે નહિ પણ એની જોડે જમાનાઓથી લાગી રહેલા તળપદા સંસ્કારો સમેત વિશિષ્ટ વ્યક્તિરૂપે ખડા થાય છે. આ ઢાળોને પોતપોતાના આશ્વાસ તેમજ નિઃશ્વાસ હોય છે, ઢાળોના ઉચ્ચારમાત્રમાં જ નહિ પણ એની લઢણમાં ય ગુજરાત ટહૂકી રહે છે, હસે છે, રડે છે, હિજરાય છે, વિક્રમે ચડે છે, પ્યાર કરે છે, કોપ કરે છે. એ ઢાળોમાં ઢળાતી મારી કૃતિ—નિજ કૃતિ કે અનુકૃતિ—પોતાનો સ્વતંત્ર દેહ ધારણ કર્યા વગર રહી જ ન શકે.

ગંભીર ભયસ્થાનો

પણ એકલા ઢાળોની જ વાત શાને કરવી પડે છે? કેટલીએ અનુકૃતિઓ વૃત્તોમાં ઉતારી છે. તેમાંય જો કૃતિ સ્વતંત્ર લાગે

તો તે દોષ—**એટલે કે યક્ષ!**—આપણી ગુજરાતી વાણીનો **સમજજો.** લયે, મરોડે, અને ઠસ્સે કો' અપૂર્વ નિજત્વની યશધારિણી આ ગુર્જરી બાની જ્યારે પરાયાંને પોતાનાં બનાવી લેવાની સ્વાભાવિક મનમોટપ દાખવે છે, ત્યારે એને સંપત્તિશક્તિની કોઈ ક્ષતિ નડતી નથી. અમુક ભાવોને વ્યક્ત કરવાની તો ગુજરાતીમાં તાકાત જ નથી એવું કહેનારા ગુજરાતીઓ ભારી લઘુગ્રંથિના ભોગ બન્યા છે. રવીન્દ્રનાથ ગુજરાતીની પકડથી પર છે તે તો અમદાવાદની પચીસેક વર્ષ પૂર્વેની એક સાહિત્યપરિષદ જેટલો જુનો વહેમ છે. પણ આજે પ્રવર્તી રહેલા કેટલાક નવીન વહેમો તો વિશેષ ભયાનક છે. બંગાળી બાની સાથેનો જે જીવન્ત સંપર્ક છેલ્લા બેએક દાયકા દરમ્યાન આપણા કેટલાક શિક્ષિતોએ શાંતિનિકેતનની સંસ્થા દ્વારા બંગાળી નૃત્યકારો ગીતકારોના ગુજરાત ખાતેના સન્માનિત—ઘણીવાર તો વધુ પડતા શ્રીમંતસન્માનિત—આગમન દ્વારા મેળવ્યો છે અને કેળવ્યો છે તેણે આપણામાં બંગાળી બાની, કાવ્ય, નૃત્ય અને સંગીત વિષેની મુગ્ધતા ભલે ઊભી કરી, જ્યાં જ્યાં સૌંદર્ય છે ત્યાં ત્યાં મુગ્ધભાવ સહજ છે, આદરણીય અને ઇષ્ટ પણ છે, પરંતુ એ મુગ્ધભાવનો પ્રત્યાઘાત આપણામાંના અનેક મોહાંધોનાં હૃદયોમાં, ગુજરાતી બાની તો કંઈ નથી, ગુજરાત પાસે તો સંગીત નથી, ઢાળ નથી, નૃત્ય નથી, બધું ફિક્કું ને ફચ છે, રંક અને નિષ્પ્રાણ છે, વગેરે વગેરે લાગણીઓ રૂપે પડે તો તેના જેવું ગંભીર બીજું કોઈ ભયસ્થાન નથી.

છેતરામણું શબ્દસામ્ય

બંગાળી વાણીના ગાઢ બનતા જતા સંપર્કે તો આ ઉપરાંત પણ એક એવું જોખમ ઊભું કરેલ છે, કે જે હિન્દી મરાઠી વગેરે અન્ય કોઈ ભારતીય ભાષાને વિષે આપણામાં સંભવિત નથી. એ છે બંગાળી બાનીનું સભાન અભાન અનુકરણ બની બેસવાનું જોખમ. પ્રથમ તો બાંગ્લા ભાષા ઉચ્ચારણે ઓકારવંતી છે, ને બીજું એના

ને આપણા શબ્દો સમાન હોવા છતાં ય એ શબ્દોના ગુજરાતી બંગાળી ઉચ્ચાર તદ્દન ભિન્ન હોય છે. આપણે જે શબ્દને "વેદના" કહી ખાસ કશા સ્વરભાર વગર ઉચ્ચારીએ તેજ શબ્દને બંગાળી બાનીમાં 'બેદોના' એમ બોલે! ઉપરાંત સ્વરભાર પણ સાવ જુદો! એ બાનીના મરોડ, લય, લઢણ આપણાથી તદ્દન ન્યારાં છે. પરિણામે બંગાળી કાવ્ય અથવા ગાનના શ્રવણથી આપણી કર્ણેન્દ્રિય પર ગુજરાતી–બંગાળી વચ્ચેનાં શબ્દસામ્યની એક એવી ભ્રાંતિ ઊભી થાય છે, કે પછી આપણે ગુજરાતી બાનીને પણ બંગાળી મરોડો આપતા થઈએ છીએ. બંગાળી–ગુજરાતી શબ્દો વચ્ચેનું આ છેતરામણું સામ્ય ખૂબ સાવધાની માગે છે. ઉભયનાં ઠસ્સા, રૂપ, લાવણ્ય, માર્દવ અને ઓજસ્ વચ્ચેનો આ ભેદ બરાબર સમજી લેવો રહે છે.

લઘુગ્રંથિ છોડીએ

આ સમજને અભાવે ગુજરાતી કવિતાકારોને બંગાળી હલકે શબ્દો ગૂંથીને કાવ્યો રચવાની ટેવ પડતી ઠેકઠેકાણે જોવાય છે. ગુજરાતી પદબંધોનું આ ઢેઢબંગાળીપણું કેટલું બેહૂદુ લાગે છે! કેટલું કર્ણકટુ! કેટલું અસ્વાભાવિક! ભાષા એ તે શું નર્યો શબ્દકોષ છે? ઉચ્ચારણનાં સૂક્ષ્મતમ લયલઢણોથી મંડિત ગુજરાતી બાની કોઈ અન્ય પ્રાંતભાષાના તેજપુંજમાં અંજાઈ જઈ આત્મતિરસ્કાર અનુભવતી બને એ તો અસહ્ય છે. ગુજરાતીનું સૌષ્ઠવ તો અનેરું છે. આપણી પ્રાંત-બોલી તો મર્માળી છે. એની શક્યતાઓને પણ કોઈ સીમા નથી. પરઘરનું જે કંઈ ગ્રહવા જેવું લાગે તે એ સુખેથી મોકળે મને ગ્રહે, પણ જેટલું ગ્રહણ કરે તેટલાને જો આત્મસાત્ કરી લે, પોતાના પ્રાણ-તત્ત્વમાં પચાવી પુનરુચ્ચરિત કરે, તો જ ગુજરાતીની સંપત્તિ વધે, નહિતર દાસીપણું અને દાળદર જ ઘર ઘાલશે.

મને સંતોષ છે કે કવિવરનાં અહીં ઉતારેલાં કાવ્યોને મેં આત્મસાત કરીને પછી પુનરુચ્ચારણ આપવા પ્રયત્ન કર્યો છે, અને એ

પ્રયત્ન એ માર્ગે પાછો પરિશ્રમયુક્ત પ્રયત્ન મટી જઈને સહજતાનું સુખ સંપડાવી શકયો છે. અમદાવાદ ખાતેના મારા એક સમારંભના પ્રમુખપદેથી મારા ચિરસન્માનિત અને ગુજરાતના પણ લબ્ધપ્રતિષ્ઠ પ્રો. દાવરે જે કહ્યું તે યથાર્થ હતું કે આ 'ટ્રાન્સલેશન' નથી પણ 'ટ્રાન્સફ્યુઝન' છે. અર્થાત અસલ કૃતિને હૃદયમાં એકાકાર કરી લીધા પછી નવેસર નીપજાવેલ કૃતિઓ છે, આ અભિપ્રાયને પ્રમાણિત ગણીને હું શિર પર ચઢાવું છું.

છંદવાહનની પસંદગી

આવો દાવો કરવા ટાણે નથી ભૂલતો કે અનુવાદકનું એક વિશેષ કર્તવ્ય, મૂળની રચનાનો પ્રસાદ, ઓજસ્, માર્દવ વગેરે જે હોય તેને પણ રૂપાન્તરમાં રજુ કરવાનું છે. એક નિયમ અને બંધન તરીકે આ વાત ધ્યાનમાં રાખવા જેવી છે. પરંતુ અનુવાદ રચવા ટાણે, એટલે કે એ ક્રિયા ચાલતી હોય તે દરમ્યાન આ નિયમનું સતત સ્મરણ રાખતા રહેવું અને શબ્દો ગોઠવતા જવું એ તો મૂળ નિયમની જ વિડમ્બના કરવા બરોબર છે. અનુવાદ કરવો એટલે શું શું કરવું તેનું જ્ઞાન ઘણું વહેલું આવશ્યક છે. ક્રિયાને ખુદને ચાલુ કરવા ટાણે તો એનું અભાન જ શ્રેયસ્કર છે. ક્રિયાટાણે તો અનુવાદકે મૂળ કાવ્યની સાથે સાધેલું પોતાનું તાદાત્મ્ય જ એકલું કારગત બને છે. મૂળ એ વાહક છે અને અનુવાદક એ વાહન છે, અગર તો મૂળ એ બજવૈયો છે ને અનુવાદક એ બંસી છે, એ પણ પૂર્ણ સત્ય નથી. પોતાની જાતને મૂળ સાથે એટલી તદાકાર કરી નાખવી પડે છે કે વાહક અને વાહન અથવા વાદક અને વાદ્યના વિભેદો લગભગ લુપ્ત થઈ જાય. અસલનાં ઓજસ્ પ્રસાદ અથવા જે કંઈ હો તે સર્વ, છંદોરચનાની દૃષ્ટિએ તેમજ ભાવપ્રાકટ્યની દૃષ્ટિએ, આવી તદાકાર વૃત્તિને પરિણામે જ આસાનીથી આવી રહે છે. છંદોવાહનની પસંદગી પર આ સફળતાનો કેટલોક આધાર બેશક રહે છે. સંસ્કૃત વૃત્તોમાં જ રચાયેલી મૂળ કૃતિઓ જો ગુજરાતીમાં ઉતારવાની

હોય તો એ વાહન માત્રને અપનાવવાથી મોટે ભાગે પ્રશ્નનો ઉકેલ આવે છે. પણ કવિવરની બંગાળી છંદોરચના આ દિશામાં આપણને મદદ કરવાને બદલે મૂંઝવણકર્તા બને છે. એમના છંદબંધોની નિકટમાં સગપણ ધરાવી શકે તેવાં છંદોવાહન ગુજરાતીમાં છે નહિ. પરિણામે આપણે તો જેમ અંગ્રેજી અથવા હરકોઈ પરદેશી ભાષામાં ઉતારવા બેઠા હોઈએ તેવો અનુભવ બંગાળીમાંથી ઉતારવા વેળા થાય છે. આપણું નવું વાહન પસંદ કરવામાં ખૂબ સાવધતા જરૂરની છે. અસલના ઓજસવંતા છંદની સરસાઈ કરી શકે તેવો છંદ કે ઢાળ ગુજરાતીમાંથી પકડવો પડે છે. દાખલા તરીકે 'પડછાયાનો પ્રેમ' (પા. ૮૦) માં મેં વાપરેલ ઝૂલણાં છંદ અસલની ઓજસવંતી ભયાનકતાનું વહન કરનાર તરીકે મને તાકાતદાર લાગ્યો. મૂળ 'બંદી વીર'નો પ્રતાપવંતો રવીન્દ્રસિદ્ધ બંગાળી છંદોબંધ જેને પોતાની નજીક ઢૂકવા આપે એવું વાહન મને વૃત્તબંધોમાંથી સહેજે ન લાધ્યું, એટલે મેં એ કવિશ્રી નાનાલાલે ગુર્જરદેશનું દર્શન કરાવવા યોજેલા નમણા છંદબંધને ભેટે આયુધો બંધાવીને 'ગૃહો નાનાં નાની શી પોળ'માંથી સીધો સમરાંગણમાં દોરી આણ્યો છે.

લોકોત્તરતાનાં લક્ષણો

રવીન્દ્રનાથની લોકોત્તરતા મુખ્યત્વે શામાં રહી છે? એ મને એની સર્વતોમુખિતામાં રહેલી લાગે છે. સર્વતોમુખી અને એટલા જ સર્વતોભદ્ર. કવિ એટલે સર્વગામી, પારગામી, એ આદર્શનું પાલન આજે તો રવીન્દ્રનાથે કરી બતાવ્યું છે. 'જાગેલું ઝરણું'થી લઈ મેં એની સર્વતોમુખીના એક પછી એક નમૂના બતાવ્યા છે. થીજેલું કાવ્ય-નીર સૂર્યને પ્રથમ કિરણપાતે પ્રવાહી બની ઊઠીને ભૂતળનાં પડો પછી પડો ભેદતું આગળ વધે છે. વાતગીતો અને રંગ અનંતા એના ઉરમાં માતા નથી. સ્વપ્નો નયનમાં સમાતાં નથી, અને એ મુક્ત માર્ગે પોતાને જે કોઈ મળે-પંખી, ઈંદ્રધનુ કે સૂર્ય-તેમાંથી

ગીતો વીણતા જઈ, માનવલોકની તપ્ત ભોંયને પલાળતા શસ્યવતી કરતા જઈ, આખરે તો મહાસિંધુનાં જ તેડાંને સાદે સાદે પરબ્રહ્મમાં સમાઇ જવાની જ એને લહેર લાગી છે.

ઝાકળબિંદુએ સૂર્ય ઝીલ્યો

ઝાકળના બિન્દુની માફક પોતાના માનવજીવનની, માનવશક્તિની નાનપ કવિને રડાવતી હતી. સૂર્ય સમાન મહાશક્તિનો કાવ્યપ્રસાદ એમને અપ્રાપ્ય લાગતો હતો, પણ એ મહાસત્ત્વનો પોતે આખરે પોતાના લઘુ પ્રાણમાં તદાકાર થતો અનુભવ્યો. તાત્પર્ય એ છે કે કવિતાકાર એક નમ્ર ઉપાસક છે, પણ પરમતત્ત્વનો સ્પર્શ પામવાને એની જંખના જો સાચેસાચ આર્તનાદે ભરી હોય, તો પછી સંદેહ નથી, કે એ મહાસત્ત્વ ઝાકળના નાનકડા ટીપામાં આવીને સમાઈ જતા વિરાટ સૂર્યની માફક, લઘુ માનવીમાં આવી સમાય છે.

કવિપ્રાણનાં બે વિહંગો

પણ માનવીની અંદર બે પંખીઓ જેવા બે અંશો વચ્ચે ગડમથલ ચાલુ છે. એક અંશ ગગનાંગણે વિહરનાર બંધનમુક્ત છે. બીજો અંશ પોતાની આસપાસના સંજોગો, મર્યાદાઓ, સંસ્કારો અને આદતોના પીંજરમાં પૂરાયેલ છે. બન્ને વચ્ચેનો મેળાપ તો થાય છે, બન્ને અંશો એકબીજાને ચાહે છે, પણ બન્ને પોતપોતાની સ્થિતિને સુખપ્રદ સમજીને આમનસામન ભેગા આવી રહેવા સમજાવે છે. કવિવરની જીવનકળા આ ઉભય અંશોથી વસાયેલી છે. ઝકડાઇ રહેલ જીવન–તત્ત્વને એ અસત્ કે અનિષ્ટ નથી કહેતા, છે તો એ પણ પંખી, મધુર પંખી, પ્રણયાતુર પંખી; પણ લાંબા કાળની આદતોએ એને મુકત વિહારને માટે નાલાયક બનાવેલ છેઃ પોતાનાથી બહાર જઇ નથી વિહરાતું તે બદલ એ પોતે વિલાપ કરે છે. મુક્ત અંશ એને પ્રોત્સાહિત કરવા શું શું નથી અજમાવતો ! એ મુક્ત અંશને હું રવિબાબુનું કવિ–સત્ત્વ સમજું છું.

પૃથ્વી પ્રત્યેનું ગાઢ મમત્વ

એ કવિ–ચંડૂલ વનગમનનું વિહારી હતું પરંતુ તેથી એ કાંઈ પૃથ્વી પ્રત્યે વિમુખતા નહોતું ધારણ કરી બેઠું, આ ધરતીનો ખોળો તો કવિવરને કોટિ વર્ષો સુધીની મોજ કરાવતા સ્વર્ગ કરતાં પણ વધુ વહાલો છે. એનું કારણ 'સ્વર્ગેથી વિદાય'માં સાંપડે છે. પૃથ્વી ચાહે તેવી 'દીનહીના મલિના' હો, છતાં તેને નયણેથી પોતાનાં સંતાનોને કાજે અશ્રુધારા વહે છે. આ તો એમણે ઘણું મોટું તત્ત્વ કહી નાખ્યું છે. સ્વર્ગનો અપરિમિત અને એકધારો આનંદ એ કવિનું લક્ષ્ય નથી, કવિને મન તો એ ઊતરતું તત્ત્વ છે. એણે સહાનુભૂતિજન્ય સ્નેહવ્યથાને ઊંચે બેસણે બેસારી છે. 'સ્વર્ગેથી વિદાય' એ મારે મન તો આ માનવ–ધરતીનું મહિમ્નસ્તોત્ર છે. રવિબાબુનો આદર્શ જનકવિ પણ 'કવિનું વય પા. ૪૧'માં વાંચીએ છીએ તે મુજબ, બુઢ્ઢો બન્યા છતાંય, પોતાના પરલોકનો વિચાર કરવો ન બેસનાર, પણ એક બાજુથી પૃથ્વીની પુષ્પિત નિકુંજમાં મળનારાં પ્રણયી યુગલોની હૃદયગોષ્ટિને પોતાના વીણા–તાર પર ચડાવનાર અને બીજી બાજુથી એજ પુષ્પિત કાનનને સામે પાર સ્મશાનની ભયાનક એકાંત વચ્ચે આવી ઊભનાર સંસારવિરાગીના પ્રાણમાં આત્મગાન પૂરનાર એવા સર્વકોઇના સમાન બાંધવનો આદર્શ છે. કવિની દષ્ટિમાં પ્રથમ પ્રણય અને આખરી વીતરાગપણું એ બન્નેને ગાવાં એ પરમ કર્તવ્ય છે. એની નજરે નાના મોટા કે ઊંચા નીચાનો ભેદ નથી, એટલે જ રવીન્દ્રનાથ જેવા સમૃદ્ધિખોળે ઊછરેલા અને બૌદ્ધિક, આત્મિક તેમજ સાંસારિક અમીરીના લાડલા સંતાનની વીણા પર 'હતભાગીઓનું ગાન' (પા૦ ૧૫) અજબ રીતે ઊછળી ઊઠે છે. માતા અલક્ષ્મીનાં–કંગાલિયતનાં માનવબાળકોની, પ્રારબ્ધને પડકાર દેનારી વિરલ કોઈ ખુમારીને છંદોબદ્ધ કરતું એ ગાન હતાશા, સર્વનાશ, અપમાનિત દશા અને સામાજિક અન્યાયની અઘોરતા આદિ ભાવોને કેટલા દર્પથી ભરે છે!

જનતા જનાર્દનનો યશગાયક

એ 'ભારતતીર્થ'ને ગાય છે, ત્યારે પણ પોતાના પ્રાણને ધારેધીરે–મિજાજ કરીને નહિ!–જાગવાનું કહે છે. પણ એ ક્યાં જાગવાનું! 'ભારતભૂમિને લોકસાગરતીરે'. એકલવિહારી અમીરાતનું આ ફરજંદ રવીન્દ્રનાથ 'લોકસાગર'ના ઘૂઘવાટો સન્મુખ નમે છે, અને જુદીજુદી દેશી–પરદેશી માનવ–જમાતોને ભાંગીને ઘડી નાખેલા એક વિરાટનું જ ઉદ્બોધન કરે છે. ઘણાને આશ્ચર્ય થશે કે રવીન્દ્રનાથને કંઠે આવો જનતાવાદ! સંભવી શકે છે શું!

વ્યક્તિ–ધબકારાનો ઝીલનાર

એ જનતાવાદ, એ સંઘવાદ અને સમષ્ટિવાદની વચ્ચે પાછી માનવી નામની એક નાનકડી વ્યક્તિનાં એકલવાયાં ઉરસંવેદનોનો કવિને અનાદર તો નથી પણ વિશિષ્ટ પ્રકારનો, અતિ–અતિ કોમળ સમાદર છે. મુએલી માને આકૃતિથી યાદ ન કરી શકતો પણ સ્વરો, સુગંધો અને રૂપો દ્વારા માના ભણકારા અનુભવતો જે બાળક એણે 'કોઇ દી સાંભરે નૈ મા મને કોઈ દી' સાંભરે નૈ'ની એ ત્રણ જ કલ્પનાઓમાં આપણને બતાવ્યો છે, અથવા તો 'આવજે વા'લી બા' માં જે બાળકને મૃત્યુ બાદ પણ માતાની આસપાસ ઘૂમતો–haunt કરતો જુદાં જુદાં નિસર્ગરૂપે રજુ કર્યો છે, તેમાં કવિવરનો વ્યક્તિપ્રાધાન્યવાદ રણકે છે. અરે, હતભાગીનાં ઘોર હાહાકાર–ગીતો ગાનાર કવિએ ચુંબન, બાહુ અને હૃદયાકાશ જેવાં પ્રમત્ત શૃંગાર–કાવ્યોને લેશ પણ સંકોચ વગર, ભારોભાર ઉત્કટતા સાથે આપ્યાં છે. રે માનવી! રે ચોખલીઆ! સૂતકી! શરમાળ! જીવનના સર્વતોમુખી રસાસ્વાદની પ્રબલ તાકાતનો ઇન્કાર થઇ શકશે કદી? જોબનને જેણે આટલી ઉત્કટતાથી ન માણ્યું હોત તે કદી શું આપણને તેટલી જ ઉત્કટ કામવિલોપનની લાગણીને 'અભિસાર' માંહેના યોગીના પાત્રમાં મૂર્ત કરી આપી શકત? પ્રતિજ્ઞાપાલન માટે બે વિરોધી પ્રાણકર્તવ્યની સંક્રામણ

વચ્ચે સોડ તાણી મરી ફીટનાર અજમેરિયા ગઢપાલ દૂમરાજનો આદર્શ (પ્રતિજ્ઞાપાલન પા૦ ૨૭) ઊભો કરી શક્ત? શીખ વીર બંદાને સરજાવી શક્ત? 'નવી વર્ષા' જેવા કાવ્યમાં મત્ત મયુરની માફક પૃથ્વી–ગગન ઉભયના પાલવડાને ભરતા ગેહેકાટ સુણાવી શક્ત? એ કાવ્યમાં તો એણે મનોરાજ્યમાં નિહાળેલાં વર્ષા–ઋતુનાં દશ્યો પછી દશ્યોની જે ઝડી બોલાવી છે, તે માનવીના ઉત્કટતાપૂર્ણ પ્રણયસુખાનુભવ, વેદનાનુભવ કે સંયોર્મિ–અનુભવથી જરીકે વેગળી કે જુદી નથી. એવો માનવ, એવો સર્વતોમુખી અને સર્વતોભદ્ર માનવ જે કાંઈ ગાશે 'તેમાં સ્નિગ્ધ સજલ નીલાંજને આંજેલ આંખડીનો જ પુલકાટ' જ હશે અને અષાઢી મોરના થનગનાટ હશે.

લગાર અનુભવની બારી ઊઘડી

વ્યક્તિનું વ્યથા–ગાન કવિએ 'નવી વહુ'માં (પા. ૯૧) ગાયું છે તે પણ કવિવરની કનેથી આશા ન રખાઈ હોય તેવું છે--અથવા બીજી રીતે કહીએ તો સાચા કવિવરોની કનેથી જ જેની અપેક્ષા રાખી શકીએ તેવું છે. શહેરની ચાલીના એક અંધારિયા ખંડમાં પરણીને આવી પડેલી ગ્રામ્ય બાલિકાને કાને પહેલા જ ભણકારા 'જલ કે ચલ'–'એલિ ચાલ્ય પાણીડાં રે' એવા સહિયર–બોલના પડે અને એ ગ્રામ્ય બાલાનો વેદના–ચિતાર, એક તરફથી ગ્રામજીવનના શૈશવ-વેળાના અનુભવ અને બીજી તરફ શહેરી ચાલી–જીવનની સંકુલતા એ બેઉને પડખોપડખ મૂકી દઈને કરી આપે, એ રવીન્દ્રનાથથી ન થયું હોત–જો પોતે 'આર્ષદ્રષ્ટા' અને 'સર્વવિદ્' કવિ ન હોત તો. કોણ જાણે કોઈક ક્ષણિક અનુભવની બારી ઊઘડી હશે, એમાંથી કવિને આવી કોઈક બાલિકાના શહેરી ચાલીરુંધ્યા જીવનની ઝાંખી માત્ર થઈ હશે, અને યુગો પૂર્વેનાં અવશેષ–ખોદાણો કરનારા કોઈ પુરાતત્ત્વવિદ્‌ની metrital exactitude માપબંધી ચોકસાઈથી, તલપૂર્ણ અણિશુદ્ધતાથી એક યુવતીનું સમગ્ર જીવનચિત્ર કવિવરે સાક્ષાત કર્યું હશે.

નિગૂઢતાવાદી કાવ્યો

એવી એની શિલ્પસિદ્ધતા અને આર્ષદૃષ્ટિ, અનુભવની ઉત્કટતા, સંઘોર્મિસ્પર્શ તેમજ વ્યક્તિસંવેદનશીલતા ઉપરાંત એક તત્ત્વ એમની કાવ્યસૃષ્ટિમાંથી નવું નજરે પડે છે. એને આપણે રહસ્યવાદ કહેશું? નિગૂઢતાવાદ નામથી ઓળખશું? કે આજે ખાસ કરીને હિન્દી કાવ્ય-સાહિત્યમાં તેમજ કેટલે અંશે ગુજરાતીમાં પણ હાંસીપાત્ર અનુકરણથી હિણાઈ દુણાઇ રહેલ એવા છાયાવાદ, માયાવાદ કે મિથ્યાભાસવાદ નામે નિરુપીશું? એની સમજને સારુ આટલાં કાવ્યો વાંચી જવા જેવાં છે: ગુપ્ત પ્રેમ (પા. ૭૮): તલવારની ભેટ (પા. ૧૦૭): નવે વેશે (પા. ૧૦૯): આવાગમન (પા. ૧૨૭): ચુકાયેલી ઘડી પા. ૧૨૩)? કાનમાં શું રે કીધું (પા. ૧૨૬) આ બધાંમાં કોઈ એક સ્ત્રી કોઈ એકાદ પુરુષ માટે તલસે છે, અંતરમાં પ્રણય સેવે છે, કાં તો પ્રિયમિલન પામી શકતી નથી અથવા તો મેળાપસુખ ભોગવી લીધા પછી ચાલ્યો ગયેલો એ મધુર પ્રણયી કોઈ ને કોઈ ભીષણ વેશે, વિરક્તને વેશે, દુઃખને વેશે જીવનદ્વારે પુનઃ આપત્તિ લઇને આવે છે. કાં તો કોઈક ગામનાં માનવી ગાફલ બનીને સૂતાં હોય છે અને એકાએક રાજાજી મહારાજ આવી ચડે છે, કે જેના સ્વાગતનું આયોજન તૈયાર નથી હોતું.

રમ્ય ને ભયાનક જીવનસ્વરૂપો

બંગાળામાં પણ કવિવરનાં આવાં રહસ્યવાદી કાવ્યો સખ્ત ટીકાને પાત્ર બનેલાં. સ્વ. કવિ દ્વિજેન્દ્રલાલે તો એને અનીતિગત ભાગેડુ પ્રણયનાં પાશ્ચાત્ય ગીતોની નકલો કહી ભાંડેલાં. બીજો વર્ગ એને આપણા ગોપીભાવને મળતા પ્રભુભક્તિવાદની કૃતિઓ કહીને ઓળખાવે છે. માનવાત્માની પ્રભુપ્રાપ્તિ માટેની આરઝૂઓ વિફલતા વગેરે જે જે સ્વરૂપોને ધારણ કરે છે તેનું અહીં નિરુપણ થયું મનાય છે. પણ આ તકરારમાં નહિ ઊતરતાં આપણે તો કેવળ રસદર્શનને મદદ કરે તેટલા જ પૂરતી વાત નોંધપાત્ર સમજશું, કે કવિવરે

આમાંનાં કેટલાંક ગીતોમાં પ્રભુનું—અથવા પ્રારબ્ધ કહો તો પ્રારબ્ધનું, નિર્મિતિ કહો તો નિર્મિતિનું, રમ્ય સ્વરૂપ તેમજ ભયાનક સ્વરૂપ, સુખોપભોગ કરાવનારું તેમજ દુઃખો દેનારુ સ્વરૂપ, એ બેઉની આખરી મંગલતા ગાઈ છે. જેમ જીવન અને મૃત્યુને એમણે વિશ્વજનનીનાં જમણું ને ડાબું એવાં બે સ્તનો કહ્યાં છે, તેજ રીતે જીવનના આનંદો ચખાડનાર તેમજ પાછળથી નષ્ટભ્રષ્ટ બની ગયેલ જીવનને સાંડવડે આવી ઊભનાર પ્રારબ્ધ—સત્ત્વને એમણે એકજ કહ્યું છે. જીવનના આનંદો લૂંટનાર માનવીએ જીવનની આહૂતિ પણ એટલાજ ભાવભરપૂર હૃદયે આપવાની છે, એ ઉભયમુખી અનુભવો જીવનની લહાણુ જ છે, અને એ લહાણુ દેનાર સત્ત્વ એકનું એક છે. આપણને તો ઘણુંયે જીવનનિયંતાના હાથમાંથી નર્યા નિર્ભેળ આનંદ અને સુખસગવડ રૂપી ફૂલમાળા જ જોઈએ છે, પણ એ હાથ આપણે સારુ ધગધગતી વજ્રતલવાર જ મૂકીને અદૃશ્ય બને છે. એ તલવાર ધગધગતા અગ્નિરસની છે, એટલે એનું મ્યાન બને તેવું કોઈ સ્થાન આ સંસારમાં છે નહિ—તાત્પર્ય કે પોતપોતાની અંતર્દાહિની મનોવ્યથાને ઠાલવવાનું અથવા તો આપણને એ વ્યથામાંથી મોકળા કરાવી આશરો આપનારું કોઈ ઠેકાણું નથી રહેતું, ત્યારે તો આપણું પોતાનું હૃદય જ એ નિર્મિતિ—અર્પ્યાં હથીઆરને સંઘરવાનું ઠેકાણું રહે છે. એ વડે જ આપણે લડવાનું છે. એ લડાઈ સાંગોપાંગ લડાતી જ રહેશે—સ્વામીનો તો ફરી મેળાપ સુદ્ધાં નહિ થાય. તેના મેળાપ માટેના વલવલાટ પણ આપણે ત્યજી દેવા પડે, એના મિલન માટે આપણે ચાહે તેવી મૃદુ શણગારસજાવટો કરી રાખી હોય છતાં, અને જીવનસાફલ્યની એ તક વારંવાર આવતી હોવા છતાં આપણે પોતેજ એનો હિંમતભેર લાભ ન લઈ શકીએ (જુઓ 'ચુકાયેલી ઘડી') પછી ફોગટ રાહ જોઈને બેસીએ-એ રીતે આપણે જીવનના અર્થમાં આ ગીતોને લઈએ તો ઊંડી તકરારમાં ઊતર્વાનું જોખમ ખેડવું પડશે નહિ અને રસાસ્વાદ સાંપડી રહેશે.

વ્યક્તિપૂજાની વિફલતા

આવા પ્રાણવંત ભાવોથી સાહિત્યને અનરાધાર વર્ષાએ પ્લાવિત કરી ગયેલ વાણીના સ્વામીની પ્રસાદી ગુજરાત સમક્ષ, અને ગુજરાતને નિજનાં લાગે તેવાં સ્વરૂપે મૂકવા બદલ હું ધન્યતા અનુભવું છું. બંગાળી કવિતા કલા કે સાહિત્ય પ્રત્યેનો વ્યામોહ આના કારણરૂપ લવલેશ નથી. રવીન્દ્રનાથ બંગાળી ન હોત તોપણ કશો ફેર પડત નહિ. એ તો કાલિદાસ ભવભૂતિ અને ભાસની જમાતમાં બિરાજતા લોકોત્તર શબ્દસ્વામી છે. તેમને ગુજરાતે પ્રશંસ્યા અને પૂજ્યા છે તેટલા પ્રમાણમાં તેની વાણીને પિછાનવા અથવા આત્મસાત કરવાની મહેનત લીધી નથી. વિભૂતિની વ્યક્તિપૂજા નિરર્થક છે એટલું જ નહિ પણ હાનિકર છે. રવિબાબુનું નામ અને અર્ચન એક ફેશન બની રહે તેથી નથી તો બંગાળે મલકાવાનું કે નથી એ ફેશનના ઉપાસક ગુજરાતીઓએ ફુલાવાનું. એ વ્યક્તિ તો હયાત પણ નથી. એની વાણી એજ આપણી મૂડી અને સમૃદ્ધિ છે. એ વાણીનો વારસો, બીજા આપણા અઢળક વારસાની જોડાજોડ, આપણો કરી લઇએ. ફરી કહું છું કે એને પરપ્રાંતનકલી કોઇ ફેશનનું પાત્ર મિટાવી, અગર તો આપણી લઘુગ્રંથિને એના ચરણોમાં હાસ્યાસ્પદ અદાથી ઝૂકતી અટકાવી એનું વાઙ્મય જેટલા પ્રમાણમાં આપણું-ગુજરાતનું બની શકે તેટલા પ્રમાણમાં જ એને વટાવીએ. પણ તે ગુજરાતીતાને ભોગે તો હરગિજ નહિ.

આ પ્રયોગો જેમ જેમ થતા જતા હતા તેમ તેમ તેને તપાસી જઈ અને તેનુ શ્રવણ કરતાં કરતાં ક્ષતિઓ બતાવવા સાથે પ્રોત્સાહન દેનારા મારા સ્નેહી અધ્યાપક શ્રી સવાઈલાલ ઈશ્વરલાલ પંડયાનો હું સદા ઋણી રહીશ. મારા નાનકડા નિવાસ-ગામમાં એમના જેવા વિવેકવંતા ઠાવકા સમાનધર્મીનો સુયોગ થવો એ પણ એક સદ્ભાગ્ય છે.

પુસ્તક છપાતી વેળાનો અમદાવાદ ખાતેનો લાંબો નિવાસ મિત્રો,

સ્નેહીઓ તેમજ પ્રજાજનોની હૂંફે કરી યાદગાર રહેશે. તેમાં પણ વીશ-બાવીશ વર્ષોથી મોટા ભાઈનું સ્થાન સાચવી રહેલા શ્રી રવિશંકર રાવળના ઘર 'ચિત્રકૂટ'નાં સ્મરણો આ સંગ્રહ સાથે સવિશેષ મીઠપથી જોડાયેલાં રહેશે; અને ચિત્રકૂટનું સ્મરણ એટલે કે ઘરનાં નર નાર અને બાળકો, નાનાં અને મોટાં સર્વ જનોનું સ્મરણ.

સમગ્રતાની દૃષ્ટિએ મારા અન્ય સંગ્રહોમાંથી પણ આગલી રવીન્દ્ર-અનુકૃતિઓ અહીં શામિલ કરી લીધી છે.

ચિત્રકૂટ
એલીસબ્રીજ, અમદાવાદ
તા. ૭-૯-'૪૪

ઝવેરચંદ મેઘાણી



નિવેદન : બીજી આવૃત્તિનું

આ કૃતિઓ ધારણા પ્રમાણે સારો એવો લોકાદર પામી છે. મારું એ સદ્‌ભાગ્ય છે.

વિવેચક બંધુઓએ આ રચનાઓને ચોમેરથી વધાવી છે અને તેનું કડકપણે મુલ્યાંકન કર્યું છે. એ કારણે તો તેમની પ્રશસ્તિ મારે મન અધિક આદરણીય બની છે.

કોઇ કોઇ વિવેચકે ક્ષતિઓ બતાવવા જતાં આ કવિતાઓને ભાષાન્તરદષ્ટિએ કસવાનો પ્રયત્ન કર્યો છે. મેં તો પહેલેથી જ ખુલાસો કર્યો છે કે આ શબ્દશઃ અનુવાદ છે પણ નહિ તેમ તેવો અનુવાદ કરવાનો મારો આશય પણ હતો નહિ. આ તો મૂળ રચનાઓના વીણા-રવનું અનુરણન છે. અનુવાદનો આ સાચો પ્રકાર છે. મેઘ-દૂતનું ભાષાન્તર કરનાર કિ. ઘ. ભટ્ટ કે બ. ક. ઠાકોરની પેઠે હું આ અનુવાદ કરવા નહોતો બેઠો.

રવીન્દ્રનાથની કૃતિઓનો અનુવાદ કેવો હોઈ શકે અગર કવિ-વરના પોતાના ખ્યાલ, પોતાની કૃતિઓના ભાષાન્તર સંબંધે કેવા હતા, તે સમજવું કયાં મુશ્કેલ છે! એમણે જ ઉતારેલ અંગ્રેજી ગીતાં-જલિ જોઇ જવી.

એટલે આ કૃતિઓની ચરમ કસોટી એક જ છેઃ સ્વતંત્ર રચનાઓ તરીકે એ કેટલો રસાસ્વાદ આપી શકે છે?

એનો જવાબ તો અગિયાર મહિનામાં મળી ગયો છે. હું સંતૃપ્ત છું,

આ આવૃત્તિમાં કેટલાક નાના દોષો નિવારેલ છે, છેલ્લી એક કૃતિ ઉમેરી છે અને ટિપ્પણ થોડું વધાર્યું છે.

ભારતી સાહિત્ય-સંઘ
૧૬, શ્રીમાળી સોસાઇટી,
અમદાવાદ
તા. ૯-૧૦-૪૫

ઝવેરચંદ મેઘાણી

જાગેલું ઝરણું

[ઢાળ – પ્રભાતનો]

કોણ જગાડે, કોણ જગાડે, આવીને કોણ જગાડે રે!
જુગ જુગોની નીંદ થકી મારા પ્રાણને કોણ જગાડે રે!
ગોમ – ગુફાની ગોદમાંથી મારાં નેનને કોણ જગાડે રે!

આંહીં ક્યાંથી પરભાતનું કિરણ
પેઠું ઘોર અંધારે રે?
પંખી કેરું ગીત ક્યાંથી
શરણાઈ લલકારે રે – કોણ જગાડે૦ ૧

થીજેલ મારા પ્રાણમાં જળની
ઝાલક કોણ ઉડાડે રે?
ફૂટિયા ક્યાંથી રંગકુવારા
ધધખ ધધખ ધારે રે – કોણ જગાડે૦ ૨

ધરણી કેરાં પડ ધ્રૂજે ને
ફાટ પડી ખ્હાડે ખ્હાડે રે,
ભેખડ કેમ ભેદાઈ રહી છે
આજ મારી ચોધારે રે! – કોણ જગાડે૦ ૩

ફીણ વાળા મારા નીર – ઘોડીલા
આકુલ થૈ ખોંખારે રે;

ઘૂમરી ખાતા રોષમાં તાતા
પાગલ પગ પછાડે રે - કોણ જગાડે૦ ૪

ખેસવો પાખાણ, બારણાં ખોલો,
નહિ રહું અંધિયારે રે,
પ્રાણ જાગ્યા પછી હામ કોની મુંને
પૂરવા પાતાળ - તાળે રે - કોણ જગાડે૦ ૫

લેર લાગી મુંને જંખના જાગી,
છૂટવા બંધન આ'રે રે;
ભાંગીશ પાખાણ, ભેદીશ અંધાર,
ભાર નથી કો'ના ડારે રે - કોણ જગાડે૦ ૬

મેઘ - ધનુમાં પાંખ બોળીને
ઊડીશ આરે આરે રે,
મોકળે કેશે દેશવિદેશે
દોડીશ લોમ પલાળ્યે રે - કોણ જગાડે૦ ૭

ગીત પંખીનાં ને વાત વાદળની
શીખવાના કોડ મારે રે,
સૂરજ કેરાં કિરણોમાંથી
હાસ્ય લઈશ હારે રે - કોણ જગાડે૦ ૮

વાત ગીતો અને રંગ અનંતા
માય નહિ ઉરે મારે રે,
સોણલાં નવ સમાય નેણાંમાં
સભર હું સુખભારે રે - કોણ જગાડે૦ ૯

કેમ કરી આજે જાગિયો આતમ
પૂરાયલ પતાળે રે;
શું રે થયું કાંઈ સૂઝ પડે નૈ,
ભેદ કોણ ભેટાડે રે – કોણ જગાડે० ૧૦

દૂર દૂરે મહાગાન સિંધુનું
કાન વિશે ભણકારે રે,
સાન પડી એનાં તેડલાં આવ્યાં,
કેમ રહું કારાગારે રે – કોણ જગાડે० ૧૧

[निर्झरेर स्वप्नभंग : प्रभातसंगीत]

***

[ઉપલું જ કાવ્ય લાવણીની લઢણમાં]

પૃથ્વી તણા પેટાળ મહીં કો' ઝરણું સળવળ થાય,
ચોગમ નજર કરન્તાં એનાં ચકિત નેત્ર લહેરાય
ખબર નવ પડે આ શું થઈ જાય!
આ શું મુજ ઉરમાં થનગન થાય!

૧

આ અતલ ઘોર ગહ્વરે, પ્રાણ મુજ પરે,
સૂર્ય – કર પડે, ખબર શી ક્યાંથી ?
આ ગુહા તણે અંધાર, પંખી – કિલકાર
પ્રવેશ્યા ક્યાંથી !
આ નવી જંખના, નવી પ્યાસ, કો' અવરૂંધન નવ માને,
આ દિલને શું થઇ ગયું, જાય નવ સહ્યું, રહ્યું નવ ભાને!

૨

આ થર થર કમ્પે પ્હાડ, મારી ચોધાર,
શિલા હલબલે, ફૂંકારે ફીણુ કારમા રોષે,
ચોગરદમ ઘૂમરી ખાય, છૂટવા ચા'ય,
હાય પણ દ્વાર જ ક્યાં છે !

૩

રે હાય દૈવ ! આ કેદ કેમ ?
પાષાણુ – ચણી આ જેલ કેમ ?
હું બંદીવાન જંજીર તોડીં,
મારીંશ છલંગ બાહેર દોડી.
હું લહર લહરની ગદા કરીને દઈશ ઘાવ પર ઘાવ,
આ હ્રદય મસ્તીએ ચડ્યું, મૃત્યુના માને કેમ રુકાવ !

૪

હું વિચરીશ જગ મોઝાર, કરુણા – ધાર સદા રેલવતું,
હું કરીશ ભૌમ તરબોળ, સલિલ – હિલ્લોળ હેતથી ઢળતું.
હું વિચરીશ છુટ્ટે કેશ, પાગલી – વેશ, પુષ્પ વીણુન્તું,
ને મેઘધનુષ – ટાંકેલ પાંખ પર ગેલ કરી ઊડન્તું.
હું શૃંગેશૃંગ કૂદીશ, હાસ્ય ઠલવીશ સૂર્યને કિરણે,
તાળી દૈ પૂરીશ તાલ, બજવીં કરતાલ વિહંગમ – સૂરને.

૫

મુજ અંતરમાં વાતો અપાર, ગીતો અપાર,
ચેતના – ધાર નવ માયે;
ઓ સુખ અપાર ! આંસુ અપાર,
સંચરાધાર છલકાયે.

૬

રે મને આ શું થઈ ગયું ! પ્રાણ કયમ જાગે !
રે પ્રાણ આટલા લઈ કોઈ કયમ કારાગૃહ નવ ભાંગે !
હું સુણું દૂરથી મહાસિંધુનું ગાન, કોઈ નવ રોકો !
આવે પ્રભાત, ઘો કરાઘાત, આખરી જોઈ દઈ ઝીંકો !

ઝાકળનું બિન્દુ

ઝાકળના પાણીનું બિન્દુ
એકલવાયું બેઠું 'તું;
એકલવાયું બેઠું 'તું ને
સૂરજ સામે જોતું 'તું;
સૂરજ સામે જોતું 'તું ને
ઝીણું ઝીણું રોતું 'તું. ૧

સૂરજ ભૈયા ! સૂરજ ભૈયા !
હું છું ઝીણું જલબિન્દુ;
મુજ હૈયે તમને પધરાવું
શી રીતે હે જગબંધુ ! ૨

તમે દૂર વાદળમાં વસતા
સાત અશ્વને કરમાં કસતા
બ્રહ્માંડોની રજ રજ રસતા
ઘૂમો છો બંધુ !

તમ વ્હોણું મુજ જીવન સઘળું
અશ્રુમય, હે જગબંધુ! ૩

જલબિન્દુ રે જલબિન્દુ!
ઓ નાજુક ઝાકળબિન્દુ!
સૂરજ બોલે, સુણ બંધુ!

હું તો ત્રિલોકમાં ફરનારો,
કોટિ કિરણો પાથરનારો,
ગગને રમનારો:

તેમ છતાં હું તારો તારો,
હે ઝાકળબિન્દુ!

તો ય મને તું વ્હાલું વ્હાલું
બાળા ભોળા, જલ બિન્દુ!
તુજ હૈયે હું પોઢી જાણું,
હે ઝાકળબિન્દુ! ૪

તુજ સરિખો નાનકડો થૈને,
તુજ અંતરમાં આસન લૈને,
ઇન્દ્રધનુની રમતો રમવા
આવીશ, હે બિન્દુ! ૫

તુજ જીવનમાં પ્રકાશ વાવું,
તુજ અશ્રુને હાસ્ય બનાવું,
હે નાજુક બિન્દુ! ૬

હસતે મુખડે સૂરજરાણા
જલબિન્દુમાં જઈ સમાણા :
રુદનભર્યા જીવનમાં ગાણાં
ગાઈ રહ્યું ઝાકળબિન્દુ. ૭

[प्रसाद : उत्सर्ग]



એ પંખી

[કાચબા – કાચબીના ભજનનો ઢાળ]

પીંજરાનું પંખી પીંજરે રે'તું ને વનનું પંખી વન,
એક દિ' દોયનાં મેળવ્યાં દૈવે અણધારેલ મિલન
વિધાતાના પેટની વાતું
શી હોશે, કેમ કે'વાતું !

૨

પીંજરાવાળાને વનવાળું પૂછે, 'આવને વન સંગાથ;'
'આવને અંદર વનવાળા ભાઈ, દોય રે'શું દિનરાત.'
'ના રે !' બોલ્યું વનનું વાસી,
'બંધાવાની વાત કીધી શી !'
પીંજરવાસી હાય પોકારે,
'શી રીતે હું નીસરું બા'રે !'

૩

વનના પંખીએ બા'ર બેસીને વન કેરાં ગાયાં ગીત!
માંહીં બેઠાં બેઠાં પીંજરાવાસીએ સંભળાવી રૂડી રીત
પોતાની પઢેલ સૌ વાણી,
ભાખા દોનું કેરી અજાણી.

૪

વનનું પંખી વીનવે રે 'વીરા, શીખ મારા વન-સૂર!'
'શીખને તું મારી પીંજરાની વાણી ભાવ થકી ભરપૂર!'
'ના રે! એ તો શીખવી વાણી,
મોજું એમાં નો'ય ગાવાની.'
નાખે હાય પીંજરાવાળું,
'ગાઉં શે હું વનનું ગાણું!'

૫

'પેખ વીરા મારા પીંજરાવાસી! આ આસમાની અંકલાશ,
'ભીંત નહિ, નહિ ભોગળ તાળાં, તર નહિ કે તપાસ,
'લેર્યું લેજે મેઘને ખોળે,
'પંખેરુ! પવન-હીલોળે.'

૬

'ના રે બાપુ, આ જો હેમમઢ્યાં મારાં પાંજરાં ચોખાં ફૂલ,
'બાજ બિલાડીની બીક નથી વળી ફળ મેવા ભરપૂર
'ચારે કોર જોઈ આ જાળી
'બંદોબસ્ત જાબદા વાળી!
'સારાય મલકથી ન્યારી
'મોજું આંહીં માણવી સારી.'

૭

'તારી જાળી માંહીં પાંખ પો'ળાવીને ઊડવા ક્યાં છે ઠામ;'
'હાય વીરા તારે વાદળ – ખોળે થાક ખાવા ન મુકામ
'ઊંચે જાતાં બીક બૌ લાગે;
'પડીએ તો પાંખ જ ભાંગે!'

૮

બેઉ વચ્ચે ઊંડી પ્રીત બંધાણી, તોય ના આવે પાસ;
ચાંચસું ચાંચ પરોવીને જાળીએ શ્વાસમાં રેડે શ્વાસ,
મૂંગાં બેઉ મીટ મિલાવે
વાણી તોયે હોઠ પર ના'વે.
આમાંસામાં શીષ હલાવે,
પાંખું કેરી ઝાપટ મારે.

૯

પીંજરાવાળું પોકારે 'પાસે આવ', વનવાળું પાડે ના,
'માંઈ પૂરી દૈને બાર ભીડે એવા ઘટમાં લાગે ઘા.'
પંખી પીંજરાનું પોકારે
'શક્તિ નવ ઊડવા મારે.'

[दुइ पाखी : सोनार तरी]

સ્વર્ગેથી વિદાય

મંદાર – માલા કરમાઈ કંઠે
ને ઓલવાયો મુજ ભાલ ચાંદલો
જ્યોતિ તણો, હે સુરલોકનાથ!
રજા લઉં સ્વર્ગથી; પુણ્ય મારાં
ખૂટયાં અને વર્ષ કરોડ કેરો
પૂરો થયો સ્વર્ગ તણો નિવાસ.
પ્રણામ મારા અયિ દેવવૃંદ!
જુહાર ઝાઝા પૃથિવી – પ્રયાણે.

૨

જાવા ટાણે આશ રાખી હતી મેં
કે ડોકાશે સ્વર્ગને નેન – ખૂણે
ઝીણી એવી સ્નેહની અશ્રુરેખા
ને એ ન્યાળી ધન્ય હું તો થઇશ.

૩

આંહીં પરંતુ નિરખું જડસુ કઠોર
ઊર્મિવિહીન સુખસ્વર્ગભૂમિ ઉદાસી,
મીટે ય એક નવ સ્નેહવ્યથાની નેત્રે.
જાઓ, રહો, સકળના અહીં એક ભાવ.

૪

અરે ખરે એક સૂકેલ પાંદડું
ને જેટલી પીપળ–ડાળ કમ્પે
ના એટલો યે અહીં છે ધ્રુજાટ
નિહાળતાં હું–સરખા હજારો
ખરી પડન્તા પલવાર માંહીં
ચોર્યાશી કેરે ભવ–ચક્ર ફેરે
પૃથ્વી પરે તૂટલ તારલા શા.

૫

એવી વ્યથા જો હત સ્વર્ગ–હૈયે
વિજોગ–છાયા પડતી હતે જો,
તો હાય નિઃશ્વાસ–ધગેલ ફૂંકે
બુઝાત આ અમ્મરજ્યોતિ–દીવડા.
ને પાંદડાં નંદન–વાડી કેરાં
ચિત્કારીને કંદત કોટિ–જીભે;
મંદાકિની ખાપડી જાત વે'તી
ગાતી હજારો કરુણાની ગોઠડી.

૬

વચ્ચે વચ્ચે ને વળી નૃત્યઘેલી
છંદે તાલે ડોલતી મેનકાનું
સોના કેરું ઝાંઝરું તાલ ચૂકી,
પાડી દેતે રંગમાં ભંગ પૂરો!
વીણા પેલી ઉર્વશીને હૃદેથી
પામી ધક્કો માયલી વેદનાનો

ઓચિંતી કદી ઊઠત કો'ક વેળા
આંસુ દેખા દેત દેવોની આંખે!

૭

હે સ્વર્ગ! નિત્યે હસતાં રહેજો!
પીજો સુધા કાયમ દેવવૃંદ!
હોજો છકેલાં સુખમાં સદૈવ!
અમે વિદેશી, અમ મર્ત્યભૂમિ
નથી ભલે સ્વર્ગ, તથાપિ મા છે,
એથી જ એને નયણે વહે છે
આંસુ, કદી જો દિન બે જ રૈને
કો જાય છોડી દિન બે જ માટે.
પાપી અપાપી ગુણી દુર્ગુણી હો,
કંગાલ હો ક્ષુદ્ર નગણ્ય હો વા,
એ સર્વને કાજ અખૂટ ખોળો
બેઠી પસારી પૃથિવી જનેતા;
સૌ કોઇ ને ચાંપત છાતીએ લૈ,
ગંદાં શરીરો શિશુનાં ભલે હો.

૮

ભલે તારે દ્વારે સ્વરગ! ઢળજો ધાર અમીની.
અમારે મર્ત્યોને ગનીમત થશે હાસ્યગમીની
સુખે દુઃખે ઘોળી જનનીઉર વાત્સલ્ય – ઝરણી
અમે અશ્રુનીરે પકવશું તહીં ધાન્ય – ધરણી.

૯

વિદાય લઉં, આશિષો દઉં તને અયિ અપ્સરા!

ન લેશ પણ ઝાંખજો ઉભય નેત્રના દીવડા
વ્યથા પ્રણયની થકી અવરને કજુ કોઇ દિ'.
ન કોઈ તણી પ્રીતનો ય તલસાટ લાધો તને!
કદીક પૃથવી પરે, દીનઘરે નદીને તીરે,
પ્રિયા જનમશે; તહીં ગરીબ ગામને પાધરે
હશે પીપરની ઘટા; મહીં રમન્ત મુજ પ્રેયસી
મધુ મુજ કજુ દિને પર દિને દિલે સંઘરી
હશે ઉઝરતી; સખી વ્રત લઇ નદી – કાંઠડે
ઘડી સુરતિ શંભુની પ્રતિ પ્રભાત માગી મને,
તરાવી સરિતાજળે દીવડલો સમી સાંજરે,
અકેલી ઊભી ઘાટપે હૃદય ધ્રૂજતું ગોપવી,
નિમગ્ન મુજ ધ્યાનમાં નિજ સુહાગ રટતી હશે.
પછી દિવસ એક ઢોલશરણાઈના શોરમાં
નમેલ નયને, લલાટ પર પીળ, શિર ચુંદડી,
ઘરે મુજ પધારશે ધડકતે વપુ લાડડી.
પછી સુખદુઃખો તણા ભરતી – ઓટ ભવસાગરે
હમેશ મચશે; છતાં મમ સીમન્તિની સેંથલે
ભરી સિંદુર, કંકણે કર સજી, ટીલી ભાલપે,
ગભીર ગૃહલક્ષ્મી ત્યાં પ્રકટશે બની પૂર્ણિમા
સુતેલ ભવસિંધુને જળ – તરંગ ઓશીકડે.
તદા સુરગણો! મને સ્મરણ આંહીં કેરું થશે
કદીક સુખસ્વપ્ન શુંઃ ઝબકી જાગીને રાત્રિયે
વિલોકી રહું ચંદ્રને ઝરમરન્ત અમ સેજમાં;
પ્રિયા સુતી હશે, હશે શિથિલ શોભતા બાહુઓ,
સરી ગઇ હશે નિવી; વળી રસાળ મમ ચુંબને

ક્ષણેક ચમકી પછી બથ મહીં ભીડીને મને
લતા શી ઢળશે ફરી શિર લગાવી મુજ છાતીએ.
લઈ ફૂલસુગંધ ને દખણ-વાયરો ડોલશે,
દૂરે ટહુકી ઊઠશે તરુઘટા વિશે કોકિલા
તદા સ્મરીશ સ્વર્ગને—

૧૦

હે દુઃખિની દીનહીના મલિના
અશ્રુભીની માવડી મર્ત્યભૂમિ !
ઝાઝે દા'ડે આજ ક્રંદી ઊઠયું છે
તારે કાજે ચિત્ત સંતપ્ત મારું.
તારું નીલાકાશ, તારો ઉજાસ,
તારો ખોળો ખૂંદતી લોકગીર્દી,
સિંધુ-તીરે રેત-મેદાન તારાં,
પ્હાડો માથે નિર્મળી હિમ-રેખા,
ઝાડો વચ્ચે સ્વર્ણ-સૂર્યોદયો ને
મીઠી સંધ્યાઓ નદીને કિનારે-
એકે એકે આજ જાણે છવાયે
મારા અશ્રુબિન્દુની આરસીમાં.

૧૧

ત્યાગી તુંને જે દિ' હું સ્વર્ગ ચાલ્યો
તે દિ' તારે ચક્ષુ ચોધાર ધારા
રેલી'તી ને થાન તારાં ભીંજ્યાં'તાં;
એ તો આજે છેક ગૈ છે સુકાઈ,

જાણું જાણું ! તોય આશા મને છે,
કે જે દા'ડે જૈશ માતા-ઘરે હું
માતા લેશે બાથ બાહુ પસારી.
સત્કારંતા શંખ ગાજી રહેશે;
સૌ સંતાનો માયલા એક શો ને
સૌનો જાણીતો ગણી સ્થાન દેશે
તારે ગેહે, સુખ દુઃખો વચાળે;
ને પોઢાડી, માહરે ઓશીંકે તું
બેસી રે'શે રાત આખી રૂદામાં
ફાળે જાતી, કમ્પતી ને સચિંત,
આંખો મીંચી દેવને પ્રાર્થતી કે
પાછો જેને વાળિયો હે પ્રભુજી,
એને પાછો રે રખે ખોઈ બેસું !

[स्वर्ग हइते विदाय : चित्रा]



હતભાગીનું ગાન

શા કાજ આંસુ સારવાં ?
શાને ઊંડા નિઃશ્વાસ ?
હસતે મુખે પ્રારબ્ધના
કરતા જશું પરિહાસ.

૧

સર્વસ્વને જે ખોઇ બેઠા
તેજ વિશ્વે છે વિજેતા

ભાગ્યને પડકાર દેતા –
'ના થશું તવ દાસ!'
હસતે મુખે પ્રારબ્ધના
કરતા જશું પરિહાસ.

૨

મદછકયા સુખની છાંયડીમાં
આપણે ફરવું નથી;
દુઃખના બિભીષણ વદનને
દેખી હવે ડરવું નથી.

ભય નથી, ભાંગલ દાંડીએ
દ્યો ઘાવ જયને બુંગીએ,
ને વાવટે ફરકાવીએ
ચીરાયલા અભિલાષ,
હસતે મુખે પ્રારબ્ધના
કરતા જશું પરિહાસ.

૩

હે રૂક્ષકેશી મા અલક્ષ્મી!
તું જ એક અચંચલા;
તારી સદા છે સરલ રીતિ,
જાણતી ના છલકળા.

જેને જઠર અગ્નિ જલે
તેને કપટ નવ આવડે,

પહેરાવતાં ફાંસી ગળે
બોલે ન મીઠી ભાષ.
હસતે મુખે પ્રારબ્ધના
કરતા જશું પરિહાસ.

૪

પૃથ્વી પરે જંતુ સમા હડધૂત તેને
માનવી શાં માન તારે આંગણે;
તેથી જ તું મા માવડી! વિણ ખાંપણે
સૂનારની પથ્થર – પથારી પાથરે.

તારાં અમે વાલેશરી:
જે દેશ તે કરમાં ધરી
ને ધન્ય કહીં શિરસા કરી
લેશું ય સત્યાનાશ,
હસતે મુખે પ્રારબ્ધના
કરતા જશું પરિહાસ.

૫

તુજ રાજ્યને સિંહાસને
એનાં જ આરોહણ થજો
સૌથી વડો કંગાલ ને બેહાલ
જે વિશ્વે હજો!

એ તાહરા યુવરાજને
શણગારમાં કફની હજો!

પ્રલયાગ્નિનાં તિલક થજો !
વનવાસના આવાસ.
હસતે મુખે પ્રારબ્ધના
કરતા જશું પરિહાસ.

૬

ડંકા સુણી તારા, છુપાજો કપટના મલકાટ,
મીઠી કુટિલતા ભાગજો મક્કા ને કાશીઘાટ.
ને આત્મપરના ભેદ ભૂલી
ખેલશું તુજ જીર્ણ ડેલી,
તું અને હું એક હેડી
મસ્ત બારે માસ.
હસતે મુખે પ્રારબ્ધના
કરતા જશું પરિહાસ.

૭

પરવારીં સબ સંકોચ સ્તવ – નિન્દા શરમ ને લાજ
તવ ચરણ – ધૂળે શિર રગડી બન્યો દીક્ષિત આજ.
ને કહીં દીધું છે આશને
કે ' ખૂબ જાણી છે તને !
' તું પ્યાસથી મરનારને પણ
' છેક છેલ્લે શ્વાસ
'પ્યાલો બતાવી હોઠ લગ લાવી
' પલાયન થાછ.
' ધિઃક રાણીજી !

'બહુ માણી જી!
'મેલો હવે મુજ આશ!'
હસતે મુખે પ્રારબ્ધના
કરતા જશું પરિહાસ.

૮

દિન એક મૃત્યુ ખબર દેશે,
'ભાઈ વહી ગઈ રાત;
'જાગો તમારાં ઊજળાં
ઊગે હવે પરભાત,'
તબ ઘર તણા બે ચંદ્ર – સૂરજ દીવડા
બુઝવીને આપણુ નિત્ય સાથી બે જણાં
દિલ સું ભીડીશું દિલને;
મજબૂત તવ આલિંગને
ઝકડાઈ મસ્તીભર મને
છોડીશ છેલ્લા શ્વાસ.
જાતાય પણ કરતા જશું
પ્રારબ્ધના પરિહાસ.

[হতভাগ্যের গান : কল্পনা]

ભારત તીર્થ

જાગો જાગો રે પ્રાણ જાગો ધીરે
ભારતને ભવ્ય લોકસાગર – તીરે
રે પ્રાણ જાગો ધીરે.

૧

આંહીં નર – દેવ પાય, બન્ને બાહુ પસાય,
ઊભા મહકાય દેખ ગિરિવર સ્થિરે;
એની કીર્તિના છંદ, ગાતા નાદે બુલંદ,
પરમાનંદે હો પ્રાણ વંદો ધીરે
જાગો જાગો રે પ્રાણ જાગો ધીરે.
ભારતભૂમિને લોકસાગર – તીરે.

૨

કોના એ સાદ સુણી, ક્યાંથી આ લોમ ભણી
માનવ – ઝરણીનાં મહાસ્રોત વળી આવ્યાં!
આર્યો ચીના દ્રવિડ, હૂણો શક અડાભીડ,
આવી આવીને સર્વ એકમાં સમાયાં;
જૂદી જૂદી જમાત ભાંગી ઘડિયો વિરાટ,
વિરમ્યા ઘોંઘાટ, એની હાક પડી રે
ભારતભૂમિને લોકસાગર – તીરે.

૩

ખાંડાને ખણખણાટ, જયના લલકાર ગાત,
મદછક જે ભાતભાત આવ્યા રણ વીંધી;
આવ્યા લેદીને પ્હાડ, દેતા દસ્યૂ શી ત્રાડ,
ધરતી ચોગમ ઉજાડ લજ્જત સું કીધી;
આવેલા એ તમામ, થોડા દિન ધૂમધામ
ગજવીને ગયા ગળી લૂણ જેમ નીરે;
મારી રગરગ મોઝાર, એ સૌની રક્તધાર
ધબકે અનિવાર આજ યુગયુગથી રે
ભારતભૂમિને લોકસાગર – તીરે..

૪

આજે જે ક્રૂર ખડા, પામર અભિમાની બડા,
તે સૌને થડંથડા ! કાળ નહિ ધીરે;
ગાજો રે રૂદ્રવીણા ! ભાંજો સહુની ભ્રમણા !
પાછા આવીને પડે અવનત શિરે
ભારતને ભવ્ય લોકસાગર – તીરે.

૫

એક દિન અહીં અણુવિરામ, ગુંજ્યાં ૐકાર – ગાન,
જનજનને ચિત્તતંત્ર એક મંત્ર રણક્યો;
एकोऽहं – અગ્નિ પરે, બહુજન આહૂતિ ધરે,
સ્વાર્પણની વેદી તલેથી વિરાટ ડણક્યો.
આજે એ બીજી વાર, ચેતાયે યજ્ઞ – જ્વાલ,
નમવા વિણ નહિ ઉગાર, મગદૂર શી રે !
ભારતભૂમિને લોકસાગર – તીરે.

૬

આજે એ યજ્ઞકુંડ, માગે છે લાખ રૂંઢ,
દુઃખની ભેકુંડ લાલ જલતી જ્વાલા;
એ સબ દુઃખ વહન કરી, મર્મોનું દહન કરી,
આપે સળગો અભાગી આતમ મારા !
તારી એ ભસ્મમાંય, લજ્જા ભય વિલય થાય,
લઘુતા ધોવાઈ જાય ગૌરવ – નીરે
ભારતભૂમિને લોકસાગર – તીરે.

૭

આવો બ્રાહ્મણ ને આર્ય, આવો શુદ્રો અનાર્ય,
આવો ક્રિસ્તાન મુસલમાન ને અછૂતો,

આવો આવો પતિત, નિશ્ચલ નિશ્ચિંત ચિત્ત,
માની મુક્તિના, સર્વ સરખા હતો.
માના અભિષેક તણો, મંગળ આ કુંભ ઉણો,
સહુને સ્પર્શે જશે ભરાઈ પુણ્યનીરે
ભારતભૂમિને લોકસાગર – તીરે
જાગો જાગો રે પ્રાણ જાગો ધીરે

[भारत तीर्थ : गीतांजलि]



વિજ્ઞાનવીર શ્રી જગદીશને—

[કટાવ]

●

ભૂકમ્પે દફ્નાઈ ગયેલાં
આ પાષાણી ખંડેરોની
રજ ખંખેરી
કોણ અદીઠા તપોભવનને
તેં અજવાળ્યું
ઓ જગદીશ !
ઓ જગદીશ !
કયા પુરાતન આર્ય મહર્ષિ
તણો નવોદિત તું અવતારી
ઓ જગદીશ !
ઓ જગદીશ !

૨

ખદબદતી જનતાના પાગલ
કોલાહલમાં અણુચલ રહીને
કોણ મળ્યો તું
વિરાટના લઘુ વચબિન્દુનો
પ્રશાંત શોધક
ઓ જગદીશ !
ઓ જગદીશ !

૩

સૂર્ય – ચાંદલે,
પુષ્પ – પાંદડે,
પશુ પંખી પાષાણ ધૂળમાં,
ઝુલે અનિદ્રિત
એક જ્યોતિ – કણ
એ વિરાટને હૃદય – પારણે,
ઝુલે ઝુલાવે સચરાચરને:
શબ્દહીન હાલરડાં ગાતા
એ જ્યોતિને
લીધ ઓળખી
કયા લોચને
ઓ જગદીશ !
ઓ જગદીશ !

૪

અમે મદાંધો કૂલણકુકડા
અતીતના ગૌરવને ફૂંકે

બની ફાંકડા
હરતા ફરતા
વિદેશ – સાજે,
વાતો કરતા પર – વાણીમાં;
પરજન કેરા નકલી વાંદર;
અમે પરાયી ચાલ્ય – છટાનાં
ચટકાં કરતા—
પૂર્વજના અંધાર – કૂપમાં
ડોક ફુલાવી
ડરાં ડરાં કલશોર ગજવતાં
અમે દેડકાં—
તે સમયે તું
ક્યા વિશ્વના શેષ – સીમાડા
હતો ઘૂમતો
ઓ જગદીશ !
ઓ જગદીશ !

૫

ક્યા અગોચર ત્રિલોક–તટ પર
ગહન ગોદડી બિછાવતો'તો,
તું જોગંદર ?
દશ્ય જગતના શેષ–સીમાડા,
ગયો વટાવી
અદીઠ એક કિરણની શોધે,
અરૂપની ગાયબ દુનિયાનાં
દર ઢઢોળ્યાં-

ઊઠ્યા પુરાતન ઋષિ–પ્રોળીઆ,
ઊઘડ્યાં દ્વાર,
પ્રવેશ્યો અતિથિ,
बहु स्याम् નાં
સિંહ=દુવાર વટાવી ઊભો
एकोऽहं ની ભવ્ય સન્મુખે
દ્વય કર જોડી,
ચકિત સ્તબ્ધ
વાચાહીન મુખડે,
પ્રણમ્યો વિભુને
ઓ જગદીશ !
ઓ જગદીશ !

૬

સામ-ઋચાના અસલ શબ્દની
હાકલ દે હે નવલા જોગી !
માર હાક " उत्तिष्ठ जाग्रत ! "
હાકલ દે આ
મતિહીણા વાતૂલ જનોને,
શાસ્ત્ર – અર્થની
વ્યર્થ બડાઈ કર્યા કરતાને
ઓ જગદીશ !
ઓ જગદીશ !

૭

સાદ પડ્યો તુજ –
" વળી જાઓ આ પ્રકૃતિ કેરા

સ ત્ય – પા ટ લે
ધરતીના સુવિશાલ બાજઠે."
કર તેડાં તુજ યજ્ઞ – વેદિની
ચોગમ નવદીક્ષિત બટુકોને
આસન દે તું

ઓ જગદીશ !
ઓ જગદીશ !

૮

એ તવ નવદીક્ષાને તાપે
એક દિવસ આ
રાષ્ટ્ર પુરાતન
અમૃત પીશે
આ ત્મ ભા ન નાં,
કર્મભક્તિના આસન ઉપર
અણુડગ કાયા
ઠે ર વ શે ને
સ્વધર્મ સ્મરશે
ભક્તિ ભજવશે
ચોગસમાધિ—
માં ફરી ઠરશે

ઓ જગદીશ !
ઓ જગદીશ !

૯

પ્રતિજ્ઞાપાલન

સાબદા થાજો અજમેરિયા !

અજમેરગઢને ઊંચે તોરણીએ
પડી રે નગારાંની ધ્રાંશ:
સાબદા થાજો અજમેરિયા !

અજમેરગઢને ગોખેથી હમ્મરાજ
પાડે હાકલ ગઢપાળ:
સાબદા થાજો અજમેરિયા !

આવે છે જાંગલા, આવે મરાઠડા,
આવે લૂંટારુઓની ફોજ,
સાબદા થાજો અજમેરિયા !

૨

વેળા બપોરની, ભાખર જુવારની
શેકે છે જણ જણ જુદા;
અજમેરગઢને ગોખેથી વરતાય
ધૂળના ડમ્મર ધુંધા.

ખાધા વગર ખડા થાય
ભૂખને ભૂલ્યા અજમેરિયા !
બખતર પાખર ભિડાય
શિરપેચ ઝૂલ્યા અજમેરિયા !

૩

'ખાંડાંના કુંડ આજ ખાંત્યું રાખીને ભાઈ,
'એવા પ્રકટાવજો આછા,
'કૂદાં બનીને માઇ મ્હાલે મરેઠડા,
'જાય નહિ એકોય પાછા !'

ભડકા આભે ભળાય
સિંધીઓ આવે અજમેરિયા !
ઓરા ને ઓરા કળાય,
સાબદા થાજો અજમેરિયા !

૪

ઓ કોણ આવે તાતો ઉતાવળો
અસવાર સાંઢીઆ વાળો !
મારવાડ દેશથી માર માર કરતો
આવ્યો કાસદીઓ કાળો.

હથિયાર છોડો રે ભાઈ !
દુમરાજ થોભો અધીરિયા !
ઠા કુ ર કે રી દુ હા ઈ,
ચાકર થોભો અજમેરિયા !

૫

જોધાણા નાથનો કાગળ વંચાય ને
દુ મ રા જ ને ણુ લાં ઢા ળે:
'સિંધીઆને સોંપજો અજમેર સોપટ,
'વિણુ ટંટે હોબાળે;

'ભેળી ફીરંગીની ફોજ
'સિંધીઓ લાવે અજમેરિયા !
'ઈ છે સમદર, તમે હોજ,
કાર નહિ ફાવે અજમેરિયા !

૬

એક કોર દુમરાજ ! ઠાકરની આજ્ઞા,
એક કોર વીરનો ધરમ;
એની વચાળે ભિંસાણો ભાઈ તું !
વિં ધા ણા મા ય લા મ ર મ.

લાખેણી પલ પલ જાય
ડુંગરા હાગે અજમેરિયા !
ગૌધેન ચરતાં દેખાય,
પાવા વાગે અજમેરિયા.
હૈયામાં ધકબક થાય
ઘમસાણ જાગે અજમેરિયા !

૭

અજમેરગઢ મને આપ્યો તે દિન મેં
મનસું પણ લીધેલાં —
શત્રુને હાથ ગઢ સોંપી દઈશ પછી,
પ્રાણ મુજ પડશે પે'લા.

જીવનનાં પણ નહિ જાય ?
(તો) સામ — ધર્મ જાશે અજમેરિયા ?

એમાંથી એક પણ જાય,
(તો) પ્રાણ કેમ રે'શે અજમેરિયા !

૮

અજમેરગઢની સેના શરમભરી
રોષભરી રણસાજ છાંડે,
દરવાજા બીચ એક! હમરાજ એકલડો
કા યા ઢા ળી ને સો ડ તા ણે.

આવે દખણીયુંની ધાડ
ઊઠ કોણ સૂતો અજમેરિયા !
ઊઠ ઝટ તાળાં ઉઘાડ !
કેમ નવ સુણતો અજમેરિયા !

૯

નો'તું ત્યાં બોલનાર, નો'તું ત્યાં સુણનાર,
હોંકારો કોઈએ ન દીધો;
સેવક ને વીરના ધર્મોની ભીંસમાં
મારગ અજમેરિયે કીધો.

પાડી દરવાજે પ્રાણ
વસમાણય ટાળી અજમેરિયા !

[पनरक्षा : कथा]

વીર બંદો

એક દિન પંચસિંધુને તીર
હાક સંભળાઈ: જાગિયા વીર—
શીખ બેટડા બાંધીને કેશ
સળવળ્યા સુણી ગુરુ – આદેશ;
મેલી મમતા કુટુંબ ઘરબાર
ભૂલી ભય દીધ મૃત્યુને ડાર:
ડારી મૃત્યુભય 'જય ગુરુ' શબ્દ હજાર કંઠ થકી ગુંજે,
નૂતન શીખની નયનમીટ મંડાય નવઅરુણપુંજ
તે દિન પંચસિંધુને તીર
સળવળ્યા શીખબાળ શૂરવીર.

૨

'નિરંજન અલખ! નિરંજન અલખ!'
ઊઠે એ ઘોષ ભવ્ય હર પલક:
કમર પર કસકસેલ કિરપાણ
ઉરેઉર દેતી હર્ષ – થડકાર
રણઝણે: પંચસિંધુને ગગન
લાગી રહી 'અલખ' નાદની લગન:
'અલખ નિરંજન! અલખ નિરંજન!' વદે વ્યોમ દિગપાળ;
નૂતન શીખના એહ નાદને ઝીલે કાળ કરાળ
એક દિન પંચસિંધુને તીર
હૂકળ્યા શીખ – બેટડા ધીર.

૩

આવિયો વિરલ એક એહિ દિન
જે દિને લાખ હૃદય ભયહીન
બને બેફિકર, તમન્ના ત્યજે,
કુશંકા કરી દૂર સત ભજે,
ચુકાવી ઋણ નીસરે બા'ર
પ્હોંચવા તલસ તલસ ઉસ પાર :
જીવનમૃત્યુ દ્વય હાથ જોડીને ઝૂકે માનવી – પાય,
એક એહવા વિરલ દિવસનાં પુનિત વાણલાં વાય
એક દિન પંચસિંધુને તીર
ઝબકિયા સત અકાલના વીર.

૪

દિલ્લીના મહલ તણે કાંગરે
જુઓ રે જુઓ જરૂખા પરે !
દિલ્લીપત તણી નીંદ ઊડી જાય,
રાતભર હુહૂકાર સંભળાય.
કોણ કંઠના કારમા ઘોષ
સાંભળી ગગન કરે આક્રોશ !
અર્ધરાત્રિની તિમિર–ઘનઘટા
ચીરતા કવણ તણા વાવટા !
ગહન ગગનના વિમલ ભાલ પર ભડકા ઊઠે કરાલ :
નજીક, હાય હા, નજીક આવી રહી લાખમલાખ મશાલ
એક દિન પંચસિંધુને તીર
શૌર્યના લહેરી ઊઠ્યા સમીર.

૫

જુદ્ધ મહીં મસ્ત શીખ ને મુગલ
ભેટિયા મરણબાથ ભરી જુગલ :
એકએકની જોડ બંધાય :
બથોબથ ગળાં, આંટી દઈ પાય,
લડે જ્યમ કાતિલ ગરુડ ભુજંગ
તોડતા અરસપરસ દોઈ અંગ.
'જયં ગુરુ! જય ગુરુ!' પડે ગંભીરા શીખ તનુજની ત્રાડ,
રક્તપિપાસુ મત્ત મુગલના 'દીન દીન' જુદ્ધપુકાર;
એક દિન પંચસિંધુને તીર
મચી ગઈ શહીદ-શબોની ભીડ.

૬

તહીં ગુરુદાસનગરને ગઢે
મુગલ દળ માર માર કર ચઢે,
શીંખોનો શૂર બંદો પકડાય.
ઝકડી જંજીર દિલ્લી લઈ જાય;
સાત શત બંદીવાન કેસરી
ચાલિયા લટો મોકળી કરી,
કદમમાં ઝણુણુ જંજીરો બજે,
મુખેથી 'જય ગુરુ! જય ગુરુ!' ભજે.
છિન્ન શીખોનાં મુંડ ચડાવી ભાલા પર, નિજ લોમ
ચલે મોખરે મુગલ-ફોજ : રજ-ડમર ધૂંધળો વ્યોમ.
એક દિન ગુરુદાસપુર ગઢે
સાત સો વીર બત્રીસા ચઢે.

૭

દિલ્લીનાં થર થર કારાગાર,
આદર્યા કેદી તણા સંહાર :
સાત શત મૃત્યુપ્રેમી જિદ ચઢે,
'પ્રથમ હું' 'નહિ, પ્રથમ હું' વઢે.
રાતભર પ્રથમ મોતની જિકર :
પ્રભાતે ચડી જાય બેફિકર.
ઘાતક દળનાં ખડગ હેઠ હર ઉદયકાળ ઝૂકનાર,
ધડથી જુદાં જપે માથડાં ગુરુના જયજયકાર.
એક દિન મચી ગઈ તકરાર
' પ્રથમ હું ' પ્રથમ હુંજ મરનાર.'

૮

કતલનો દિવસ સાતમો થયો,
બાકીમાં એકલ બંદો રહ્યો.
દિલ્લીપત અજબ તમાશો રચે,
નીરખવા મુગલ-મેદની મચે;
લાડકો વીર બંદાનો બાળ,
ચાર વર્ષનો સૌમ્ય સુકુમાર,
કાજીએ પિતૃખોળલે દીધ;
મશ્કરી-બોલ લે'રસું કીધ :
'ઊઠો ઊઠો ઓ ધર્મપુરુષ ! ઓ મૃત્યુજીત અણુવાર !
'કરો કતલ નિજ હાથ પુત્રની : નીરખી થશું નિહાલ.'
એક દિન દિલ્હી તણે દરબાર
તમાશો રચે મુગલ સરદાર.

૯

શીખવર વદ્યો ન એકે વચન,
સાત્ર મલકિયાં તેજભર નયન;
ખેંચી નિજ પાસ રૂદે ચાંપિયો,
બાળને શિરે હાથ રાખિયો,
પલકભર ચૂમ્યું પુત્રનું ભાલ
સુંવાળું સુંદર લાલ ગુલાલ :
કમરથી પછી ખેંચિયો ધીરે
જમૈયો – ઝળહળ જ્યોતિ ઝરે.

લળી પુત્રને વદન, કાન મહીં વદ્યો આખરી વાત :
" જય જય ગુરુનો જપો બેટડા ! ભય નવ કરજે તાત ! "
એક દિન બાપ છુરી લઈ કરે
પુત્રને હૃદય અભય–રસ ભરે.

૧૦

પુત્રનું સુખ - ગુલાબફૂલ કળી–
અભયને કિરણુ ઊઠ્યું ઝળહળી.
બાપને નીરખી બાળુડો ગાય
–સભાસ્થલ સાંભળી થર થર થાય–
'પિતાજી ! ભય નહિ: જય ગુરુજીનો.
'પિતા ! વિણુ ભયે પુત્રને હણો.
'પિતા ! નવ કરો પલક પણુ વાર.
'પિતાજી ! જય ગુરુ: જય શ્રી અકાલ !'

વામ બાહુની બાથ ભરી શિશુ ગ્રહિયો ગોદની માંય,
કર જમણે લઈ છુરી હુલાવી, બાલ ધરણી પટકાંય.

એક દિન મરતા શિશુને મુખે
બોલડા 'જય ગુરુ! જય ગુરુ!' ઊઠે.

૧૧

સ્તબ્ધ મેદિની: શબ્દ નવ સરે:
બાળની લાશ પડી તરફડે:
ધગેલી લાલ ચટક સાંડસી
સાહી કર ઊઠ્યા ઘાતકો હસી.
ઉતરડ્યાં બંદા – તનથી માંસ
ગીધડાં જમે જેમ નિજ ગ્રાસ.

અડગ રહીને મર્યો વીર, નવ વદ્યો 'અરર' તલભાર,
શત્રુનયન આંસુડાં લૂછતાં રહ્યાં સ્તબ્ધ સુનકાર.
એકદિન પંચ સિંધુને તીર
'અભય'નાં ચઢયાં આભ લગ નીર.

[वन्दीवोर : कथा]

અભિસાર

મથુરા શે'રની રાંગે સંન્યાસી ઉપગુપ્ત કો'
સંકોડી ઇન્દ્રિયો સર્વ એક રાત સૂતો હતો.

૧

પવનમાં પુરદીપ ઠરેલ છે,
જન તણાં ગૃહદ્વાર બીડેલ છે;

ગગનના ભર શ્રાવણ–તારલા
ઘનઘટા મહીં ઘોર ડૂબેલ છે.

૨

ઓચિંતી અંધકારે ત્યાં ગૂંજી છે પગઝાંઝરી :
યોગીની છાતીએ પાટુ કોના પાદ તણી પડી ?

ચમકી પલક માંહે સંત જાગી ઊઠે છે,
સુખમય નિદ્રાના બંધ મીઠા તૂટે છે.
ઝબૂક ઝબૂક જ્યોતિ ગુપ્ત કો' દીપકેથી
કરુણ વિમલ નેત્રે સંત કેરે પડે છે.

૩

નામે વાસવદત્તા કો પુરવારાંગના વડી
ચડેલી છે અભિસારે, માતેલી મદયૌવના.

અંગે ઝૂલે પવન – ઊડતી ઓઢણી આસમાની,
ઝીણી ઝીણી ઘૂઘરી રણકે દેહ – આભૂષણોની;
પ્યારા પાસે પળતી રમણી અંધકારે અજાણે
સાધુગાત્રે ચરણ અથડાતાં ઊભી સ્તબ્ધ છાની.

૪

તરુણ સૌમ્ય સુહાસવતી વયે,
નયનથી કરુણા – કિરણો દ્રવે;
મધુર ઇન્દુ સમી સમતા – સુધા
વિમલ લાલ લલાટ થકી ઝરે.

૫

લજ્જાભારે નમ્યાં નેત્ર, લાલિત્યે ગળિયું ગળું,
આજીજીના સ્વરો કાઢી યાચે છે અભિસારિકા :

'ક્ષમા કરો! ભૂલ થઈ કુમાર!
કૃપા ઘણી, જો મુજ ઘેર ચાલો.
તમે મૃદુ, આ ધરતી કઠોર.
ઘટે ન આંહીં પ્રિય તોરી શય્યા.'

૬

કરુણ વચન બોલી યોગી આપે જવાબ,
ટપકતી અધરેથી માધુરીપૂર્ણ વાણી :
'નથી નથી મુજ ટાણું, સુંદરી! આવ્યું હાવાં,
'જહીં તું જતીજ હો ત્યાં આજ તો જા સુભાગી!
'જરૂર જરૂર જ્યારે આવશે રાત મારી,
'વિચરીશ તુજ કુંજે તે સમે આપથી હું.'

૭

ઓચિંતો આભ ફાડે લસલસ વિજળીજીભ – ઝૂલન્ત ડાચું,
કમ્પી ઊઠી ભયેથી રમણી રજની–અંધાર એ ઘોર વચ્ચે;
વાવાઝોડું જગાવી પવન પ્રલયના શંખ ફૂંકે કરાલ,
આભેથી વજ્ર જાણે ખડખડ હસતું મશ્કરી કો'ની માંડે!

૮

વીત્યા છે કૈં દિનો માસો અષાઢી એહ રાતને,
વર્ષ પૂરું નથી વીત્યું, સંધ્યા ઢોળાય ચૈત્રની.

ફરર ફરર ફૂંકી આકળો વાયુ વાય,
સડક પર ઝૂકેલા વૃક્ષને મ્હોર બેઠા;
ઊઘડી ઊઘડી મ્હેકે રાજબાગે રૂપાળાં
બકુલ, રજનીગંધા, પુષ્પ પારૂલ પ્યારાં.

૯

વાયુની લ્હેરીએ વ્હેતા આવે દૂર - સુદૂરથી,
મંદ મંદ સુરા–ભીના ધીરા કૈં સ્વર બંસીના.

નગર નિર્જન: પૌરજનો બધાં
મધુવને ફૂલ - ઉત્સવમાં ગયાં;
નીરખતો ચુપચાપ સૂની પુરી
હસી રહ્યો નભ પૂનમચાંદલો.

૧૦

સૂને પંથે નગર મહીં એ નિર્મળી ચાંદનીમાં
સંન્યાસી કો' શરદ - ઘન શો એકલો જાય ચાલ્યો;
એને માથે તરુવર તણી શ્યામ ઘેરી ઘટાથી
વારે વારે ટહુ ! ટહુ ! રવે કોકિલા સાદ પાડે.

૧૧

આવી શું આજ એ રાત્રિ, યોગીના અભિસારની !
આપેલા કોલ આગુના, પાળવા શું પળે છ એ !

નગર બા'ર તપોધન નીસર્યો,
ગઢની રાંગ કને ભમવા ગયો,
તિમિરમાં સહસા કંઈ પેખિયું
વનઘટા તણી છાંય વિષે પડ્યું.

૧૨

પડી નિજ પગ પાસે એકલી રંક નારી,
તન લદબદ આખું શીતળાનાં પરુથી;
વિષ સમ ગણી એની કાળી રોગાળી કાયા,
પુરજન પુરબા'રે ફેંકી ચાલ્યા ગયા'તા.

૧૩

સંન્યાસીએ નમી નીચે, માથું રોગવતી તણું
ધીરેથી ઝાલીને ઊંચું પોતાના અંકમાં ધર્યું.

સૂકા એના અધર પર સીંચી રૂડી નીરધારા,
પીડા એને શિર શમવવા શાંતિમંત્રો ઉચાર્યા:
ગેગેલા એ શરીર ઉપરે ફેરવી હાથ ધીરો,
લેપી દીધો સુખડઘસિયો લેપ શીળો સુંવાળો.

૧૪

પૂછે રોગી: 'મુજ પતિતની પાસ ઓ આવનારા!
આંહીં તારાં પુનિત પગલાં કેમ થાયે, દયાળા?'
બોલે યોગી: 'વિસરી ગઈ શું કોલ એ, વાસુદત્તા!
તારા મારા મિલનની સખિ! આજ શૃંગારરાત્રિ.'

ઝર્યાં પુષ્પો શિરે એને, કોકિલા ટહુકી ઊઠી,
પૂર્ણિમા-રાત્રિની જાણે જ્યોત્સ્નાછોળ છલી ઊઠી.



કવિનું વય

૧

કવિરાજ! ગઈ તમ સાંજ પડી,
તમ કેશ વિશે પડિયાં પળીઆં,
હજી તોય નભે નિજ નેન લગાવીને
કેમ ગણ્યા કરો તારલિયા?
કે શું સાદ પડે જમરાજ તણા—
પરકાળની વાત વિચારી રિયા?

૨

કવિ શીષ હલાવીને આપત ઉત્તર:
'માલૂમ છે મારી સાંજ પડી;
'નથી સાંભળતો જમહાક; મજાક
'કરો નવ, કાય ભલે લથડી.

'મારા કાન મંડાયા છે સામેના ગામને
'રાન, કરેણુ – ઘટાની દિશે –
'કોઈ પે'લડિયાં પ્રેમઘેલડિયાં
'મળશે સહસા એ નિકુંજ વિશે;

એનાં લોચન લોચનમાં મળશે
'મીઠી ગોઠડિયું દિલ ઊભરશે,

'એની ગોઠડિયુંને ઝીલી વીણા – તાર પે
'હું વિણુ વાણીમાં કો' વણશે ?

'એવાં જોબનિયાંને લડાવવા લાડ
'આડે મને ધોળાંમાં ધ્યાન નથી,
'ભવપારની વાત વિચારવા કાજ
'હો ભાઇ! મને હજી ભાન નથી.

૩

'નદીપાર ચિતાના અંગાર ઓલાશે ને
ઊગીને આથમશે કોઈ તારો;
કાળી નિશા કેરો મ્લાન શશી
વરતાય ફરે વહેરો વનપારો;

ઉજ્જડ કોઈ કુવેતરમાંય
શિયાળ – સભા લલકારશે લાળી;
એવે સમે ગૃહત્યાગી કો' આવશે
વીરમવા દિલ – વેદના કાળી;

જોડીને હાથ એ ધીરેથી ધારશે
ધ્યાન સપ્તર્ષિનું જ્ઞાનની ખોજે,
ધીરે ધીરે એને પ્રાણ કો' ગાન
સુષુપ્તિને સાગર જો કહી ગુંજે–

આતમમાં એના, જાગીને કોણ
ભરે પરબ્રહ્મ તણી ગૂઢ વાણી,
હું જો કવિ ઘરઘૂંશ બની
મારી મુક્તિની જુક્તિ રહું મન માણી !

૪

મારા કેશ સફેદ ભલે બનિયા,
એની લેશ ઉપાધિ ઉરે નવ આણો !
બાળ બુઢાં ને જુવાન આ શેરીનાં
એ સહુની મને તેવડ જાણો.

કોઈ હસો તમે હોઠ નચાવીને,
કોઈ હસો વળી નેનન ખૂણે,
કોઈ ચોધાર રડો જી તમે વળી
કોઈનાં નીર સૂકે મન-ખૂણે;

કોઈ વધૂવર ઘેર લપાવ,
ને કોઈ વળી જગ ચોક ખોંખારે,
કોઈ એકાકી મરે ઘરઆંગણ,
વાટ ભૂલે કોઈ વિશ્વ વચાળે.

૫

એ તમામ તણા મને સાદ પડે,
પરકાળના સાદ સૂણું કહો ક્યારે !
સર્વ તણો હું સમોવડ બાંધવ,
છો પળિયાં શિર આવિયાં મારે.

[कविर् वयस : क्षनिका]

કોડિયું

અસ્ત જાતા રવિ પૂછતા અવનિને:
સારશો કોણ કર્તવ્ય મારાં?
સાંભળી પ્રશ્ન એ સ્તબ્ધ ઊભા સહુ,
મોં પડ્યાં સર્વનાં સાવ કાળાં. ૧

તે સમે કોડિયું એક માટી તણું
ભીડને કોક ખૂણેથી બોલ્યું:
મામૂલી જેટલી મારી ત્રેવડ પ્રભુ!
એટલું સોંપજો, તો કરીશ હું. ૨

[कर्तव्यग्रहण : कलिका]

ધરણીને દેવ સમાં વરદાન

મર્ત્યજનોની માત ધરણીને અમરોનાં વરદાન!
ધરણીને દેવ સમોવડ દાન!

પૂર્વ – પછમને ગગન – કેડલે રવિનો રથ ખેડાય,
એ જ કેડલે ધરણીના પણ સ્વર – રથડા હંકાય
ધરણીને દેવ સમોવડ દાન. ૧

ધરણી કેરું જે હૃદયનિવાસી ધૂળવિહારી ગાન,
એને કાજ નીલામ્બર ભીતર મંદિર રચવા હામ;
ધરણીને અમરો સમ વરદાન. ૨

અણદીઠાં વિદ્યુત – ગરુડોની પવન – પાંખ પર ચડો!
ઓ કવિ! તુજ છંદો ક્ષિતિજોના સીમાડા સર કરો!
અડો જૈ સુરપુરી કેરે દ્વાર,
માનવી જનના રમ્ય વિચાર!

ધરણીના એવા સુખલલકાર,
આજ તો ધરણી હિંસે નિહાલ.

ધરણીને દેવ સમોવડ દાન,
પૃથિવીને પ્રભુજીનાં વરદાન. ૩



અનાદર પામેલી લેખિનીનો પત્ર

[બંગાળી માસિકોની ઊભી ને ઊભી રહેતી કાવ્યોની માગણીએ કવિવર રવીન્દ્રનાથને લાચાર બનાવ્યા. એક વૈશાખના વિચિત્રા-અંકને કવિ એક કાવ્ય મોકલે છે, તેનો આ અનુવાદ છે. તેમાં કાલિદાસે 'મેઘદૂત'માં યક્ષને જે સ્થાન આપ્યું તેવું હાસ્યરસિક સ્થાન કવિવર 'કાલિદાસી' અર્થાત્ કલમને આપે છે.]

*

સંપાદકજી બા'ર થકી તાકીદ કરે છે,
અંદરથી લખવાની તાકીદ એક નથી રે!
ગદ્યપદ્યનું મૌન હૃદયની મધ્ય જડાયું,
ગણગણ કરતાં જાય દિવસ ને ખૂટે આયુ.
ટાઢ તાપમાં ખેતર સામે તાકી બેસું,
સૂઝે નવ કો શબ્દ, ભર્યું ભેજામાં ભૂસું. ૧.

ડેસ્ક પરે આ પડી બાપડી બડી વિજોગણ,
હોત કદી જો કવિ કાષ્ટની એ મુજ લેખણ,
વિરહોર્મિ નિજ પદ્ય મહીં વહવીને લાવત,
પ્રિયાવિયોગી યક્ષ સમું આ ગાન સુણાવત: ૨.

સૂણો કવિ ફરિયાદ, ત્વરિત તમ જવાબ દેજો,
ચંપા સમ તમ આંગળીઓને વંદન કહેજો,
જે લેખણ તમ હસ્તસ્પર્શથી જીવન પામી,
અચલકૂટના દેશવટા એ શે સહેવાની!
ગાત્ર ગયાં મુજ ગળી, બંધ મસીપાન થયાં છે,
સજા વ્યર્થતા તણી કઠિન આ કયમ ખેંચાશે! ૩

સ્વાધિકારનો મદ ચડિયો મુજને કદી પેખ્યો ?
બોર સમો તમ બોલ એક મેં કદી ઉવેખ્યો ?
કાગળ પર અક્ષરો કહે તમ ઉરની ભાષા,
હરદમ એ વિણુ હતી કોઈ મુજને અભિલાષા ?
નીલકંઠ હું બની, તમારી ખિદમત કાજે,
નીલ શાહીનું ગરલ પી પીં મુજ કંઠ જલે છે. ૪.

તમ કીર્તિના પથે ખેંચતી અગણિત રેખા,
એક પુસ્તકે તોય ન મમ નામાક્ષર દેખ્યા;
તમ હસ્તાક્ષર થકી બન્યો મોંઘેરો કાગળ,
પુરસ્કાર વિણુ રહી એકલી હું જ અભાગણ.
કાગળનું બડભાગ્ય, મેજ પર સૂતા રે'વું !
ડાબાજમણી દોડદોડ કરી મારે મરવું.
લખ્યું તમારું સર્વ અને તમ નામ તણો યશ
જાય દુષ્ટ કાગળને; મુજને સદાય અપજશ. ૫.

કીર્તિહીન ખિદમત કરી કરી મુજ અંગો ગળશે,
શાપવિસર્જન તણો કાળ તે દિવસે ટળશે.
કવિજી ! તમ વાચાળપણાનો ક્યાંય ન જોટો,
અનુસરી તમને લખ્યો પત્ર આ લાંબો મોટો,
ખતમ થઈ ફરિયાદ. માહરી, રજા લઉં છું,
સદા આપના ચરણ તણી કાલિદાસી છું. ૬.

ક્ષણિકનું ગાન

ગા ક્ષણિકનાં ગાન, રે મન! ગા ક્ષણિકનાં ગાન.

૧

આજ આ સંધ્યાની ઝલકે
અકારણ આનંદ પુલકે,
સ્ફુરે નવલાં ગાન
રે મન! ગા ક્ષણિકનાં ગાન.

૨

જે પલક નિરખી, પલક મલકી
કયાંય ચાલ્યાં જાય,
જે પીઠ ફેરી મીટડી પણ
માંડવા નવ ચ્હાય;
એ સૌ ક્ષણિકનાં ગાન
ગા મન! ગા ક્ષણિકનાં ગાન.

૩

દૈ હાથતાળી, વાત ટાળી,
રાત સાથે ના સૂએ;
નવ વાત પૂછે, નેણુ લૂછે;
પાછું વાળી ના જુએ;

એવાં સકળનાં ગાન
ગા મન ! ગા ક્ષણિકનાં ગાન.

૪

ના થજે હેરાન, રે મન ના થજે હેરાન !
આ સનાતન, એ ચિરંતન,
કરીશ ના એ કાંઈ ચિંતન
આજને દિનમાન.

વીતી ગયેલી વાતડીના
સ્મરણ–ગજરા ગૂંથજે ના,
ના થજે હેરાન,
ગા મન ! ગા ક્ષણિકનાં ગાન.

૫

આવનારા ભલે આવે,
જે થનારું હોય થાવે,
ખેર ! સઘળા ચલ્યા જાવે
ક્ષણ તણા મેમાન;
ગા મન ! ગા ક્ષણિકનું ગાન.

૬

હો ભલે અવસાન
રે મન ! હો ભલે અવસાન.

જેને જીવન થોડુંક તેનાં
દે થવા અવસાન.

ફૂલહાર તૂટ્યો, ફૂલ ખરિયાં,
ભ્રષ્ટ થૈને ધૂળ ઢળિયાં,
વીણતા દેવાન,
એનું ભલેરું અવસાન.
ગા મન! ગા ક્ષણિકનું ગાન.

૭

સમજ્યું નહિ તેને સમજવા ના ચહું,
મળતું ન તેની ખોજ શા માટે લહું!

જે મળ્યું તેથી પ્યાસ છિપવી,
ગયું તેની ખોટ છુપવી,
થવા દે અવસાન
બાકી સર્વનું અવસાન;
રે મન! ગા ક્ષણિકનું ગાન.

૮

રોતું રહે નાદાન
મન રોતું રહે નાદાન!

તુજ હાથ બાંધી ગાંઠ તેને
છેદ પણ તુજ હાથથી;

સન્મુખ ઊભું છે જે સહજ
તે લે લગાવી બાથથી.

દુર્લભ બધાંને દૂર ઠેલી
આજ દે સન્માન
રે મન! ક્ષણિકને સન્માન.

૯

આ સંધિકાનાં કિરણ પલભર
ચડે ઝરણાં–ઘોડલે,
આ બુન્દ ઝાકળ તણું પલભર
ઝૂલે ફૂલ–અંબોડલે.

ત્યમ તુંય પલભર
ગાન દિલ ભર
ગાઈ થા નિર્વાણ;
ગા મન! ક્ષણિક સૌનાં ગાન.

[उद्‌बोधन : क्षनिका]

નવી વર્ષા

મોર બની થનગાટ કરે
મન મોર બની થનગાટ કરે.
ઘનઘોર ઝરે ચહુ ઓર, મારું મન મોર બની થનગાટ કરે.

૧

બહુરંગ ઉમંગનાં પીંછ પસારીને
બાદલસું નિજ નેનન ધારીને
મેઘમલાર ઉચ્ચારીને આકુલ પ્રાણ કોને કલ-સાદ કરે.
મન મોર બની થનગાટ કરે.

૨

ઘર ઘરર ઘરર મેઘઘટા ગગને ગગને ગરજાટ ભરે
ઘુમરી ઘુમરી ગરજાટ ભરે.
નવે ધાન ભરી સારી સીમ ઝૂલે,
નદીયું નવજોબન ભાન ભૂલે,
નવ દીન કપોતની પાંખ ખૂલે.
મધરા મધરા મલકાઈને મેંડક મેહસું નેહસું બાત કરે.
ગગને ગગને ઘુમરાઈને પાગલ મેઘઘટા ગરજાટ ભરે.

૩

નવમેઘ તણે નીલ આંજણીએ મારાં ઘેઘુર નેન ઝગાટ કરે
મારાં લોચનમાં મદઘેન ભરે.
વન છાંય તળે હરિયાળી પરે
મારો આતમ લ્હેર–બિછાત કરે
સચરાચર શ્યામલ ભાત ધરે.
મારો પ્રાણ કરી પુલકાટ ગયો પથરાઇ સારી વનરાઈ પરે,
ઓ રે ! મેઘ આષાઢીલો આજ મારે દોય નેન નીલાંજન–ઘેન ભરે.

૪

ઓલી કોણ કરી લટ મોકળિયું ખડી આભ–મહોલ અટારી પરે
ઊંચી મેઘ–મહોલ અટારી પરે !
અને ચાકમચૂર બે ઊર પરે
પચરંગીન બાદલ—પાલવડે
કરી આડશ કોણ ઊભેલ અરે !
ઓલી વીજ કેરે અંજવાસ નવેસર રાસ લેવા અંકલાશ ચડે,
ઓલી કોણ પયોધર સંઘરતી વીખરેલ લટે ખડી મે'લ પરે !

૫

નદી તીર કેરા કુંણા ઘાસ પરે પનીહાર એ કોણ વિચાર કરે,
પટકૂળ નવે પાણી–ઘાટ પરે !
એની સૂનમાં મીટ સમાઈ રહી,
એની ગાગર નીર તણાઇ રહી,
એને ઘેર જવા દરકાર નહીં.

મુખ માલતીફૂલની કુંપળ ચાવતી કોણ બીજા કેરું ધ્યાન ધરે !
પનીહાર નવે શણગાર નદી કેરે તીર ગંભીર વિચાર કરે !

૬

ઓલી કોણ હીંડોળ ચગાવત એકલ ફૂલ બકુલની ડાળ પરે,
ચકચૂર બની ફૂલ-ડાળ પરે !

વીખરેલ અંબોડાના વાળ ઝૂલે,
હિયે દેહ-નીંડોળ ને ડાળ હલે,
શિર ઉપર ફૂલ-ઝકોળ ઝરે.

એની ઘાયલ દેહના છાયલ-છેડલા આભ ઊડી ફરકાટ કરે,
ઓલી કોણ ફંગોળ લગાવત એકલ ફૂલ બકુલની ડાળ પરે !

૭

મોર બની થનગાટ કરે
આજે મોર બની થનગાટ કરે
મન મોર બની થનગાટ કરે.
તમરાંને સ્વરે કાળી રાત ધ્રુજે,
નવ બાદલને ઉર આગ બુઝે,
નદીપૂર જાણે વનરાજ ગુંજે.

હડૂડાટ કરી, સારી સીમ ભરી, સરિતા અડી ગામની દેવડીએ,
ઘનઘોર ઝરે ચહુ ઓર, મારું મન મોર બની થનગાટ કરે
મન મોર બની થનગાટ કરે.

[नववर्षा : क्षनिका]

માની યાદ

કોઇ દિ' સાંભરે નૈ
　　મા મને કોઇ દિ' સાંભરે નૈ.
કેવી હશે ને કેવી નૈ
　　મા મને કોઈ દિ' સાંભરે નૈ.

૧

કોક કોક વાર વળી રમ્મત વચાળે મારા
　　કાનમાં ગણુગણુ થાય;
હુ તુ તુ તુ ની હડિયાપાટીમાં
　　માનો શબ્દ સંભળાય—
મા જાણે હીંચકોરતી વઇ ગઈ,
　　હાલાંના સૂર થોડા વેરતી ગઈ–કોઇ દિ'.

૨

શ્રાવણુની કોક કોક વે'લી સવારમાં
　　સાંભરી આવે બા—
પારિજાતકની મીઠી સુગંધ લઈ
　　વાડીએથી આવતો વા;

દેવને પૂજતી ફૂલ લૈ લૈ
મા એની મ્હેક મ્હેક મેલતી ગઈ—કોઇ દિ'.

૩

સૂવાના ખંડને ખૂણે બેસીને કદી
આભમાં મીટ માંડું;
માની આંખો જ જાણે જોઇ રહી છે મને
એમ મન થાય ગાંડું.

તગમગ તાકતી ખોળલે લૈ,
ગગનમાં એ જ દૃગ ચોડતી ગૈ—

કોઈ દિ' સાંભરે નૈ
મા મને કોઇ દિ' સાંભરે નૈ.

કેવી હશે ને કેવી નૈ
મા મને કોઈ દિ' સાંભરે નૈ.

[मने पडा : शिशु भोलानाथ]

માઘેલો બાળ

પેલાં વાદળમાં વસનાર, માડી! મને બાળ બોલાવે;
એનાં હૈયાં તે કેવાં હેતાળ! માડી મને રમવા બોલાવે.

આખાં ઊભાં કરે વાતડી
અમે રમત જ રમતાં!
વા'ણું વાયે વે'લાં નીસર્યાં
ને રાતે પાછાં વળતાં.

સોનાના ખેલ સવારમાં
ખેલ્યાં સૂરજ સંગે,
રાતે રમાડશે ચંદ્રમા
રૂડે રૂપેરી રંગે.

શી રીતે આવું એ દેશમાં
મને કોણ ત્યાં તેડે?
આવજે દોસ્ત તું એકલો
તારી વાડીને શેઢે.

ઊંચા કરી તારા હાથને
ઊભો બે ઘડી રે'જે,
બાળા રાજા! તને તેડશું
અમ મેઘલ દેશે.

ના રે બાપુ! મારી માવડી
વાટયું જોશે ને રોશે!
સુણી વાદળ કેરાં બાળુડાં
હસી જાય વિદેશે.

: સાખી :

તું બનજે મુજ ચંદ્ર મા! હું બનું વાદળ-બાળ,
અગાશીના આકાશમાં રમશું રમત રસાળ.
માડી! મને બાળ બોલાવે-પેલાં૦

(૨)

પેલાં સાગરમાં વસનાર, માડી! મને બાળ બોલાવે,
એનાં હૈયાં તે કેવાં હેતાળ, માડી! મને રમવા બોલાવે.

છાનાં કહે મારા કાનમાં
અમે ભમવા તે જાતાં,
દેશ વિદેશને કાંઠડે
રૂડાં ગાયન ગાતાં.

આજે આંહીં આવી નીસર્યાં,
કાલે ક્યાં વળી જાશું!
કોઈ હિસાબ ન રાખતું,
ક્યાંયે રાત રોકાશું!

હું રે પૂછું, મને તેડશો
તમ સંગમાં ગાવા?

હૈયે મારે ઘણા કોડ
દેશ વિદેશમાં જાવા.

આંખ વીંચી વીરા! પાણી-
ડાંમાં ઊતરજે તું ના'વા,
તેડી જશું અમ દેશમાં
તને ભમવા ને ગાવા.

ના રે બાપુ! મારી માવડી
ઝૂરી જીવ જ દેશે!
સુણી સાગર કેરાં બાળુડાં,
હસી જાય વિદેશે.

: સાખી :

હું મોજું જળનું બનું, તું પરદેશી તીર,
દેશાટન કરતો ફરું, તારે સકળ શરીર
—માડી! મને બાળ બોલાવે!

એવાં સાગરમાં વસનાર, માડી! મને બાળ બોલાવે.
એવાં વાદળમાં વસનાર, માડી! મને બાળ બોલાવે.

[मातृ वत्सल : शिशु]



મરતા બાળકનું આશ્વાસન

આવજો આવજો વા'લી બા !
એકવાર બોલ, ભલે ભાઈ તું જા !

૧

પાછલી તે રાતને પે'લે પરોડિયે
ઝબકીને તું જ્યારે જાગે,
રે મા ! ઝબકીને તું જ્યારે જાગે,
ઓસીકે પાંગતે ફેરવતાં હાથ તુંને
પડખું ખાલી લાગે હો મા !

માડી, મને પાડજે હળવા સાદ,
પડઘો થઈ હું દૈશ જવાબ—આવજો૦

૨

તારા હૈયા તે પરે ખેલવા ને ગેલવા
આવું બની હવાનો હિલોળો
રે મા ! આવું બની હવાનો હિલોળો;
લાંબી લટોમાં રમું ઓળકોળાંબડે
ગૂંથશે તું જ્યારે અંબોડા હો મા !

માડી ! તારો ઝાલ્યો હું નહિ રે ઝલાઉં
ચાર પાંચ ચુમી ભરી ચાલ્યો જાઉં—આવજોઃ

૩

ચંદન-તળાવડીનાં નીર મહીં ના'તી
જોઈ જૈશ હું તને જ્યારે
રે મા ! જોઈ જૈશ હું તને જ્યારે;
મોજું બનીને તારે અંગેઅંગ મા'લીશ
તોય મને કોઈ નહિ ભાળે હો મા !

માડી ! મારી છલછલ છાની વાત
સાંભળીને કરજે ના કલપાંત—આવજોઃ

૪

આષાઢી રાતની મેહુલિયા-ધારનું
ઝરમર વાજું વગાડું
રે મા ! ઝરમર વાજું વગાડું,
બાબુડિયા બેટડાને સંભારી જાગતી
માડી ! તુંને મીઠડી ઉંઘાડું હો મા !

માડી હું તો વીજળીનો ઝબકારો
કે જાળીએથી 'હાઉક !' કરી જૈશ હું અટારો—આવજોઃ

૫

આકાશી ગોખનો ટલમલ તારલો
થૈને બોલીશ : બા ! સૂઈ જા,

રે મા! થૈને બોલીશ: બા! સૂઈ જા;
ચાંદાનું કિરણ બની લપતો ને છપતો તુંને
ભરી જૈશ એક બે બક્કા હો મા!

માડી, તું તો ફેરવીને ગાલે હાથ
નાખજે નવ ઊંડા નિઃશ્વાસ—આવજો૦

૬

ઝબલું ટોપી લઈને માશીબા આવશે
પૂછશે, ક્યાં ગયો બચુડો?
રે મા! પૂછશે ક્યાં ગયો બચુડો?
કે'જે કે બેન, બચુ આ રે બેઠો
મારી આંખ કેરી કીકીઓમાં રૂડો

હો બેન! મારે ખોળલે ને હૈયા માંય
બાળ મારો બેઠો છે સંતાઈ!—આવજો૦

[विदाय : शिशु]

ઈચ્છામતી નદી

મનનું ધાર્યું હોત થવાનું
તો હું જલદી થાત નદી;
ફૈબા ! તમને કહીં રાખત કે
નામ પાડજો ઈચ્છામતી.

૧

જમણે કાંઠે સૂરજ ઊગે
ડાબે ઘનઅંધારી રાત,
બન્ને જોડે બેનપણાં ને
કહ્યા કરત હું મનની વાત;
અરધી વાતો દિવસે થાત
ને બાકી રાતે અરધી
જો હું નાની થાત નદી.

૨

રમતી ભમતી ગામ–સીમાડે
ગરબા ગીતો ગાતી જાત,
આઘાં ને ઓરેરાં ખેતર
પાણીડે હું પાતી જાત.
સમશાને પણ થાતી જાત

દાદાજીની પાસ કદી
જો હું નાની હોત નદી.

૩

ગામજનોને એકે એકે
ઓળખતી હત નામ દઈ,
ના'વા ધોવા આવે ને વળી
પાવા આવે ઢોર લઈ,
પો ! પો ! ત્રો ! ત્રો ! સાંભળતી
લેર પડત જો હોત નદી.

૪

પરદેશીડા વિધ વિધ વેશે
—નામ નહિ જાણું કે ગામ—
હાથે જૂતા લૈ મૂછાળા
ઊતરત ભરતા મને સલામ,
બોલત 'હે અલ્લા ! હે રામ !'
બેસત ઉરની વાત વદી
હું સાંભળતી જાત નદી.

૫

મારી જળ-લેર્યોને છોગે
ઝળહળ ટુકડા તેજ તણા,
છલક છલક પરીઓ શા નાચત
તાળી દૈ દૈ હસત ઘણા,

ત્યાં તો પાણી ડોળી નાખત
બચળાં બુચલી કૂતરીનાં;

પણ મારે છે આળસ ક્યાં ?
જલદી પાછી આછરતી,
હું જો નાની હોત નદી.

૬

મારે તળિયે લપાઈ બેઠા
દુત્તા ને દોંગા ચૂપચાપ
ગામ તણા એ ઉતાર સઘળા
ગોબર કચરો કાદવ કાંપ.

સામા સામી દેતા ટાંપ,
છાનગપતિયાં મુજથી બી,
શું બકતા હું જાણું નદી !

૭

મારો એક ટપૂકડો ટુકડો
લોકોને બસ છે દેખાય,
બાકીની હું ક્યાં ખોવાણી !
મુજને પણ અચરજ બૌ થાય;
બડી રમૂજની બાબત ભાઈ !

ખોળી કાઢોને જલદી !
હું તો ભેદ ભરેલ નદી.

૮

આ કાંઠે હરિયાળા આરા
તરબૂચ ચીભડાં ફૂલવાડી,
ઓલે કાંઠે વેકુર સળગે,
બાવળ ઝાડી કાંટાળી :
દિવસે આવન–જાવન રૂડાં
રાત પડે હું બીકાળી.

સૂઈ જા સોપટ બેન ભદી !
રાતે હું ભેંકાર નદી.

[ईच्छामती : शिशु भोलानाथ]

કાંઠે રમનારાં

[ગોકુળ ગામ સોહામણાં રે, જળ જમુનાને તીર
ગિરધર ચારે ગાવડી, હાં રે ભેળા બળભદ્ર વીર
ગોકુળ ગામ સોહામણાં–એ ઢાળ]

૧

દરિયાના તીર રળિયામણા રે
રૂડાં રમે નાનાં બાળ;
નાતાં ગાતાં ને કાંઈ નાચતાં,
હાં રે હૈયે નથી કો'ની ફાળ
—કાંઠે રમે રે રૂડાં બાળુડાં.

૨

ઊંચે અનંત આભ થંભિયાં રે
વિના થોભ ને થડકાર,
નીચે નાચે રે નીલાં પાણીડાં,
હાં રે સદા ફીણાળાં શ્રીકાર
—કાંઠે રમે રે રૂડાં બાળુડાં.

૩

વેળુ દાબીને કરે ઘોલકી રે
રૂડાં તરાવે છે વા'ણ;

પાળ્યેથી વીણી વનપાંદડાં
હાં રે ગૂંથે હોડલાં સુજાણ
—કાંઠે રમે રે રૂડાં બાળુડાં.

૪

રમતાં તે બાળુડાંએ દીઠડાં રે,
એવાં અચરજ બે ચાર;
ક્યાં રે હાલ્યા આ મોટા કાફલા !
હાં રે કોણે ડોળિયાં પતાળ !
—કાંઠે રમે રે રૂડાં બાળુડાં.

૫

મરજીવા મોતીડાંના લોભિયા રે
ડોળે પાણીનાં પતાળ;
વાણીડા લક્ષ્મી તણા લાલચુ,
હાં રે હાલ્યા ખેડવા વેપાર
—કાંઠે રમે રે રૂડાં બાળુડાં.

૬

બાળુડાં ન જાણે જળ ડોળતાં રે,
નથી જાણતાં વેપાર;
કાંઠે બેસીને વીણે કોડીઓ,
હાં રે વીણે શંખલાં બે ચાર
—કાંઠે રમે રે રૂડાં બાળુડાં.

૭

દરિયો ભેંકાર ભૂરો ગાજતો રે,
હસે સાગરે જુવાળ;
હાલાં ગાતી રે જાણે માવડી,
હાં રે નાનાં બાળુડાંને કાન
—કાંઠે રમે રે રૂડાં બાળુડાં.

૮

ઓચિંતા આભ ચડ્યા વાયરા રે,
ગડયાં કાળનાં નિશાન;
ડૂબ્યા મરજીવા મોતી વીણુતા,
હાં રે ડૂબ્યાં વાણીડાનાં વ'ાણુ
—કાંઠે કિલ્લોલે રૂડાં બાળુડાં.

૯

મોતી માયાના મોટા લોભિયા રે,
મહીં પડી ખુવે પ્રાણ;
નાનાં નિરલોભી ઊભાં કાંઠડે
હાં રે કરે ગાન ગુલતાન
—કાંઠે રમે રે રૂડાં બાળુડાં.

[खेला : शिशु]

ચુંબન

જાણે જીવનમાં પે'લી વાર મળી
 દોનું હોઠ કરે છાની ગોઠડીયું,
દોનું પાય પીએ જાણે લાલ પિયાલીયું
 પ્રેમ–મદિરાની મીઠડીયું.

૨

દોય પ્રીતડીયું સખીયું બનીને
 ઘરબાર મેલી જાણે નીકળીયું.
અધરોની સરિતાને સંગમ પે
 પછી તીરથ–સ્નાન કબ્જૂ મળીયું.

૩

બે તરંગ ઊઠી જાણે આમન સામન
 ભાંગીને ફેર મળે અધરે;
કે શું દેહ–રૂંધાયલ બે ઊરમિ
 મળી માંડ વપુ કેરી સીમડીએ !

૪

લખે ગાન સુકોમળ અક્ષરથી
 લહીઓ થઈ પ્રેમ બે હોઠ પરે.

થોકે થોક કડી જાણે ચુંબનની
ઝડીમાર શું લેખણુમાંથી ઝરે!

૫

કે ના માલણ એક મહા કસબી
અધરો કેરી કુંજેથી વીણી રહી
ફૂલ ચુંબન-ડાળીએ લુંબઝુંબાં,
ગૂંથશે ગજરા પછી ઘેર જઈ!

૬

ઉપમા કેરો પાર ન આવે રે પાગલ!
હાર બન્યો, અણ મેર ભરો!
અધરોના મિલાપમાં આ તો રોપાયો છે
બે મીઠાં હાસ્યનો માંડવડો.

[चुंबनः कडि ओ कोमल]

ઇ

બાહુ

ભુજપાશ ભીડી, કોને એક ઘડી–
પલ રોકવા બાહુ બે ઝૂરી રહ્યા !
'નવ જાવ, ન જાવ,' પુકાર કરી
મૂંગું ક્રંદન કોને સુણાવી રહ્યા !

૨

ઊંડી વાત રૂદા કેરી હાથ કરી લઈ
લેખણુ દોત કે શાહી પખે,
તનડાની કિતાબ તલેતલ ઘૂંટીઁ
રોમાંચ કેરા બાહુ લેખ લખે.

૩

નિજ કંઠથી જોબનહાર ઉતારીઁ
પરાયાને કંઠ પે'રાવી દિયે,
મનડાની ઘૂંટેલ હિના મલકે
એ બે બાહુ તણી દસ અંગુલિએ.

૪

ફૂલછાબ છલોછલ વીણી કલેજાની
લાવી ધરે કોને પાહૂલિયે !

કોની અન્યની દુઃખ-બલાયું ઉતારી
એ બાહુ પોતા કેરે શિર લિયે!

૫

એ બે બાહુની બાથમાં બંદી બનેલાને
મોચનના નવ શાપ નડો!
એ બે બાહુની ગૂંથેલ ગાંઠ સુભાગી કો
છાતી થકી કદી ના ઊખડો!

[वाहु : कडि ओ कोमळ]

હૃદય-આકાશ

મુને વાદળમાં વસનાર વિહંગને
આજ નવીન આકાશ મળ્યું.
રે હું જાતેથી આવી ઝલાઈ ગયો–
તારાં નેનનનું નવું આભ મળ્યું.

૧

એ અનંત દિગન્તને કાંઠડલે
તારી પાંપણના પડદા ઊઘડે
અને નિત્ય નવીન પ્રભાત પડે.

તારી કીકીને તારકે દીપ્ત નીલામ્બરે
વાસ ચહે દિલ એકલડું,
મારા મોર-મલાર બધા કિલકાર
ઉતારીને આ નવ-વ્યોમ ભરું,

૨

એવા નિર્મલ નીલ નિઃસીમ નભે
મારી પાંખને રાખ વિભુ નિરભે!
કરી પાર હું પોંચીશ પ્રાણ લગે.

તારાં અશ્રુને વર્ષણે વર્ષણે હું નિત
ચાતક થૈ ધરી રાખું ગળું,
ને ચકોર બની તારાં હાસ્યના ચંદ્ર-
ઉજાસનો ચંચુથી ચારો ચરું.

[हृदय-आकाश : कडि ओ कोमल]

આવ ચાલી!

તું જેમ છો તેમજ આવ ચાલી,
શોભા ઠઠારા અબ છોડ ખાલી.
ચોટો ન લીધો?
સેંથો ન સીધો?
ચોલી ઢીલી છે?
તો લાજ શી છે?
છૂટી લટે બેશક આવ ચાલી,
શોભા ઠઠારા અબ છોડ ખાલી.

૨

દેરી ન કર, દોડ, ઉતાવળી થા,
ખુલ્લા પગો નૈ તળવાય, બી ના.

મેંદી મૂકી છે?
લુંછાઈ જાશે?

નૂપુર ને મોતનમાળ બન્ને
બીડ્યા વિના ક્યાંક પડી જ જાશે?

તો ખેદ શાનો? ગમ શીદને ખા?
દેરી ન કર, દોડ, ઉતાવળી થા.

૩

આકાશમાં જો, ઘનઘોર ઘેરે,
અંધારના પાલવ પાથરે રે,
સામા કિનારા થકી હારબંધ
ઊડી ચલ્યાં જો બગલાં અનંત.
આંધી ચડી જો સૂનકાર સીમે
ગૌધેન નાઠાં ઝટ ગામ દીમે.

૪

દીવો કરી કાજળ સારવાં છે?
રે કોણુ જોશે?
કે આંખમાં કાજળ છે નહિ છે!
ને વાદળીથી ય વિશેષ કાળી
જળાળી તારી ભરી આંખડી છે.
તો વ્યર્થ શાને
દીવો જલાવે?

આંજ્યા વિના ફક્કડ આંખડી છે
આંધી ચડે છે, ઝટ આવતી રે'!

૫

માલા ન ગૂંથી?
તો ખેર બાલા!
શાને સજે છે
શણગાર ઠાલા?

આભૂષણોનું નવ લેશ ટાણું.
જો પૂર્વમાં આભ ઝડે ઝલાણું.
જેવી જ છો તેવી જ આવ ચાલી
સાદી સલૂણી જ દિસે રૂપાળી.

[चिरायमाना : क्षनिका]



ગુપ્ત પ્રેમ

[સીતાજીના મહિનાનો ઢાળો]

દેવે પ્રાણ ભરીને દીધો પ્રેમ, રૂપજ કાં દીધું નહિ.
મારે પૂજનના અત કોડ, પૂજું એને શું લઈ !
પ્રેમ મનમાં ને મનમાં સમાય
દેખાડચો ન જાય
જીવણજીની આગળે.
તેથી દેવનાં પ્રેમિક લોક
પૂજે થોકે થોક
ઝીણે મોટે ફૂલડે. ૧
મારે થંભી પિયુ ઘર બા'ર
જોવા પ્રાણાધાર
લેવાં છાનાં મીઠડાં.
હુંથી પ્રીત પ્રગટ નવ થાય
દેખે તો શું થાય
રે'વાનું અદીઠડાં. ૨

મારે મનમાં ચાહી મરી રે'વું,
પૂછે તો શું કે'વું:
'તું કોણ અભાગણી!'
મારે રૂંધી રૂદા કેરાં દ્વાર,
રચી કારાગાર
આપે થાવું બંદિની. ૩

પણ મનડાની માયલી પ્રીત, ઝાઝી જેમ ગોપવું.
તેમ અવળી અંતરની રીત, ઝાઝા જોરે કૂદવું!

જેમ કાળી વાદળડીની કોર
પરભાતને પો'ર
ઝાઝેરી ખીલી ઊઠે,
જેમ કાળુડી વનરાને ઉર
ઝાઝેરી મધૂર
કુસુમ-કળીઓ ફૂટે; ૪

જેમ કાળી રાતલડીની અલકે
તારલ ઝાઝો લળકે,
મીઠપ મેલે આભમાં;
તેમ પ્રેમ પોતા કેરી વાણી
મુખલડે દેખાડી
પામે પૂરી ધન્યતા. ૫

એક મારા કાળજડાની કળીઓ મોર્યા વિણ રૈ જતી.
મારા મનડાની મીઠી મંજરીઓ કાયા પે ન કોળતી.

એને દાખવવી પડે દેહ, જો પ્રીતડી દાખવું;
એથી ડરતી રહું છું દૂર, રખે એને દૂભવું.

મારું મુખ નીરખવાને કાજ મથે છે એ જે ઘડી,
નીચાં ઢાળી ઢાળીને નેણુ, ખોતરતી હું ભોંયડી. ૬

એને ઓરા દેખી દૂર થાઉં
ખૂણે જૈ લપાઉં
આશા છૂંદી ઉરની;
પાછા ભાળીને ભેંસત ખાય
કૈં પૂછવા ચાય,
બીકે મોઢું છૂપવી! ૭

મારાં વેણુ ને નેણુની માંય
પાછા વાંચી જાય
જીવન કેરી વાતડી!
પાછા મનમાં વિચારે જો એમ,
'આ શું જાણે પ્રેમ
'કાળાં મોંની કૂબડી!' ૮

એવો ફડકો રાખીને ફરું દૂર;
વિધાતા તું ક્રૂર!
મારે કરમે થઈ.
મને પ્રાણુ ભરીને દીધો પ્રેમ,
રૂપ જ કાં દીધું નહિ!

[गुप्त प्रेमः मानसी]



પડછાયાનો પ્રેમ

૧

સાંભળ્યું છે, તને હું અકારો બન્યો,
છો બન્યો! કાંઈ પરવા ન રાખું;
લોહની સાંકળે ઝકડી તારા પગો
પાય મારે તને બાંધી રાખું.

૨

છૂટવા આશ રાખીશ ના કોઈ દિ',
બંદિની મારી છે તું યુગોની;
માહરા પ્રાણુ સું પ્રાણુ તારો જડ્યો,
જોઉં છું છોડવા હામ કોની!

૩

વિશ્વમાં જ્યાં જશે,
બેસશે ઊભશે,
રાત કે દિ' હશે,
તાપ ઠંડી હશે;
હર ઘડી હર સ્થલે ઝણુઝણુતી આવશે
લોહ-જંજીર મુજ પ્રેમ કેરી,
માહરા પ્રાણુ-પાષાણુ ને તાહરા
પાય-કાંડે અનંતી જડેલી.

૪

પલક પણ મેં તને ક્યાંય ભાળ્યા પછી
જોઉં છું કેમ છટકી શકે છે!
જોઉં છું કો' તને સંઘરે છે!

ચાહ ના ચાહ,
બોલાવ અથવા નહિ,
પાસ રે' ના રહે,
નાસ, સંતા કહીં;

સાથ ને સાથ, આંટી દઈ પાયમાં,
ગાત્રસું ગાત્ર મસળી રહેશે,
ફૂટલા માહરા હૃદયનું ડાકલું
દમદમે તાહરે તાલ દેશે;
જોઉં છું કેમ છટકી શકે છે!

૫

અનવધિ કાળનો સંગી છું શાશ્વતો,
દેખ હતભાગિની! દૂર ક્યાં છું!
આંસુડાં સારતી, હાસ્ય વા વેરતી,
જોઈ લે, તું જહીં હું તહીં છું;
કદીક સન્મુખ ખડો, કદીક પાછળ પડ્યો,
બાજુએ કદીક રૈ આવરૂં છું,
દેખ હતભાગિની! હું જ હું છું!

૬

રાત ગળતી હશે, તું કકળતી હશે,
એકલી જાગતી દીપ બાળી;

ત્રાસ પામી જશે, હેબતાઈ જશે
'હાય હા ભૂત!' કૈ સદ્ય ભાળી
તાકીને સન્મુખે મૂક બેઠેલ આ
મિત્રની કાળી અંધાર–કાયા;
રાત દી' પાસ પણ ઓળખી નવ શકે
વાહ પોતાની તારી જ છાયા!

૭

જે દિશે ફેરવીશ મોઢડું તે દિશે
હું ય સામે ફરીને ઊભીશ,
વિશ્વ સારાયને મારી આડશ કરી
દૃષ્ટિ તારીથી ઢાંકી દઈશ.

કોઇ દુઃસ્વપ્ન શો, દુષ્ટ સંકલ્પ શો,
ગુંગળાવીશ તુંને નિરંતર;
તાહરા નયનને આંસુડે આંસુડે
રાત દી' પો'ર પો'રે પલેપલ

રૂપ મારું ભયંકર સદા ન્યાળતો
હૃદય પરજાળતો રોજ તારું,
આંખના ડોળલા બા'ર આવી પડે
એવી દૃષ્ટિ તણી મૂઠ મારું.

રક્તહીન રિક્ત કંકાલ શો રૈ ખડો,
ઘોર ખપ્પર ધરી, ફાડી ડોળા,
ફક્ત બોલ્યા કરું 'દે! હજી દે વધુ!
'દે વધુ, દે વધુ માંસ–લોળા."

૮

રગરગ્યા કરીશ હું
ને રડયા કરીશ હું,
નિત્ય નાખ્યા કરીશ હું નિસાસા;
કાનમાં ચીસ દૈ
પ્રાણુની પાસ જૈ
પોક પાડીશ 'હા! હાય! હા! હા!!'

૯

એકલા ફક્ત મુજ નામના જાપથી
કાનમાં નિત્ય ઘોંચીશ કાંટા,
લોહ-શૂળા પરોવીશ તુજ પાનીએ,
માર જ્યાં મારવા હોય આંટા.

૧૦

આગલા જન્મના ઘોર અભિશાપ શો,
આવતા જન્મનું કો અદૃષ્ટ
થૈ તને ચૂડમાં લૈ સદા ચૂસતો
વર્તમાને કરી દૈશ નષ્ટ.

૧૧

જાણુ કે આજ એફાટ ભવસાગરે
વિશ્વની નાવ ડૂબી રહી છે,
માંહીં તું-હું વિના કોઈ બીજું નથી
મેં તને બાથમાં આંકડી છે.
છૂટવા તું મથે
ડૂબવા સાગરે

જીવતી કે મૂએલી ન છોડું,
વ્યર્થ વલખાં જશે,
જોર તૂટી જશે
બેઉ સાથે ડૂબીશું – ન છોડું.

૧૨

કો' મહારોગ શો ઝકડી આલિંગને
રોમરોમે તને હું પ્રજાળું;
બળતરા મારીથી તરફડી ઊઠશે
રટણ રે'શે ફક્ત એક મારું.
નીંદમાં સોણલે
માત્ર જોશે મને
ને હું એકજ તને
નિર્નિમેષે નિહાળું;
રાત્રિયે હું – દિવાના તણા સાદથી
કમકમી ઊઠશે તિમિર કાળું.

૧૩

સાંજની આસુરી વેળ અંધારમાં
કોઈ નિર્જન પથે ચાલતાં ચાલતાં
માહરા હાસ્યના ખડખડાટા
સાંભળી હોશ થાશે જ ખાટા.
દેખ! વેરાનમય કાળી આ રાતને,
પેખ આ પંથ ભૂલેલ હું – પ્રેતને;

ભૂખ ને પ્યાસના આ હુંકાટા,
પ્રાણ પાડી રહ્યો ઘોર ઘાંટા.
કાળી આ રાતડી
માંડ તું સાંપડી
છોડું ના પલ ઘડી,–માર આંટા!

૧૪

જુગજુગાન્તર તણી અણુટળી પ્યાસ તે
છીપશે શું કદી આ જીવનમાં!
છાતીમાં છૂરી શી
ખૂતતી જાય છે,
પ્રાણમાં ગરલ શી
નિત્ય ઘૂંટાય છે.
રોગ શી રક્તનાં સર્વ કણમાં.

૧૫

નિત્ય મૃત્યુ ખડું જિંદગી પાછળે,
આશની પાછળે ભય ધસે છે,
ડાકણી શી સદા દિવસની પાછળે
રાત આ વિશ્વમાં દોટ દે છે,
તેમ આ વિશ્વને નિયમ બંધાઈને
–તેજ જ્યાં હોય ત્યાં હોય ઓળો–
પાસ સૌંદર્યની જાગતી લાલસા;
પ્યાસ છીપે નહિ, કે ન પો'રો,

[राहूर प्रेमः छवि ओ गान]



કૃષ્ણ કળી

ગામનાં માણુસ મૂરખાં રે એને કાળવી કે'તાં રે.
હું કે'તો કૃષ્ણકળી કૃષ્ણકળી કૃષ્ણકળી રે
ગામનાં માણુસ મૂરખાં રે એને કાળવી કે'તાં રે.

૧

દીઠી વૈશાખને દા'ડે, સીમને કૂવે, બાપની વાડી રે,
માથે કાંઈ ઘૂમટો નો'તો,
ખંભે કાંઈ સંગટો નો'તો,
ઝૂકાઝૂક ઊડતો ચોટો મોકળો એની પીઠ પછાડી રે

કાળી! મર દેહડી કાળી–
મેં તો જોઈ આંખ બે કાળી.

બીજું કાંઈ દેખવું નો'તું, આંખ બે કાળી,
હરણાં વાળી રે
આંજ્યા વિણ આંખ બે કાળી રે—ગામનાં૦

૨

આભે એક વાદળી ભાળી ભાંભરી ઊઠી ગાય બે કાળી રે.
આવી ફાળ પામતી બાળી કાળવી એની ઝૂંપડી બા'રી રે
ભાંગીને આંખનાં ભમ્મર આભની સામે ઊભલી ન્યાળી રે

તે દી' મેં કાળવી દીઠી,
દીઠી બસ આંખ બે મીઠી,

બીજું કાંઇ દેખવું નો'તું, આંખ બે કાળી હરણાં વાળી રે
આંજ્યા વિણુ આંખ બે કાળી રે—ગામનાં૦

૩

ઊગમણી લેરખી આવે, મોલ ઝુલાવે, ખાય હીંચોળા રે
સીમે કોઈ માનવી નો'તું, એક ઊભો હું, ન્યાળતો લીલા રે.

મારી કોર ઠેરવી આંખ્યો
ઝાંખ્યો કે નવ રે ઝાંખ્યો ?—

હું જાણું કાળવી જાણે, કોઈ ત્રીજું જણુ કાંઈ ન જાણે રે.

કાળી ! મર હોય એ કાળી,
મેં તો બસ આંખડી ન્યાળી.

બીજું કાંઈ ન્યાળવું નો'તું, આંખ બે કાળી, હરણાં વાળી રે
આંજ્યા વિણુ આંખ બે કાળી રે—ગામનાં૦

૪

એવો જગ જેઠ બેઠો ને મેવલો બેઠો આભ ઈશાને રે
એવી આષાઢની બાદલ–છાંયડી કાળી રાવટી તાણે રે
એવી કોઈ શ્રાવણી રાતે દિલ એકાએક ડોલવા લાગે રે
એવી એક કાળવી કેરાં કાજળ–ઘેરાં સ્મરણાં જાગે રે.

૫

ગામનાં લોકો ! કાળવી કો', દિલ ચાય તે કે'જો રે
હું તો કહું કૃષ્ણકળી કૃષ્ણકળી કૃષ્ણકળી રે

માથે કાંઈ ઓઢણી નો'તી,
વેળા લાજવાનીય નો'તી,

બીજું કાંઈ ન્યાળવું નો'તું, બસ દીઠી બે આંખડી કાળી રે
કાળી કાળી મેઘની છાયા હેઠ મેં દીઠી આંખ બે કાળી રે
કાળી કાળી હરણાં વાળી રે—ગામનાં૦

[कृष्णकलिः क्षनिका]



દીઠી સાંતાલની નારી

દીઠી સાંતાલની નારી રે આજ દીઠી સાંતાલની નારી.
શીમુળના ઝાડ હેઠ જાતી ને આવતી દીઠી સાંતાલની નારી.

૧

માથે માંડેલ છે માટીની સૂંડલી,
ઘાટીલા હાથમાં થોડી થોડી બંગડી,
પાતળિયા દેહ પરે વીંટેલી ચૂંદડી :
કાયાની કાંબડી કાળી.

કેશૂડા રંગના ભડકા લે'રાવતી લાલ લાલ કોરની સાડી;
શીમુળના ઝાડ હેઠ સબકારે ચાલતી દીઠી સાંતાલની નારી.
દીઠી સાંતાલની નારી રે આજ દીઠી સાંતાલની નારી.

૨

આષાઢી મેઘ અને થોડી શી વીજળી
લૈને બેઠેલ હશે બ્રહ્મા :
ભૂલકણા દેવ, તમે પંખીડું વીસરી
ઘડી કેમ માનવની કન્યા !

પાંખોની જોડ એના હૈયામાં સંઘરી, સરજી સાંતાલની નારી.
ઊડું ઊડું હીંડતી હલકે વિદ્યાધરી : દીઠી સાંતાલની નારી.
દીઠી સાંતાલની નારી રે આજ દીઠી સાંતાલની નારી.

૩

દખ્ખણાદા વાયરાની કો'ક કો'ક લેરખી
વહી જાતી શીતને ધખાવે;
સૂકેલાં પાંદ અને ધૂળ તણી આંધીઓ
મરુતોની મોજને ચગાવે.

શાળાનો ઘંટ થાય, દૂર દૂર વહી જાય પાવા બજાવતી ગાડી:
એવા પરભાતને પો'રે મેં એક દી' દીઠી સાંતાલની નારી.
દીઠી સાંતાલની નારી રે આજ દીઠી સાંતાલની નારી.

૪

પેલું બંધાય મારું માટીનું ખોરડું
શીતળ નાજુક ને સુંવાળું;
મો'લને ઝરૂખે હું બેસીને કોડભર્યો
મજૂરોની મેદિની નિહાળું.

કડિયાની હાક પડે, હડીઓ ત્યાં કાઢતી દીઠી સાંતાલની નારી;
ધગધગતી માટીની સૂંડલીઓ સારતી દીઠી સાંતાલની નારી.
દીઠી સાંતાલની નારી રે આજ દીઠી સાંતાલની નારી.

૫

પો'ર ને બપોર એની બળબળતી દેહના
કરતી'તી રોજ રોજ છૂંદા :
કવિની કુટિર તણાં ભીંતડાંને કારણે
ખેંચે એ ધૂળ તણા લૂંદા :

લાજી લાજીને મારાં લોચન બિડાય છે : દીઠી સાંતાલની નારી;
ધિઃકારે આત્માના દીપક ઝંખાય છે : દીઠી સાંતાલની નારી.
દીઠી સાંતાલની નારી રે આજ દીઠી સાંતાલની નારી.

૬

પ્રિયજનની સેવાને કારણિયે સરજેલી
નારીની પુણ્યવતી કાયા:
એ રે કાયાનાં આજ દુનિયાના ચોકમાં
સોંઘે રાં હાટડાં મંડાયાં.

ચાર આઠ ત્રાંબિયાની રોજી આપીને મેં લૂંટી સાંતાલની નારી;
દીઠી સાંતાલની નારી રે આજ દીઠી સાંતાલની તારી,

નવી વહુ

[ઢાળ – મારાં નયણાંની આળસ રે]

“ એલી! ચાલ પાણીડાં રે, ચાલ્યે વે'લી સાંજ પડે. ”
આઘે આઘેથી એવા રે, કાને ભણકાર અડે.

ક્યાં એ પાણીનો આરો રે! સૈયર કેરા સાદ ક્યહાં ?
ક્યાં એ પારસ પીપળો રે! ક્યાં રે એની ઘાટી ઘટા!

સૂના ઘરને આ ખૂણે રે બેઠી છું હું શૂન્ય મને,
‘એલી ચાલ પાણીડાં રે!’ સૈયર જાણે સાદ કરે.

મારાં મૈયરિયાની રે સાંજો મને યાદ ચડે,
કાખે બેડલું લેતી રે – વાંકે રૂડે મારગડે–

ડાબાં ખેતર ખાલી રે સદા ઘૂઘવાટ કરે
લીલા વાંસની ડાળ્યો રે ઝૂલન્તી સદા જમણે.

કાળાં નીર ધૂનાનાં રે ઊંડે ઊંડે હેલે ચડે,
એને માથે રૂપાળાં રે સંધ્યા કેરાં તેજ ગળે.

ઘાટી વનરાની છાયા રે ધૂનાની ચોપાસ ઢળી,
કાંઠે ટૌકતી કોયલ રે અમીઅલ કંઠે ગળી.

એનાં નિશ્ચલ નીરે રે નાવા હું તો ઊતરતી
એને હળવે હેલારે રે ઠેલાતી ઠેલાતી જતી.

પાછી વળવાની વેળા રે વીસરતી ને મોડી પડું,
વાટે વનરાની વીથી રે અંધારેલી દેખી ડરું.

ત્યાં તો વૃક્ષોની વચ્ચે રે ઝળેળ ઝળેળ થતો
મારો વીર ચાંદલિયો રે મારગ મુંને દાખવતો.

એક પીપળ રૂડો રે ઊગ્યો ગઢ – રાંગ ફોડી;
ઊઠી રોજ પ્રભાતે રે જાતી એની પાસ દોડી.

આસો માસની ધરતી રે થાળી જાણે ઝાકળની,
લૂંબાઝુંબ લચેલી રે કરેણુ – ફૂલે ધરણી.

ને બે બેગન – વેલા રે રાંગે રાંગે હોડ કરી
ફૂલ વેરન્તા વાધ્યા રે ન આગે પીછે ન જરી.

એની આડશ લને રે આખો દી' લપાઈ જતી,
મારે માથેથી ઓઢણી રે સરી પગમાં ઢળતી.

સીમે જોઉં તો ખેતર રે અનંત કતાર રચી
ઊભાં ગામ – ચોપાસે રે નથી એને ભીડ જરી.

છેલ્લા ખેતર – શેઢે રે મળી જાણે વાદળને
ઊભું ગામ એકાદું રે પ્રેમેથી બોલાવે મને.

અને દેશવિદેશે રે પૂછ્યા વિણ પાટકતો
કેડો જાય છે ચાલ્યો રે અથાક પથિક સમો

૨

હાયે! આ નગરીનું રે શરીર શિલાનું ઘડયું,
મને પંજામાં પીસી રે દયાહીન દૈત્ય પડયું !

નથી મોકળાં ખેતર રે નથી પો'ળા મારગડા,
નથી પંખીનાં ગીતો રે નથી વન વૃક્ષઘટા,

જાણે મારી ચોપાસે રે ચૂપાચપ કોઈ ખડું,
જાણે સાંભળી જાશે રે અંતર ખોલી કેમ રડું !

નથી રોઇ શકાતું રે સાંભળનારું કો' ન મળે,
ભટકાઈને ભીંતે રે રુદન મારાં પાછાં વળે.

મારી આંખનાં આંસુ રે કો'ને સમજાય નહિ,
પૂછે કારણુ શું છે રે વારે વારે વિસ્મે થઈ.

'લોથું ગામડાં કેરું રે રીઝે નવ કાંઈ કર્યે !'
એવું એક જ મેણું રે મેલે મારા શિર પરે–

'બીજાં સર્વ પાડોશી રે ભેળાં બેસી ટૌકા કરે,
'એક આ જ મિજાજી રે ખૂણામાં ઘલાઈ મરે !'

કોઈ મોઢડે તાકે રે, કોઈ નખશિખ લગી,
કોઈ કે'શે રૂપાળી રે, કોઈ કે'શે માલ નથી !

જાણે ફૂલની માળા રે આવી હું તો પીઠ પરે !
સર્વ કિંમત કરતાં રે, નહિ કોઈ સ્નેહ કરે.

ભર વસ્તી વચાળે રે, હીડું છું હું એકલડી,
જુગ જેવડી લાગે રે જીવ્યાની એકેક ઘડી.

આ તો ખડકી છે ઇંટો રે, મનુષ્યો છે કીટ બધા,
ન વિનોદ, ન ગમ્મત રે, ન માયા કે ના મમતા.

૩

મારી ક્યાં છો માવલડી રે, મને શું તું ભૂલી ગઈ!
મને શે'રના સુખમાં રે નાખી શું નિહાલ થઈ!

માડી! ચાંદલો ઊગ્યે રે, ઓટા માથે રોજ ચડી
મને પાસ બેસાડી રે કથાઓ તું કે'તી રૂડી.

એવી દૂધલી રાતો રે ફરી શું હું દેખીશ ને?
એવી મીઠડી વાતો રે ફરી કે'દિ' પામીશ ને?

સૂની સેજલડીમાં રે માડી! તું તો રોતી હશે,
રજનીભર બેઠી રે લોચન કાં તો લો'તી હશે.

લઈ ફૂલ પ્રભાતે રે દેવાલયે જાતી હશે,
ધીડી કેરાં કુશળિયાં રે માગી બાધા લેતી હશે.

માડી આંહીં ય આભે રે, ચાંદો ઊગે ચકમકતો,
મને બેનીને ગોતે રે, બારી પાસે ટળવળતો.

દેશેદેશ ભમન્તો રે, માયાળુ એ આવ્યો અહીં,
મારી ખોજ કરન્તો રે, ઊભો છે અગાશી મહીં.

તેથી ભાન જ ભૂલી રે, દોડું છું હું દ્વાર કને,
ન્યાળું ચોગમ ઘેલી રે, મેલી સર્વ લોંઠપને.

૪

નહિ ચાંદની રાતો રે, નહિ અહીં સ્નેહ મળે,
દિલ દોટ કરે છે રે મૈયરિયાને મારગડે,

મારા નિત્ય સંગાથી રે ઘૂના કેરે ઘેરે જળે
પડી પ્રાણ પટકવા રે ખોળે એને શીતળડે.

એની સૈયર મારી રે! મીઠેરા એ સાદ કરો.
'એલી હાલ્ય પાણીડાં રે!' ફરી એ પોકાર કરો.

મુંને કોઈ તો કે'જો રે, પાણી-વેળા ક્યારે થશે?
મારી લગ્નની લીલા રે, કહો ક્યારે પૂરી થશે?

શીળા ઘૂનાને નીરે રે જ્વાળા ક્યારે વીરમશે?
કોઈ જાણણહારા રે, કહો ક્યારે ટાણું થશે.!

[वधूः मानसी]

જોડાની શોધ

૧

કચેરીમાં આવી રાજા હબુજી કોપાયમાન
તાડૂકાવે તાતાં વેણ ગબુ કામદારને–
'સાંભળ ડફોળ! કાલે જાગ્યો છું હું સારી રાત,
'વલોવી વલોવી એક કાઢ્યો છે વિચારને.
'ભોંય માથે ચાલ્યે મારે પગે માટી લાગી જાય
'એવું કેમ થાય એના શોધો તમે સારને;
'મારા બેટા! બેઠા બેઠા મફત મુસારા ખાવ!
કરી મૂક્યો સાવ ધૂળધાણી કારભારને!
'ભોંય પરે પાય મૂક્યા ભેળી માટી લાગી જાય,
'એનો ય ઉપાય તુંને સૂઝે ન ગમારને?
'મારી તકલીફ તણો તાકીદે નિકાલ કરો,
'નીકર ઉગાર નથી, કાપીશ પગારને.'

૨

સાંભળી સડક થાય કામદાર ગબુરાય,
ડોકે રેલા ચાલ્યા જાય, બન્યા છે બેબાકળા.
મોટા મોટા પંડિતોનાં ડાચાંય વકાસી રહ્યાં,
મુસદ્દીને થયા આખી રાતના ઉજાગરા.

વાટે ઘાટે વનિતાઓમાંય વાતો ચાલી અને
ચૂલા ન ચેતાય, ટાઢાં રસોડાનાં ઠામડાં.
આંસુડે પલાળી પાંખી દાઢી ધોળા વાળ વાળી,
બાપુના ચરણુ ઝાલી બોલ્યા ગભુ રાંકડા.
'તમારે ચરણુ બાપુ માટી જો નહિ જ લાગે,
'અમારે ચરણુ – રજ લેવી ક્યાંથી બાપલા!'

૩

ડોકી હલાવીને રાજા હબુજીએ સુણી વાત,
સુણીને કીધું કે 'તારી વાત સોળ વાલ છે.
'પણ મારા ચરણોનો પેલુકો ઈલાજ કરો,
'ચરણુ-રજની વાત વિચારી જાશે પછે.
'ધરા માથે ધૂળ વિના પાય-રજ પામો નહિ
'જખ મારવાને તંઈ પગાર અપાય છે?
'લાંબી પદવીયુંવાળા વિજ્ઞાનવેત્તાઓ ઠાલા
'રૂપાળા જાણીને રાજમાંઈ શું પોષાય છે?
'પે'લું કામ પે'લું કરો, બીજાં અભરાયે ભરો,
'આગે જોયું જાશે એ તો ભાવીમાં શું થાય છે.'

૪

બાપુનો હુકમ સુણી કાંપ્યા ગભા કામદાર,
આંખે આવ્યાં અંધારાં ને લૂવે મોઢું ખેસથી,
લખાણુ કાગળ અને વે'તા મેલ્યા હલકારા.
વિજ્ઞાની જ્ઞાનીને એણે તેડયા દેશોદેશથી.

ચશમાંની ડાંડી જેની ઘસાઈ ઘસાઈ છેડે
ભાંગી પડી વિદ્યા કેરા સેવન વિશેષથી,
એવા મોટા ગ્રંથકાર જંતર – તંતરકાર,
બેઠા વીંટાળીને કાને દોરી ખડા ટેસથી;
અઢાર કોઠી તો ખાલી થઈ ગઈ તપખીર;
છીંકુનાં પાણીડાં ખૂબ ગળ્યાં દાઢી – કેશથી;
ભેજાં ખોતરીને કૈક બોલ્યા 'ધાન ઊગે કેમ,
માટી જો હટાવી દેશું તમામ આ દેશથી ?'
સાંભળી હબુજી બોલ્યા હાકોટી, પછાડી હાથ,
'તોબા છે તમારી આ બુદ્ધિની નવાજેશથી !
'જખ મારવાને ત્યારે પંડિત કે'વાણા તમે,
'માટી વિના મોલ નવ પાકે જો આ દેશથી !'

૫

તમામે મળીને પછી ઇલમ ચલાવ્યો ઊંડો,
પોણી ઓગણીશ લાખ ખરીદી સાવરણી,
માંડી ધૂળ વળાવવા શેરીયું ને સીમુંમાંથી,
ગટાટોપ ઊડ્યા ગોટા, ઢાંકી દીધી ધરણી.
ઢંકાણા સૂરજભાણ ધૂળ કેરે ધૂંવાધાર,
આંખ ઊઘડે ન કોઈ નારીની કે નરની,
ખોં ખોં કરી મુઆ કોઈ, કોઈ છીંકે સળેખમે,
રાજાજીની કાયા થઈ ગઇ રજવરણી.
ધૂળની આંધીમાં આખી નગરી નહાઈ ઊઠી,
રાજા હબુજીને હોઠે ચાલી વાણી – ઝરણી :

'ગમારો કેરી જમાત, ધૂળ હટાવવા જાત,
ધૂળભરપૂર કરી મેલી સારી ધરણી !'

૬

પંડિતોએ અકલ ચલાવી પાછી બીજી વાર,
સાંજથી સવાર કરી જાગરણ જોશમાં,
એકવીશ લાખ ભિસ્તી અલકમલકમાંથી
મશક લઈને કાંધે છૂટયા પૂરહોશમાં.
હમ્મેશ ઉલેચ્યાં પાણી નવાણે નવાણમાંથી,
પોરા તરફડે નદી કૂવા ને તળાવમાં,
પાણી કેરાં કીધાં રાજધાની વિશે કચકાણ,
ધૂળધાણી થયો માલ બજારો ને હાટમાં.
મેલેરીઆ ફાટી પડ્યો, મલક વેરાન બન્યો,
બાપુનેય ગુસ્સો ચડ્યો, બોલ્યા તાતા તાવમાં–
'બધાય ગધેડા એક મારા વિના, બેવકૂફ !
ધૂળને નિવારી કીધાં કાદવનાં ખાંદણાં !'

૭

ફરી પરિષદ ભરી, નવા સંતલસ કરી,
ડોલા હલાવીને તોળ્યાં પંડિતોએ ત્રાજવા:
'સૂઝ્યો છે ઉકેલ મને !' બોલ્યા એક વેદવાન,
'હવે ન જરૂર રહી મૂંઝાવા કે લાજવા.
'બાપુ હબુજીને પૂરી રાખો એક બંગલામાં
'બીડી દેવાં બાર, કાણાં ચૂને લઇ ચાંદવાં,
'તરડો ચિરાડો માંહીં લાંપી લાવી પૂરી દેવી.'
એટલું સુણીને સર્વે બોલી ઊઠયા 'વાહવા !'

૮

'મુદ્દા કેરી વાત!' મુંડો ધુંણાવીને બાપુ બોલ્યા :
'ઉચાટ ફકત એટલો જ મુંને રહે છે–
'માટીની બીકે હું બંગલામાં જો બંધાઈ રહું.
'રાજકારભાર તો તો માટી રૂપ લહે છે.'
'બોલાવો ચમારો ચારે કોરથી ને મઢી દિયો
'ધરતી બધીને ચામડેથી.' જ્ઞાની કહે છે.
ધૂળની મહીને માથે ઝુલ્ય વળી ઢાંકવાથી
'કીરતિ મહીપતિની કવિ લોકો લવે છે.'
કરચલીઓથી પો'ળાં કપાળ ફુલાવી ધોળાં,
બાકીના પંડિતો કેરી જીભ એમ દ્રવે છે–
'કુશળ ચમાર એવો વિશવમાં જડી જાય.
'એને માથે બાપલા! આધાર બધો રહે છે.'

૯

બાપુના ચાકર ચારે ખંડ વિશે ખૂંદી વળ્યા,
બીજાં રાજકાજ ટટળ્યાં તો દરકાર શી!
ન મળ્યો ચમાર એવો નિપુણ અવનિ પરે,
ચામડું ય પૂરું નવ સાંપડ્યું બજારથી.
ત્યારે પછી ધીરે ધીરે દૂરે ચમારોનો ડોસો
મુખી જરા મલકીને બોલે: 'મારા બાપજી!
'આખી ધરતીને ઢાંકવાને શાને જાવું પડે?
'પોતાના જ પગ બેને ઢાંકો ધણી આપ જી!'

૧૦

બોલ્યા હજુરાય 'ગોલા ! આવો જો સીધો ઉપાય
'હોય તો શું આખો દેશ મુઓ જખ મારવા !'
બોલ્યા ગબા કામદાર ' ઈ બેટાને નામદાર !
' બોલ્યું ન કરે તો ફરમાવો કાંધ મારવા ! '
બુઢ્ઢા એ ચમારે પછી બાપુ કેરા પગ પાસે
બેસી ધીરે ધીરે ગોઠવી દીધાં પગરખાં,
તે દી'થી જગત 'પરે જોડાનો પ્રચાર ચાલ્યો,
બચ્યા ગબા કામદાર, અને ઊગરી ધરા !

[जूतो आविष्कार : कल्पना]

સાત્ત્વિક ભક્તિ

તારી જે ભકિત માંહે
નવ જરી સબુરી, સંયમો લાગણીના,
નૃત્યે ગીતે છકાવે,
પલભર પ્રકટે ભાવ-ઉન્માદ જેમાં,
તે ભકિત જ્ઞાનભૂલી,
જલદ મદ તણી ધાર જેવી હું જાણું,
એવો દારૂ ચડાવી
ભજન તવ પ્રભુ, કેવી રીતે હું માણું !

૨

સિંચે જે ભક્તિ મારા
　　સકળ જીવનમાં ગૂઢ ગાંભીર્ય, શાતા,
પૂરે જે સર્વ કાર્યે
　　અખૂટ બળ, કરે કષ્ટને યે સુહાતાં,
આનંદે મંગળે જે
　　વિફલ સુકૃતને યે બનાવે ફળેલાં,
તૃપ્તિ દે સર્વ પ્રેમે,
　　સકળ દુઃખ કરે ક્ષેમવન્તાં ગળેલાં;

૩

દીપ્તિ પૂરે સુખોમાં,
　　તદપિ સુખ રહે શીતળાં દાહહીન,
અશ્રુને સંવરીને
　　હૃદય મમ રહે પૂર્ણ ગંભીર દીન,
એવી ભક્તિ તણો હું
　　અમીરસ ભરિયો મંગળો કુંભ માગું,
જે પીને મસ્ત તોયે
　　જીવનપથ વિષે પૂર્ણ શુદ્ધે હું જાગું.

[अप्रमत्तः नैवेद्य]



સંધ્યાકાળે

પ્રભાતે શંખ ફૂંકાયો, આંગણે આપને પ્રભુ!
નરનારી બધાં ત્યારે ઘર ત્યાગી, મૂકી બધું,
ભરી છાબો ફૂલોની ને પાધરાં ચાલી નીસર્યાં,
વનરાજિ તણા માર્ગે, ગુંજતા ઝાકળે ભર્યા.
ન ચાલ્યો એકલો હું જ, ધ્યાન બેધ્યાનમાં રહ્યો,
રહ્યો સૂતેલ એદ્દી શો, હરિયાળી પરે પડ્યો.
નદીતીર તણી કુંજે પંખીગાને નિમુગ્ધ થૈ,
ઘટા વૃક્ષો તણી મધ્યે આંખો મારી મળી ગઇ.
તમારી દેવ! પૂજામાં હાજરી નો’તી માહરી,
જતાં’તાં કોણુ એ વાટે દૃષ્ટિ મારી રહી નહિ.
અત્યારે કિંતુ લાગે છે, ભૂલ થૈ તો ભલે થઈ.
પ્રભાતે જે ગયાં તેણે વીણી’તી કળીઓ બધી.
અત્યારે મારી વીણેલી નિહાળો નાથ! છાબડી,
દિન આખોય ખીલીને કળી સૌ ઊઘડી પડી!

[अपराह्ने : नैवेद्य]



સાફલ્ય

અનેક વખતે બળે હૃદય, રે હું નિરૂઉદ્યમી !
દિનો બગડિયા, પહોર વણસ્યા, પળો યે ગઈ.
પરંતુ પ્રભુજી, પછી સમજ્યું કે ગયું કૈં નથી,
પળો બગડી તે બધી હૃદયવાસીએ સંઘરી
અકેક ગણુતી કરી; નિપુણુ માળીએ સૌ બિયાં
દિલે દિલ તણી ઘણી ગુપત ક્યારીમાં ગોપવ્યાં.

૨

પછી સુ–રત પાકતાં, પલ તણાં બિયાં માંહીંથી,
તમે જ પ્રભુ અંકુરો ફૂટવતા અને ખંતથી
હરેક ટીશી પાંદડે કસબ આપના ચાલતા,
પછી ખીલવી ફૂલ ને ફૂલ થકી પછી મીઠડાં
ફળોય પ્રકટાવશો; વિફલ કાંઈ રાખો નહિ,
નહિ વિપલ નાનકી તમ કરે વિભુ! નાનકી.

૩

મને ઊંઘણુશી રહી મન હતું ઘણું ઘોંટવા,
વિના કંઈ જ કાજ ને ખપવી નાખવા જિંદગી;
પરંતુ પરભાતમાં નયન ખોલીને જોઉં તો
દીઠો જીવન–બાગ આ ફૂલફળે વિહંગે લચ્યો.

[सफलता : नैवेद्य]



લોકારણ્ય

૧

મધ્યાહ્ને નગરી વિશે પથપથે
કામે ચળ્યાં માનવી;
જાણે ધૂમ ધમાલની ગગડતી
પૂરે ચડે છે નદી.
ગલ્લી શેરી દુકાન ગોદી ગમથી
વે'ળા અને વાંકળા
આવીને ઠલવાય એ મહનદે
હેમાર લોઢે ભર્યા.
વેગે ધાય જુવાળ ઘોમ ધખતે,
ઓવાળ શાં ઓકતો
પાળાંને પગથી પરે, પટકતો
ઘોડાં, બગી, ગાડીઓ.

૨

મીંચું આંખ અને હું સદ્ય નિરખું
એવા જનારણ્યમાં
તારાં નિર્જન ને અનંત પ્રભુજી!
શાંતિભર્યાં બેસણાં.

કાળા એ કકળાટ મધ્ય હરિ હે!
રાજે તમારી સભા
છૂપી, મૌનભરી ધમાધમ વિષે
મૂંગા તમે છો ઊભા.

૩

સર્વે દુઃખસુખે ઘરેઘર અને
સૌ કોઈના ચિત્તમાં,
પ્રવૃત્તિ સબ સર્વ ચિંતન તણી
પારે જઈ જ્યાં ક્યહાં–
દૃષ્ટિ જેટલી દૂર પ્હોંચી શકતી
ત્યાં ત્યાં સદા સર્વદા
દીઠા દેવ! વિરાજમાન તમને
સંગી વિના એકલા!

[जनारण्य : नैवेद्य]

તલવારની ભેટ

હરિ સાંજે આવ્યા'તા મારે આંગણે રે,
હતી માળા તે ફૂલની એને ગળે રે
મારાં મનડાં લોભાણું ફૂલમાળમાં રે
મારી માગી લેવાની હાલી હામ ના રે
હાલી હામના રે–હરિ૦

૨

હતી આશા, પરભાતે હરિ હાલશે રે
માળા સેજલડી હેઠ પડેલી હશે રે,
વે'લી આવી ઊભી રહી ગરીબડી રે,
છતાં માગ્યાની જીભ નવ ઊપડી રે
નવ ઊપડી રે–હરિ૦

૩

પછી માળા જાણીને ઝાલવા ગઈ રે,
ત્યાં તો દેખી તલવાર ને ડરી ગઈ રે,
જરા અડકી ને હાથ સસડી ગયા રે,
ધણી! ધગધગતાં વજ્ર મૂકીને ગયા રે
મૂકીને ગયા રે–હરિ૦

૪

મને વનનાં વિહંગ બધાં ખીજવે રે
'અલી માળાઘેલુડી, લેતી જા હવે રે!'
હરિ! ક્યાં રે રાખું તમારાં દાનને રે!
હું તો શોધું સંતાડવાનાં સ્થાનને રે
એવાં સ્થાનને રે—હરિ૦

૫

હરિ! શક્તિવિહોણી હું લાજી મરું રે,
મારા ઉરમાં તલવાર તારી સંઘરું રે.
હરિ! હૈડામાં રાખતાં ચીરા પડે રે,
છતાં રાખ્યા વિણ દાન તારાં શે રડે રે!
વા'લા! શે રડે રે—હરિ૦

૬

હરિ! હૈયાને મ્યાન મુકી તેગને રે
હું તો ભે વિણ વીંધીશ ભવ–વાટને રે;
હરિ! આજૂથી મારે સકળ કારજે રે
હજો તારા જેકાર! અભે રાખજે રે
અભે રાખજે રે!—હરિ૦

૭

હવે બીજા શણગાર કરવા નથી રે
શ્યામ! નહિ રે આવો તો પરવા નથી રે;

હવે આંસુ સારન્તી ઘરબારણે રે
નથી ભાટકવું ક્યાંય તમ કારણે રે
તમ કારણે રે—હરિ૦

૭

નાથ! તારી તલવાર લજવું નહિ રે,
દાન તારું દીધેલ તજવું નથી રે.
હરિ! આપ્યું આયુધ, શુધ આપજો રે!
મારાં જોવાને જુદ્ધ જીવણ આવજો રે!
જીવણ આવજો રે!—હરિ૦

[दान : खेया]

નવે વેશે

જોબનને માંડવડે તે દિન આવેલ તમે,
હોઠે મલકાટ અને હાથે બંસી;
મેલાવી કામકાજ, ભૂલાવી લોકલાજ,
ફાગણ ખેલાવી રાજ! પ્રીતિવંશી.

૨

હૈયે મચવ્યા હિલોળ, છલક છલક પ્રાણ છોળ;
નયન–કમલ લોલ લોલ દિલડે દાખ્યાં;

રોંઢા થઈ ગયા રાજ! તોયે સૂઝ્યાં ન કાજ,
એવાં શાં ઘેન તમે ઉરમાં આંજ્યાં!

૩

તે દિન નવ શકી કળી, ક્યારે ગઈ આંખ મળી,
ગાત્રો સૌ ગયાં ગળી, સ્વપ્ન છવાયાં;
જાગી જોયું તો હાય! ગગને કાજળ ઘૂંટાય,
ઘાટી ઘનઘોર એક તરુવર – છાયા.

૪

મારી સેજલડીઁ તણાં ચોળાયલ પાંદ ફૂણાં,
સાચું કે શું ભ્રમણા! હું હતી અકેલી.
આપણ બે સંગ વળી, વીણન્તાં કુંજ–કળી,
ક્યારે ગઈ આંખ મળી, ચાલ્યો મુજ બેલી!

૫

આજે ભાદ્રવને પૂર, મંડપ એ હુઓ ચૂર,
માનવ સબ થયાં દૂર, તાંડવ ડણુકે;
હું યે ભીડી કમાડ, સૂતી એકલ પથાર,
ભભડાવે કોણ દ્વાર,! હૈયું ફડકે.

૬

આવ્યા શું એજ તમે! દારુણ અધરાત સમે,
ઘૂંટ્યાં અંધાર, ઘોર ખપ્પર છલકે.

કંઠે અગ્નિની માલ, નયનો ઘેઘૂર લાલ,
ભીંજાયલ જટા–બાલ, બુંદો ટપકે.

૭

વંદન હો ભીષણ હે! નીરવ નિષ્કિંચન હે!
ભાંગ્યા મુજ માંડવડે ઘૂઘર રણુણે,
ભાલે અગ્નિ–ત્રિપુંડ, છાતી પર અનલ–કુંડ,
કાંડાને કડે ઘોર લોહદંડ ઝણુણે.

૮

જાતા નવ ખાલી હાથ, લેતા જાજો સંગાથ,
મારું સર્વસ્વ નાથ! ભરજો ઝોળી;
ભાંગ્યા મુજ ધામ માંહીં, આવો અબધૂત સાંઈ!
મહેમાની ગાઈ ગાઈ, બનું આજ ઘેળી.

[नव बेशे : उत्सर्ग]

સોના-નાવડી

ગાજે ગગને મેહુલિયા રે,
વાજે વરસાદ ઝડી.

નદી-પૂર ઘૂઘવિયાં રે,
કાંઠે બેઠી એકલડી!

મારા નાના ખેતરને રે
શેઢે હું તો એકલડી!

૧

મેં તો ધાન વાઢી ઢગલા કરિયા,
ડૂંડાં ગાંસડી ગાંસડીએ ભરિયાં,
ત્યાં તો વાદળ ઘોર તૂટી પડિયાં.

ભીંજું ઓથ વિનાની રે,
અંગે અંગે ટાઢ ચડી;

મારા નાના ખેતરને રે,
શેઢે હું તો એકલડી.

૨

સામે કાંઠે દેખાયે રે,
વા'લું મારું ગામડિયું;

ગોવાલણ શી વાદળીએ રે;
વીંટયું જાણે ગોકળિયું.

મારી ચૌદિશે પાણીડાં નાચી રહ્યાં,
આખી સીમેથી લોક અલોપ થયાં,
દિનાનાથ રવિ પણ આથમિયા.

ગાંડી ગોરજ ટાણે રે
નદી અંકલાશ ચડી,

એને ઉજ્જડ આરે રે
ઊભી હું તો એકલડી;

મારા નાના ખેતરને રે
શોધે હું તો એકલડી.

૩

પેલી નૌકાનો નાવિક રે
આવે ગાતો : કોણ હશે ?

મારા દિલડાનો માલિક રે
જૂનો જાણે બંધુ દિસે.

૮

એની નાવ ફૂલ્યે શઢ સંચરતી;
એની પંખી શી ડોલણહાર ગતિ,
નવ વાંકીચૂંકી એની દૃષ્ટિ થતી,

આવે મારગ કરતી રે
પ્રચંડ તરંગ વિષે,

હું તો દૂરેથી જોતી રે
જૂનો જાણે બંધુ દિસે;

પેલી નૌકાનો નાવિક રે
આવે ગાતોઃ કોણ હશે?

૪

કિયા દૂર વિદેશે રે
નાવિક, તારાં ગામતરાં?

તારી નાવ થંભાવ્યે રે
આંહીં પલ એક જરા!

તારી જ્યાં ખુશી ત્યાં તું જજે સુખથી,
મારાં ધાન દઉં તુંને વાલપથી,
તુંને ફાવે ત્યાં વાપરજે હો પથી!

મારી લાણી લેતો જા રે,
મોઢું મલકાવી જરા.

મારી પાસ થાતો જા રે
આંહીં પલ એક જરા.

કિયા દૂર વિદેશે રે,
નાવિક, તારા ગામતરાં !

૫

લે લે ભારા ને ભારા રે !
—છલોછલ નાવડલી;

'બાકી છે ?'–વા'લા મારા રે !
હતું તે સૌ દીધ ભરી.

મારી જૂની પછેડી ને દાતરડી,
મારાં ભાતની દોણી ને તાંસળડી,
તુંને આપી ચૂકી સર્વ વીણી વીણી.

રહ્યું લેજ ન બાકી રે,
રહ્યું નવ કંઈયે પડી;

રહી હું જ એકાકી રે,
આવું તારી નાવે ચડી;

લે લે ભારા ને ભારા રે !
—છલોછલ નાવડલી.

૬

હું તો ચડવાને ચાલી રે,
નાવિક નીચું જોઈ રહે,

ન તસુ પણ ખાલી રે
નૌકા નહિ ભાર સહે.

મારી સંપત વ્હાલી રે,
શગોશગ માઈ રહે.

નાની નાવ ને નાવિક પંથે પળ્યાં,
ગગને દળવાદળ ઘેરી વળ્યાં,
આખી રાત આકાશેથી આંસુ ગળ્યાં.

સૂની સરિતાને તીરે રે,
રાખી મુંને એકલડી.

મારી સંપત લૈને રે,
ચાલી સોના—નાવડલી.

મારા નાના ખેતરને રે.
શેઢે હું તો એકલડી.

[सोनार तरीः सोनार तरी]



આવાગમન

અંધારી ગઈ રાત ને ઘર તણાં કામોય પૂરાં થયાં,
માન્યું'તું મનમાં, ન કોઈ અતિથિ આજે હવે આવશે.
સૌએ ગામ વિશે સવાર સુધીનાં વાસી લીધાં બારણાં,
ને ઝાંપો અમ ગામનો ડખડખ્યો, તેનેય બીડી લીધો.

૨

બે ચારેક જણા બોલ્યા.
'રાજાજી આવશે કદી !'
અમે કીધું, 'અરે ઘેલા !
'કોઈએ નથી આવતું.'

૩

ત્યાં દ્વારો ભભડી ઊઠયાં, સમજિયું સાૈએ, હશે વાયરો.
દીવા ઓલવીને અમે ઘરઘરે નિરાંતવા 'થૈ સૂતા,
બે ચારેક જણે ફરીથી કહિયું, 'હોશે રખે એપીઓ!'
'ઘેલા થાવ નહિ !' કહ્યું હસી અમે, 'એ તો હશે વાવડો.'

૪

અર્ધી રાત વિશે અવાજ સરખું કાને અમારે પડયું,
માન્યું નીંદર–ઘારણે, 'કંઈ નથી. છે મેઘની ગર્જના.'

ત્યાં તો લાગ્યોં ધણેણુવા ધરતી ને એચાર પેલા કહે,
'ગાજે છે રથચક્ર!' ઊંઘ મહીંથી બોલ્યા અમે, 'મેઘ એ.'

૫

પરોઢે ઘન અંધારે,
ભેરી વાગી ઊઠી તહીં;
'જાગો રે સહુ સૂતેલાં!'
હાકલા કોઇકે કર્યા.

૬

હૈયે હાથ દબાવી દૈ ડર થકી, ધ્રૂજ્યાં અમે ઊંઘમાં,
એચારેક જણા વદ્યા: 'તહીં જુઓ, રાજાજી કેરી ધજા!'
ઊઠ્યાં ઊંઘ થકી પછી સહુ અમે એકામ બેબાકળાં,
'ક્યાં છે હાર, મશાલ, થાળ ફૂલના, રે હાય!' પોકારતા.

૭

એ ચારેક જણે કીધું,
'વૃથા શું રડવું હવે?
'ખાલી હાથે રહો ઊભા,
'વધાવો શુન્ય આંગણે.'

૮

ખોલો દ્વાર, ઘરેઘરેથી નીકળો, રે શંખ ફૂંકો ફૂંકો!
અંધારા ઘરનો ધણી ખડકીએ આવી રહેશે ઊભો.
એનાં વજ્ર ગડી રહ્યાં ગગનમાં, વિદ્યુત–મશાલો જલે;
એને બેસણુ પાથરો ઘરઘરે ફાટીતૂટી ગોદડી.

૯

હોય જે ચીંથરાં ગાભા
તે તે પાથરી રો' ખડા !
કાળ-રાત્રિ તણા રાજા
તોફાને ચડી આવતા.

[आगमन : खेया]

નિર્ભય

આજ ઊડ ઊડ થવા તલખતી પાંખ તુજ,
પ્રથમ જાગરણના નવપ્રભાતે;
પક્ષીનો બાળ માળા મહીં સૂઈ રહે—
કયમ બને વ્હાણલાં વ્યોમ વાતે !

૨

ગગન — ઉડ્ડયનના મસ્ત આવેગમાં
વીંઝશે પાંખ તારી ફફડતી;
વાયુમંડલ તણા હૃદયને વેધતી
ઘોર ઝંકાર જાશે ગજવતી.

૩

ઉદિત આદિત્યના તેજ – સાગર વિષે
ભીંજતી પાંખ રમશે ફુવારા;
પીંછડે પીંછડે નીતરતાં રંગની
જૂજવી ઝાંય કરશે ઝગારા.

૪

ઘોર સાહસ તણા મસ્ત આકર્ષણે
લૈ જશે પાંખ તુંને રઝળવા
કો અજાણ્યા વિકટ ધામની સફરમાં
પંથીહીન પંથની મોજ રળવા.

૫

ઉદયગિરિશૃંગની કારમી ભેખડો
સાથ વસવા તને સાદ પાડે;
ક્ષુદ્ર માળા મહીં નીંદ ના'વે હવે,
પંખીનો બાળ પાંખો પછાડે.

૬

ઊઠ ! તુજ પાંખના ગગન – આઘાતથી
કમ્પશે તાર પ્રાત:પ્રભાના;
કોટિ કિરણો તણી વિશ્વ–વીણા થકી
ગુંજશે નવલ આલોક – ગાણાં.

૭

તાહરા વેગ – વંટોળલે સિંધુના
નીલ ફૂંધલ ઉછળશે તરંગો;

રુદ્રની સાથ અભિસાર રમવા જતી
ઘોર વાવાઝડી દૈ છલંગો—
છૂટશે ઘેલડી મુક્ત અંબોડલે
સપ્ત સિંધુ તણે આ કિનારે;
પ્રિયમિલન કાજ પાગલ બની સિંધુ તુજ
પાંખ-ઝંકાર પડઘા ઉચારે.

૮

એ ગગન-પંથની વાટ વચ્ચે તને
પારધી કો' ન શકશે ડરાવી,
સાંભળી બાણુ-ટંકાર સંશય તણા
ભાઈ! દેજે ન શ્રદ્ધા ગુમાવી.

૯

પંખી! નિર્ભય નિરુદ્વેગ જાજે ધસ્યો,
મૃત્યુ-અંધારપડદા વિદારી
તિમિરને પાર: જ્યાં અમર ધ્રુવ તારલો
ઝળહળે નિરખતો વાટ તારી.

એ જ પ્રાણ

ગુલબંકી

એ જ પ્રાણ :
એ જ એ જ એ જ પ્રાણ :
માહરા શરીરની રગે રગે
રુધિર – તરંગ છોળતો : જગે જગે
વિરાટ પ્રાણ : એ જ પ્રાણ.

૨

એ જ પ્રાણ નાચતો ત્રિભુવને,
અઘોર છંદ – તાલ – તાન – સ્પન્દને
નચાવતો નિશા – પ્રદીપ વૃન્દને–
દિનોને, રાત્રિઓને, પુષ્પ – ગંધને
અનંત પ્રાણ, એ જ પ્રાણ.

૩

અંકુરે, તૃણે, વસુન્ધરાની ધૂલિ–ગોદમાં
પ્રવેશતો : જગાવી રોમરોમમાં
ધ્રુજાટ હર્ષના : અનંત નીલિમા
ઉછાળનાર એ જ પ્રાણ: વિશ્વપ્રાણ.

૪

જન્મમૃત્યુ – સાગરે હિંડોળ જે
જુવાળના ચગાવતો : રજે રજે
મચાવતો પ્રચંડ આંધી ગુમ્બજે
વિરાટને : ભૂકંપની થપાટથી રસાતલે
ઉલેચતો હુતાશ–દેગ : એ જ પ્રાણ
એ જ પ્રાણ.

ચુકાયેલી ઘડી

દીવા મારા શયનગૃહના ઓલવાયા હતા ને
હું યે જાગી ગઈ ટહુ ટહુ કોકિલોના રવેથી.
ધીરે ધીરે શિથિલ પગલે ગોખમાં આવી બેઠી
તાજી વેણી બકુલ ફૂલની પે'રવા હાથ લીધી.
એવે ટાણે અરુણ હિમના ધૂંધળા મારગેથી
દેખા દીધી રથ નચવતા એક જોદ્ધા પથિકે.
સોના કેરે મુકુટ ઝલકે તેજ તાજી ઉષાનાં,
કંઠે શોભે કમનીય ભલો હારલો મોતીડાંનો.
નીચે આવી વિકલ પગલે માહરા દ્વાર પાસે,
'એ ક્યાં ? એ ક્યાં ?' દિલ ધડકતે એટલું માત્ર પૂછ્યું ;
ને હું લાજે મરતી, ન શકી એટલું હાય બોલી
'હે પરદેશી પથિક નવલા ! એ જ છું, એ જ છું હું.'

૨

દીવા નો'તા હજુય પ્રગટયા, ગોધળી વેળ થાતી.
ઊભી ઊભી સજતી હતી હું હેમની ટીપ ભાલે.
ગોખે બેસી કનક-અરીસો હાથમાં રાખીને હું
અંબોડો લૈ, નિરખી રહી'તી ધ્યાનથી રૂપ મારું.
એવે ટાણે પછમ દિમના ધૂંધળા મારગેથી
ચાલ્યો આવે રથ ધસવતો એ વિદેશી જુવાન.
ઘોડા તાતા ફસફસ થતા, ઘામમાં રેબઝેબ,
ને પંથીની રથતુરગની ખેભરી સર્વ શોભા.
મારે દ્વારે દિલ ધડકતે ઊતરી ફેર પૂછે :
'એ ક્યાં? એ ક્યાં?' શ્રમિત સ્વરથી એ જ જૂનો સવાલ.
ને હું લાજે મરતી, ન શકી એટલું હાય બોલી,
'થાકયા પંથી! સબુર કરજે! એજ છું, એજ છું હું.'

૩

દીવા સર્વે ઘરમહીં જલે, ફાલ્ગુની રાત જામી,
હૈયા માથે દખણુ દિમનો વાયરો હાંફતો'તો.
આખો દા'ડો લવલવ કરી પીંજરે જંપી મેના,
પે'રેગીરે પવન-ઢળિયો દ્વાર સામે જ ઘોંટયો.
ચારે પાસે મઘમઘ થતા ધૂપ કેરા ધૂંવાથી
વાયુ મારા શયનગૃહનો ગુંગળાઇ ગયો'તો.
કમ્ખો પે'રી અટલસ તણો મોરલા-કંઠ વર્ણો
ઓ'ઢીતી હું સરગટ કરી લીલુડી ઓઢણીનો.
બેઠી જોતી વિજન પથની ઉપરે મીટ માંડી,
બેઠી જૈને, ભરરજનીમાં, ધૂળમાં ગોખ નીચે.

ત્રીજે પ્હોરે ઝમ ઝમ રવે . જામિની જાય ગાતી:
'આશાહીણા પથિક નવલા ! એજ છું, એજ છું હું !'

[भ्रष्ट लग्न : कल्पना]



છેલ્લી યાચના

આ છે છેલ્લી યાચના આપ પાસે,
મારા ઊંડા છેક અંતસ્તલેથી
છેદી નાખો ક્ષીણતા સર્વ મારી
પૂરા જોરે ખડ્ગ ઝીંકી પ્રભુજી !

૧

સુખોને યે જીરવી જાણવાની
શક્તિ દેજો દુઃખમાં એહવી કે
દુઃખો મારાં શાંત મોંયે હસીને
પોતે પોતાની જ પામે ઉપેક્ષા.

૨

શક્તિ દેજો ભક્તિની નાથ એવી
જેણે મારાં કર્મ સાફલ્ય પામે,
જેણે મારા દુન્યવી સ્નેહ પ્રેમ,
મ્હેકી ઊઠે પુણ્યનાં પોયણાં શા.

૩

કંગાલોને જ્ઞાનહીણું કરું ના,
જાલીમોને પાય ઝૂકી પડું ના,
ઊંચે માથે ક્ષુદ્રતાની વચાળે
ચાલું એવી શક્તિ આપો પ્રભુજી!

શક્તિ દેજો – આપને પાય નામી
પોતાને હું સ્થિર રાખું સદૈવ.

[निवेदन : नैवेद्य]

કાનમાં શું રે કીધું!

હાં રે એણે માઝમ રાતે મને અકેલીને
કાનમાં શું રે કીધું! શું રે કીધું!
હાં રે મને જાગ્રત કે સોણલે સૂતેલીને
કાનમાં શું રે કીધું! શું રે કીધું!

૧

રાત દિવસ કામ કરું
ઘરમાં ફરું બા'ર ફરું,
હાંરે એના ભણકારા વાર વાર વાગે કે
કાનમાં શું રે કીધું! શું રે કીધું!
હાં રે એનો અનહદથી એ જ નાદ જાગે કે
કાનમાં શું રે કીધું! શું રે કીધું!

૨

ઝીણું ઝીણું હૈયું જલે
થડક થડક પલે પલે,
હાં રે મને એની એ વાત યાદ આવે કે
કાનમાં શું રે કીધું! શું રે કીધું!
હાં રે મને ડંખો મારે છતાં ય ભાવે કે
કાનમાં શું રે કીધું! શું રે કીધું!

૩

ગાજી રહ્યું એ જ વેણ:
'વાર નથી, વીતી રેન.'
હાં રે મને એકાંતે કોણ એ તેડાવે કે
કાનમાં શું રે કીધું! શું રે કીધું!
હાં રે મને કારણ વિણ કોણ એ રડાવે કે
કાનમાં શું રે કીધું! શું રે કીધું!

૪

વાર વાર એ જ સૂર:
'ચાલ મોરી સંગ દૂર!'
હાં રે ગગન-ઘુમ્મટમાં એ જ નાદ ગુંજે કે
કાનમાં શું રે કીધું! શું રે કીધું!
હાં રે એની ફોરમ ફોરાય પ્રાણ-કુંજે કે
કાનમાં શું રે કીધું! શું રે કીધું!

[नटीर् पूजा : नाटक]



પ્રાણ જગાડો રાજ !

(મો'લ પધારો રાજ–એ લગ્નગીતનો ઢાળ)

દ્વાર ઊભા છો રાજ ?
મારા પ્રાણની શોધે આવી દ્વાર ઊભા છો રાજ !

હાકલ કરજો રાજ !
મારા ઊંઘેલા આતમને હાકલ કરજો રાજ !

જે હાકલ સુણી ફૂલડાં – કળીઓ ઘૂંઘટ – પટ ખોલે,
ડાળે ડાળ થકી ડોકાતી રંગભરી ડોલે :
તમે એવી હાકલ પાડી પ્રાણ જગાડો રાજ !
—દ્વાર૦

જે હાકલ સુણી ઉષા - કુમારી ભરી તેજલ – ઝારી,
ઘન અંધારથી ઉત્તર દેતી આવે ઉજમાળી :
તમે એવી હાકલ પાડી પ્રાણ જગાડો રાજ !
—દ્વાર૦

[नटीर पूजा : नाटक]

ચાલ ઘોર સાગરે !

ચાલ મોરી નાવ ! જલદી જાવું ઘોર સાગરે :
છેદું તારી બંધ–ગાંઠ : ના ઉભાય કાંઠડે :
ચાલ ઘોર સાગરે !

૧

'બીક કોની!' 'બીક કોની ! 'એ મહા અભયસ્વરે,
ભેદી ગાઢ અંધકાર જાવું ઘોર સાગરે.
ચાલ ઘોર સાગરે !

૨

સન્મુખે ઊભો કરાલ :
હાથ લેઇ વિજયમાલ–
પુષ્પ જેનાં અગ્નિ-જ્વાલ :
ઓ કૃપાલ ! ઓ ત્રિકાલ ! બાળકી નમન કરે,
ચાલ ઘોર સાગરે !

૩

કાલસિંધુને અનંત પંથ એક પંથીડો
શૂન્યમાં ધસન્ત અણુવિરામ તેજઘેલડો:
વાગે એની હાક હર તરંગમાં પલે પલે.
ચાલ ઘોર સાગરે !

સિંધુ કેરે ઘાટે ઘાટ,
હર તરંગની થપાટ,
તુજ હૃદય તણે કપાટ

વાગે વજાભેરી એ વિરાટ કેરી સાગરે
ઘોર મધ્યસાગરે.
ઉત્સવે ઉજાગરે
ચાલ ઘોર સાગરે!

[नटीर् पूजा : नाटक]

મુખ જોવા દે!

મને જોવા દે, જોવા દે, મુખ જોવા દે!
મારાં અંધારાં વિદારી મુખ જોવા દે!
મુખ જોવા દે!
પરદો લઈ લે!
મુખ જોવા દે!
દૃગ મળવા દે!
મારું વદન વદને તારે જોવા દે!
મારી સુરત નયને તારે જોવા દે!
મારા હું-ને તું-માં પરગટ જોવા દે— મને૦

૧

મને રોવરાવી લે સુખેથી,
સુખ-ગ્લાનિ ના સે'વાતી;
અશ્રુધારે આંખો રાતી ધોવા દે!
ભલે ધોવા દે!
જરી રોવા દે! —મને૦

૨

કાળા ઓળાયા આ કોના ભાળું !
જામ્યું માયાનું અંધારું.
ભૂલી એને મારા ધારું ! કિરણ દે !
એક કિરણ દે !
તારું કિરણ દે ! —મને૦

૩

આખો જન્મારો જોયો મેં ખોળી,
દીઠો સિંધુ ડોળી ડોળી:
જાગું ખાલી આંખો ચોળી: ખોલન દે !
નેનાં ખોલન દે !
જરી ખોલન દે ! —મને૦

૪

સૂની અંધારી રાત્રિના કાળા
સિંધુના સામા કિનારા:
ત્યાં છૂપેલી જ્યોતિમાલા જલવા દે !
દીવા જલવા દે !
જરી જલવા દે !

મને જોવા દે, જોવા દે, મુખ જોવા દે !
મારાં અંધારાં વિદારી મુખ જોવા દે !

[नटीर् पूजा : नाटक]

સાચાં બેસણાં

રે કઈ બજારે જૈ કરાવું મૂલ તારાં જી !
હો ગાન મારાં જી !
ને કિયે થાનક જૈ બિછાવું બેસણાં હો જી !
હો ગાન મારાં જી !

૧

પંડિતોની પોળમાં હો જી,
હો ભાઈ જી જી જી !
જ્યાં દલીલનાં દિનરાત કાંતણુ થાય જી જી જી
ને છીંકણીને ઢગ ગગન ઢંકાય જી જી જી.
ભલભલા ભાગી જાય રે હો જી :

જ્યાં તેલ પાત્રાધાર કે ના
પાત્ર તેલાધાર ? –તત્ત્વ છણાય જી જી જી
ત્યાં પોથીઓના ગંજ વચ્ચે
બેસવું છે ભાઈ રે હો જી ?
હો ગાન મારાં જી ?
એ સાંભળીને ગાન મારે ચીસ નાખી જી
'ના ! ના ! કદી ના જી !'

૨

તો કઈ બજારે લૈ તને હું જી
ને કયા પરખંદા કને જૈ જી
તારાં મુલાવું મૂલ
રે મુજ ફૂલ ! રે મુજ ગાન રે હો જી !

જ્યાં અંબરે અડતી હવેલી જી
જ્યાં ગ્રંથ પાંચ હજાર–
લાગી લાર પર લંગાર–
જુગતે ગોઠવેલી જી !

મેહોગનીને સાત મજલે
કબાટોને કાચ ઉજળે
કેદમાં રાખી નવેલી જી
કોરી કિતાબો કો' ન ખોલે
અણસુંઘી જાણે ચમેલી જી !

જ્યાં ધૂળ ઝાપટનાર ચાકર
સાચવે પૂંઠાં સુનેરી જી
એ રમ્ય ગ્રંથાગાર મધ્યે
પાથરું તુજ બેસણાં હો જી ?
એ સાંભળીને ગાન મારું ગણગણે હો જી
'નૈ નૈ ! પ્રભુ ! નૈ જી.'

૩

તો કયે હાટે મૂલ તારાં,
બોલ પાગલ ગાન મારાં ! મૂલવાવું જી.

ને કિયે ઠામે બેસણાં તારાં બિછાવું જી !

જ્યાં ઢૂંકડી એગ્ઝામિનેશન જી
ગોખી રહ્યા છે બાળ લેસન જી
માથાં ધુણાવે ચોપડી પે
પણ ન જાણે ક્યાંય ભટકે
માયલાં મન જી !

જ્યાં પાઠ્ય ને અણુપાઠ્ય પોથી
અકારણ ખુલ્લી અભાગણ જી !
જ્યાં જીર્ણ પાનાં, ચા–પિયાલા
ફૂટલાં ફાનસ તણું વન જી,

ત્યાં ખેલવા ને ગેલવા શું છે તને મન જી !
બોલો ! હો ગાયન જી !

એ સુણીને મુજ ગાન ચૂપ બેઠું દ્વિધા–મન જી
જાઉં ન જાઉં ! ચાલતી મનમાં વિમાસણ જી.

૪

તો કઈ બજારે મૂલ તારાં મૂલવાવું જી;
ને ક્યાં જઈ આસન તને ઊંચાં અપાવું જી.
હો ગાન મારાં જી !

જ્યાં નવી વહુ રાંધે રસોડે જી
રાંધે રતિ ને ઠામડાં મણુ ભાર ફોડે જી,

ઝટપટ વઘારી શાક વારંવાર દોડે જી
નિજ ઓરડે જી જી !

ઓશીકડે દબવેલ પુસ્તક ખેંચી ખોલે જી
ને 'બેબીએ ફાડેલ પાનાં હાય !' બોલે જી !
સેજે ઢળીને વાંચતી વહુ આંસુ ઢોળે જી.

એ નેન–કાજળ, ભાલ–કંકુ,
વાળ – તેલે જી
વિધવિધ લપેડે મ્હેકતી
પોથી વચાળે જી.
ગમશે તને શું ગાન મારાં !
બેસણાં જી જી.

એ સાંભળી નિઃશ્વાસ ઢાળી જી
મારે કલેજે ડોક વાળી જી
ના પાડવા નંવ જીભ ચાલી જી !

૫

તો કઇ બજારે જૈ મુલાવા દિલ ચહે છે જી,
હો ગાન મારાં જી !
ને ક્યાં ગયે આતમ તમારો ઊગરે હો જી,
હો ગાન મારાં જી !

જ્યાં પ્રેમપાગલ કોઇ જોબનિયાં ભમન્તાં જી
દુનિયા તણી દૃષ્ટિ ચુકાવી ભાગ્યવંતાં જી

એકાન્તની કો' આડશે અંધારમાં જૈ જી!
સુખના પિયાલા સામસામાં પીએ લૈ દૈ જી.

પંખી સુણાવે ગીત ને
વાતો સુણાવે જ્યાં સરિતા જી
ફૂલ વેલડી ને પાંદ ગાવે
કાનમાં છંદો અનંતા જી.

એ હાસ્ય-રાતા હોઠ–પ્યાલે જી
એ જળભર્યાં નેનો વચાળે જી
બ્રહ્માંડ ભરતી નેહ–નવલી બંસરી પે જી,
આ ગાન મારા ! બેસવાની હામ છે કે જી!
બોલો જી! બોલો જી!

હૈયે ધબકતે બોલિયું મુજ ગાન જી રે જી!
'હા એ જ એ રે જી!
'એ ઠામ મારું જી!'

[यथास्थाने : क्षनिका]

નિરર્થક

'ઊભી રે' ઊભી !'

'પાલવની આડશમાં દીવો
'ઢાંકીને તું કોણ જતી,઼ઓ
'એકલડી !—આ વગડો સૂનો:
'ઊભી રે' ઊભી !' ૧

નિર્જન નદીને તીરે તીરે
સંચરતી'તી ધીરે ધીરે
મેં કહ્યું 'મારે ઘેર નથી રે
'પેટાયો દીવો;
'દેતી જાને દિવેટ તારી
'પેટાવું દીવો.' ૨

વેગ ગોંધળી : આંખો કાળી–
પલભર મારી સામે ન્યાળી,
નદીએ જાતી દીવાવાળી
બોલી એ બાળી : ૩

'દીવો તો જળમાં પધરાવા
આવી છું–નવ કો'ને દેવા.'

ને દીવો લાગ્યો ત્યાં વ્હેવા:
હું તો જોઇ રહ્યો.
વિણુકારણુ એ તરુણી કેરો
દીવો નષ્ટ થયો. ૪

અંધારાં ઊતરતાં'તાં ને
મેં પાસે જઇ પૂછ્યું એને:
'બહુબહુ દીપ બળે તુજ ભુવને
'આ સોંપીશ કોને ?
'મારે ઘર અણુપ્રગટ્યો દીવો:
'દિવેટ દે મુજને!' ૫

ચૉડી એ આંખડલી કાળી,
ક્ષણુભર મારે મુખડે ન્યાળી,
દીવડલે ભરિયા ઘરવાળી
બોલી એ બાળા: ૬

'આ દીવો તો અદ્ધર આભે
'લટકાવીને દોરે લાંબે
'જોવું છે કે કેવુંક લાગે
'વાદળ ઉજમાળું! ૭

ચાલી ગૈ ચપલા વણુસુણ્યે:
ગગનાંગણુને સૂને ખૂણે
વિણુ કારણુ જલતા દીપકને
રે હું જોઈ રહ્યો! ૮

અમાસની કાળી મધરાતે
મેં જૈ પૂછ્યું એ તરુણીને
'હૈયે દીવડલો રાખીને
ક્યાં ચાલી બાળા! ૯

'મારું ઘર હજુયે અંધારું,
'વાટ વગર હું વલખાં મારું,
'જરાક ફૂણું કર દિલ તારું
'દિવેટ દેતી જા!' ૧૦

અંધારે કાળી બે આંખ્યો
ઓડી એણે મુજને ઝાંખ્યો,
ને કહિયું 'શો સવાલ નાખ્યો
'વારે ને વારે!– ૧૧

'આજે તો દિન દીવાળી છે,
'વિગતે જુગતે શણગારી છે,
'મેં તો ચેતવવા ધારી છે
'દીપકની માલા.' ૧૨

ને હું એને ગોખ જરૂખે
સામટડા કૈં લાખે લાખે
નિષ્કારણ જલતા દીવા પે
ટગમગ જોઈ રહ્યો.

[अनावश्यक : खेया]

કૃપણ

ઝોળી લૈ હું ભિખારી
નગર પથપથે ભીખ માગે જતો'તો,
તે ટાણે હે પ્રભુજી !
કનક-રથ રૂડો એક પંથે મળ્યો'તો.

શી એ શોભા તમારી !
નિરખી નિરખી મેં નેણુલે સ્વપ્ન માણ્યાં,
ને ભાળ્યું ઠાઠ ભાળી,
ખચિત મહદ કો' રાજ્યના આપ રાણા.

૨

વીતી રાત્રિ, વિચાર્યું :
ઘર ઘર ભમવું આજ તો નૈ પડે રે !
બાહિરે નીકળ્યો ત્યાં,
નિરખી રથ, થયું, માર્ગની બેય કોરે

ખોબે ખોબે રથેથી
પ્રભુજી વરસશે ધાન્ય ને મો'ર કોરી.
મૂઠે મૂઠે જ મારી
છલકી તહીં જશે રાંક સાધુની ઝોળી.

૩

ઓચિંતો મારી પાસે,
    અટકી રથ ગયો, ને તમે મારી સામે
માંડીને દૃષ્ટ મીઠી,
    – મરક મરક મોં – ઊતર્યાં દીન–ધામે.

મારાં તો બાપજી મેં
    કલપી પણ લીધાં દાળદર સાવ ભુક્કા.
ત્યાં તો ચોંકી ગયો હું
    વચન તમ સુણી, ' ભાઈ ! કૈં આપતો જા ! '

લંબાવી હાથ ઊભા :
    અરર ! પલક હું તો રહ્યો શીષ ઢાળી.
એવી તે શી કમીના
    તમ ઘર ! બનિયા ભિક્ષુ પાસે ભિખારી !

મારી હાંસી હશે શું !
    ગમત કરી હશે માત્ર કૌતુકથી તો ?
મેં તો ઝોળી મહીંથી
    તમ કર ધરિયો કાઢીને એક દાણો.

ઘેરે પો'ચ્યા પછી હું
    ચમકી વળી ગયો ઠાલવી ઝોળી જ્યારે,
ઓહો ! આ ભીખ – પાત્રે
    ઝલકી રહી કણી હેમની ! શી ઝગારે ! '

દીધું તે થૈ સુવર્ણ
પરત મળી ગયું, વાહ વા રાજભિક્ષુ !

હું ત્યારે ખૂબ રોયો,
સકળ મમ હરિ! આપવું કાં ન સૂઝયું !

[कृपन : खेया]

ભય નથી

ના ના હવે રમવું નથી
એ દેવજનને રમકડે પૃથવી પરે રમવું નથી
પ્રિય ! આપણે રમવું નથી.

૧

અશ્રુ નિગળતાં લલિત ગીતો,
પ્રણયની ગદ્‌ગદિત રીતો,
ખેલવાનો વખત વીત્યો.

પંચશરને જખ્મ મધુરું
શયનગૃહ સજવું નથી
ના ના પ્રિયે ! રમવું નથી.
એ રમકડે રમવું નથી.

૨

પ્રારબ્ધને પાયે પડી
કંગાલ હૃદયે કરગરી
કૈં ભીખતા ભમવું નથી.

ના, આપણે રમવું નથી.
એ રમકડે રમવું નથી.

૩

સાથી નથી ? કૈં ભય નથી.
તું છે અને હું છું – પછી
કો અવર કાજે પલક પણ ખમવું નથી.

તું છે અને હું છું –
પછી કૈં ભય નથી.

૪

દુર્ગમ પથો પર ધ્વજ ઉડાવી પ્રેમના,
દુર્દામ વેગે જશું આપણ બે જણાં,
વલવલાટો નવ રાખશું સાંત્વન તણા.

મધવ્હેનમાં ભાંગે સુકાન
તથાપિ રોકાવું નથી.
તું છે અને હું છું –
પછી કૈં ભય નથી.

મૃત્યુ – મુખેય સમીપ તું :
જાણ્યા પછી નમવું નથી.

તું છે અને હું છું-
પછી કૈં ભય નથી.

૫

સંસાર આખો છે સમાયો
આપણી આંખો મહીં,
તું-હું ઉભય પણ આમસામાં
આંખમાં બેઠાં છયીં.

મરુપંથની જ્વાલા સહી,
મૃગજળ તણી લાલચ ગઈ,
નવ સત્યની ભ્રમણા રહી;

એ ગૌરવે અવશેષ આયુ
આપણે એ ચિરપથી
જાશું ખપવતા, હે પ્રિયે!
તું-હું છીએ તો શું નથી!

ના, ના, હવે રમવું નથી,
એ રમકડે રમવું નથી.
તું છે અને હું છું-
પછી કૈં ભય નથી.

[निर्भय : मल्लया]

કૃતઘ્ન

છલ છલ નયને નીરખી રહી'તી મૂંગી તું મુજ મુખડે,
મેં કહિયું'તું નહિ વિસરું, એ સ્મરણો ઉરમાં ઉખળે,
બહુ દિન એ પર વીત્યા રે,
વિસરિયો હોઉં, ક્ષમા કરજે!

૨

તે દિન કેરા ચુંબન ઉપર કૈક વસંતો વીતી,
મધુવનની મંજરીઓ સુક સુક મારે શીષ ખરી'તી
ધખતા ઘોમ બપોર ઢળ્યા
નેન મુજ નીંદર માંહી ગળ્યાં.

૩

એ વિસ્મૃતિ પર ધારણુના થર ઉપર થર ચાંપીને,
કૈક દિનો આવ્યા વળી ચાલ્યા, ભૂલથાપ આપીને,
હોલા હૈયા પર ઘુઘવ્યા,
પાંપણે ઢગ ઢગ થાક ઢળ્યા.

૪

કાળી દૃગની લેખણુ કરી તેં પ્રેમપત્ર જે પે'લો,
ભયભર લજ્જાભર મુજ કાળજ ઉપર એક લખેલો,

એ તવ પ્રેમાક્ષર માથે
સૂર્ય - ચાંદા બહુ ચાલ્યા છે.

૫

એ તુજ પ્રેમાક્ષર પર ચંચલ તેજ - છાંયની ઝડીઓ
વરસાવી વીત્યા કૈં પ્રહરો, અમીભર લાખો ઘડીઓ,
વિસ્મૃતિ કેરી આંગળીઓ
ચીતરી ગૈ દુઃખ - વાદળીઓ.

૬

કૈંક રજનીઓએ એના પર સ્વપ્ન - લેખ નિજ આંક્યા,
ને મારા સ્મૃતિપટને આછે લીસોટે લૈ ઢાંક્યા;
પલપલ વાણાતાણાથી
કાળ ગ્યો વિસ્મૃતિજાળ વણી.

૭

એ ફાગણ-દિનનાં વચનો આ ફાગણ જો હઉં ભૂલ્યો,
દુઃખ - દીપકની વાટ, વગર સંકોરી, જો ઠરી ગૈ હો,
તો ફરી ફરી મસ્તક ઢાળું,
માફ કરજે હે માયાળુ!

૮

ભૂલ્યો હઈશ છતાં જાણું, તું એક દિવસ આવી'તી,
ગાન તણી મુજ વાડી જે દિન અઢળક ઢળ ફાલી'તી;
એ હજુ ફાલ નથી ખૂટ્યો,
નથી તુજ આગમ-રવ તૂટ્યો.

૯

તારો સ્પર્શ રહ્યો નહિ, તો પણ પરશ–મણિ મુજ હૃદયે
અજબ કોઈ રાખી ગૈ એવો, કે પલપલ મુજ નયણે
નિત દરશાય વિશ્વમૂર્તિ,
સુધા–પ્યાલી ભર ભર પાતી.

૧૦

અપરાધી છું તોય દિલે તુજ લેવા સાદ કર્યો તેં,
મેં યે મુજ પર ગુજર્યું તે સૌ માફ કર્યું તકદીરને
મારાં સકળ દુઃખ ભૂલી
સકળ પીડાને સાફ કરી.

૧૧

તરસ્યા મુજ હોઠેથી એણે જળ – પાત્રો પટકયાં છે,
મારા ભરપુર મછવા છેક કિનારે જૈ ડુબવ્યા છે
છલબાજી બહુ કીધી છે,
છતાં દઉં માફ હું તકદીરને.

૧૨

આજ નથી આ અવનિ પર તું, દૂર થકી ગૈ દૂરે,
સંગીહીન નિર્જન ગૃહમંદિરઃ આતમ નિશદિન ઝૂરે,
સાચું – વધુ સાચું આ રેઃ–
એક દિન તુંય હતી – હતી રે!

[कृतज्ञ : पूरवी]

' તું એકદા જીવનમાં હતી – તેજ સત્ય '

[ઉપલા જ કાવ્યનો છંદોબદ્ધ અનુવાદ]

૧

મારે મુખે સજલ નેત્રની મીટ માંડી,
ઊભી હતી તું અણબોલ; અને હું બોલ્યો
'ભૂલીશ ના !' દિવસ તે અવ યાદ આવે,
દેજે ક્ષમા, દયિત ! જો કદી હોઉં ભૂલ્યો.

૨

વીત્યા બહુ જ દિન, કૈક વસંત મ્હોરી,
મ્હોરી અને વરસી ગૈ મધુ–મંજરીના
સૂકેલ પુંજ પર પુંજ તુષાર – ભીના
તે વારનાં મધુર ચુમ્બન માથડે કૈં.

૩

ને કેટલા દિન ફરી ફરી આવી ચાલ્યા,
આવ્યા બપોર, ઘૂઘવ્યા શિર માથ હોલા,
થાકેલ નેત્ર પર નીંદર–ભાર ચાંપી
ચાલ્યા, ફરી ફરી વળ્યા દિન કેટલા એ !

૪

કાળુડી નેન – કલમે મુજ કાળજા પે
તેં જે લખ્યો પ્રણય–કાગળ હેલછેલો
લજ્જા ભયે ધડકતે દિલ લાડડી હે !
એ તાહરા હૃદય – અક્ષર ઉપરે તો
કાળે ઝુલાવી મણિકૌસ્તુભ-માલિકા શી
પ્રત્યેક પ્હોર તણી કેટલી ધૂપ – છાયા;

૫

ને કેટલી મધુર વિસ્મૃતિના સિતારા
આલેખતી ગઈ ચલી કંઇ સંધિકાઓ,
ને રાત્રિઓ ય ગઈ કેટલી ગૂંથી ગૂંથી
અસ્પષ્ટ રેખ થકી દુર્ગમ સ્વપ્ન-જાળ.

૬

બુદ્ધિવિહીન જ્યમ બાળક પાટી માંહે
લીંટા કરી વગર ઢંગથી ચિત્ર કાઢે,
તેની મિસાલ ક્ષણુ ને ઘડીઓ ય મારી,
આ ચિત્ત–પાટી પર લીંટડલા સ્મૃતિના
તાણે છ ઢંગ વિણુ એકબીજા પરે ને
જાળું વણે છ દિન એ તણી વિસ્મૃતિનું.

૭

એ આપણા મિલન – ફાગણુ કેરી વાણી
આ ફાગણે દિલ થકી કદી હોઉં ભૂલ્યો.

ને વેદના-દીપક માંહીંની વાટ મારી
ગૈ હો બુઝાઇ કદી, તો પ્રિય! માફ દેજે.'

૮

જાણું તથાપિ, દિન એક તું દર્શ દૈ ગૈ,
તેથી જ આજ મુજ જીવન - ખેતરાંમાં
આ ફાલ ગાનભરપૂર લચી ઊઠયો છે;
તારાં જ ચક્ષુ-કિરણો રવિ-તેજમાંથી
ઝંકાર ખેંચી દિન એક ગયાં બજાવી
વીણા પરે રવિતણી દિલ દર્દવાણી.

૯

ને સ્પર્શ આજ તુજ છો ન રહ્યો તથાપિ
કેવો મધુર મણિ-પારસ મેલી ગૈ છો
હૈયા વચાળ! પ્રિય હે મુજ, એટલે જ
આજેય વિશ્વતણી અમૃત-મૂર્તિ મુંને
દેતી પલેપલ દિદાર અને પિવાડે
આનંદના સભર સૌમ્ય સુધા-કટોરા.

૧૦

દેજે ક્ષમા વિસરિયો કદી હોઉં જો હું;
જાણું તથાપિ, દિન એક દિલે સુણ્યો'તો
તારો જ સાદ, દયિતે અયિ! એટલે જ
મેં માફ સર્વ કરિયું તકદીરને છે,

ને દુઃખ શોક મુજ જીવનમાંહીં એણે
જે ઠાલવ્યાં સકલ તે હું ભૂલી ગયો છું.

૧૧

મારે પિયાસ-બળતે મુખડેથી એણે
છે ઝૂંટવ્યા જળભર્યા કંઇ કૈં કટોરા,
વિશ્વાસઘાત કરી છેતરી વાર વાર
છૂપું છૂપું મુજ સમીપ હસ્યા કર્યું છે,
મારી ભરેલ સુખસંપત-નાવડીને
કાંઠે જઈ ડુબવી છે, તદપિ ક્ષમું છું.

૧૨

આજે નથી તું, ગઇ દૂર થકી ય દૂર,
સંગીવિહીન ઘર શુન્ય અને શ્રીહીન,
સાચું બધું ય, તદપિ સહુથી ય સાચું
તું એકદા જીવનમાં હતી એ જ માનું.

ટિપ્પણ

જાગેલું ઝરણું : પાનું ૧. આનું અસલ કાવ્ય 'નિર્ઝરેર સ્વપ્નભંગ' કવિવરની કાવ્યપ્રતિભાના બલકે જીવનપ્રતિભાના ઇતિહાસમાંના એક મહાન બનાવ રૂપ બોલાય છે. એક દિવસ ઓચીંતું કોઈ તેજોદર્શન થયું અને આંતઃસુષુપ્ત પ્રતિભા પહેલી વાર સળવળી ઊઠી ત્યારે એ રચાયું હતું એમ પોતે લખી ગયા છે.

પ્રથમ મેં પ્રભાતની ઢાળમાં કરેલી અનુરચના જોઈ એક સ્નેહી કવિએ કહ્યું કે આ ઢાળમાં ઝરણાના રુમઝુમાટો બોલતા બન્યા નથી, એટલે પછી લાવણીની લઢણમાં ફેર પ્રયોગ કર્યો તે એમને સંતોષી શકચો હતો. બીજા અનેકને તો પહેલો પ્રયોગ જ ગમે છે.

ગોમ=પૃથ્વી. ચોધારે=ચારે બાજુ. તાતા=તપ્ત, ઉતાવળા. પલાળ્યે=પલાળીને. સંચરાધાર=વ્યાપક.

ઝાકળનું બિન્દુ : પા. ૫. રચાયું ઘણું કરીને '૩૩–'૩૪ માં. તે વખતે અસલ કૃતિ 'प्रसाद' હાથ નહિ લાગેલું, પણ કૉલેજકાળ દરમ્યાન કોઈ ઠેકાણે 'The dewdrop wept and said, my life is all a tear.' એવો કોઈ અંગ્રેજી અનુવાદનો ભણકાર માત્ર રહી ગયેલો તે પરથી રચેલું. હમણાં 'प्रसाद' સંચયિતામાંથી હાથ લાગ્યું, મેળવી જોયું, ને લાગ્યું કે મૂળ જે રચાયું છે તે કંઈ ખોટું નથી.

બે પંખી : પા. ૭. શ્રી જુગતરામભાઈ દવેનો 'પીંજરાનું પંખી પીંજરે રે'તું, વનનું પંખી વનમાં જી' એ અનુવાદ જાણીતો છે. માનવ-પ્રકૃતિનાં મુક્ત માનસ અને બંધનપ્રેમી અસહાય માનસ, એ બે વચ્ચેની તુલના વ્યંજિત લાગે છે.

દોયના=દ્વયનાં, ઉભયનાં. ભાખા=ભાષા. મોજું=મોજે (મોજનું બહુવચન). લેર્યું=લહેર (બહુવચન). જાબદો=જાપ્તો. બા=બહુ. આમાંસામાં=આમનસામન. ઘટમાં લાગે ધા=હૃદયમાં ડર લાગે.

સ્વર્ગેથી વિદાય : પા. ૧૦. મારી 'સંચયિતા'ની પ્રત પર મૂળ કૃતિને મથાળે 'જુઓ મુદ્દગલની કથા, પૌરાણિક કથાકોષ' એવું ટાંચણ છે. પૃથ્વી માટેનું કવિવરનું મમત્વ, અને માનવજાતિનું મહિમા-દર્શન પ્રત્યક્ષ થાય છે. મંદાર એ સ્વર્ગનાં ફૂલો છે. સ્વર્ગવાસીનાં પુણ્ય ક્ષીણ થાય ત્યારે એને પૃથ્વી પર પાછા પટકાવું પડે છે, એની ચૂપચાપ ખબર એના કંઠની મંદારમાલા કરમાઈ જવાથી અને કપાળનું જ્યોતિર્મય તિલક ઓલવાઈ જવાથી પડે છે.

જુહાર=વિદાયનો બોલ. ઉદાસી=બેપરવા. અમ્મર=અંબર. કજુ=કાજે. સુહાગ=સૌભાગ્ય. દખણ=દક્ષિણ. થાન=સ્તનો.

હતભાગીનું ગાન : પા. ૧૫. બુંગીઓ=શોક કે આફત સમયે બજાવાતો ઢોલ. રુક્ષકેશી=ભૂખરા કેશવાળી. વાલેશરી=વહાલાં. એક હેડી=સમાન વયનાં. રગડી=રગદોળી. તબ=ત્યારે.

ભારતતીર્થ : પા. ૧૯. પસાય=પસારીને. અડાભીડ=સમર્થ. ખાંડાં=ખડ્ગ. થડંથડાં=શાબાશીથી ઊલટા ભાવનો સોરઠી શબ્દ. ભાંજે=ભાંગે. ડણકયો=સિંહની પેઠે ગર્જના કરી. સિંહની ગર્જનાને ડણક કહે છે. ભેકુંડ=ભયંકર. આપે=પોતે.

વિજ્ઞાનવીર શ્રી જગદીશને : પા. ૨૨. મૂળ બંગાળી હાથ નથી લાગ્યું, પણ એક છાપામાંથી જડેલા નીચેના અંગ્રેજી અનુવાદ પરથી ઉતારેલ છે—

YOUNG image of what old Rishi of land
Art thou, O Arya Savant, Jagdish!
What unseen hermitage hast thou raised up
From 'neath the dry dust of this city of stone?
Amidst the crowd's mad turmoil, whence hast thou
That peace in which thou in an instant stoodst
Alone at the deep centre of all things—

Where dwells the One alone in sun, moon, flowers,
In leaves, and beasts and birds, and dust and stones,
—Where still one sleepless Life on its own lap
Rocks all things with a worldless melody.
All things that move or that seem motionless!
While we were drunk with the remote and vain
Dead glories of our past,—in alien dress
Walking and talking in an alien tongue,
In the caricature of other men—
Their style, their bearing.-while we shouted, yell'd
Frog-like with swollen throat in our dark well,
O, in what vast remoteness wert thou then?
Where didst thou spread thy hush'd and lonely mat-
Thy mat of meditation? Thou, thy mind
Curdling into calm gravity, didst plunge
In the great quest after the viewless ray,
Beyond the utmost borders of this World
Of visible form, there where the Rishis old
Opened, and passed in beyond the lion-gates
Of the manifold and stood before the One
Silent in awe and wonder, with joined hands!
O hermit, call thou in the authentic words
Of that old hymn called Sama; "Rise! Awake!
Call to the man who boasts his Sastric lore
From vain pedantic wranglings profitless,
Call to that foolish braggart to come forth
Out on the face of nature, this broad earth.

Send forth this call unto thy scholar band;
Together round thy sacrifice of fire
Let them all gather. So may our India,
Our ancient land, unto herself return
O, once again return to steadfast work,
To duty and devotion, to her trance
Of earnest meditation; let her sit
Once more unruffled, greedless, strifeless, pure
O, once again upon her lofty seat
And platform, teacher of all other lands.

—Translated from the Bengali by the
Late MANMOHAN GHOSH.

ગાયત્ર=ગેબી. દર=દ્વાર. દુવાર=દ્વાર. વાતૂલ=વાતોડિયા.

પ્રતિજ્ઞાપાલન : પા. ૨૭. સાબદા=સજ્જ. તોરણીએ=કમાન પર. ધ્રાંશ=ઘોષ. જાંગલા=મરાઠાઓનાં સૈન્યને સોરઠી પ્રજા 'જાંગલા' કહેતી. વરતાય=દેખાય. ધૂંધા=ધૂંધળા. પાખર=ઘોડાનું બખ્તર. શિરપેચ=છોગાદાર સાફા. ખાંત્યું=ખાંત (ખંત)નું બહુવચન. ખાંડાના કુંડ=તલવારો રૂપી અગ્નિશિખાઓનો કુંડ એટલે સમરાંગણ. આછા=અચ્છા (રાજસ્થાની શબ્દ). એકોય=એકેય. ઓરા=નજીક. ઠાકર=માલિક. જોધાણાનાથ=જોધપુર મારવાડના મહારાજા. કારી=કાર. ધકબક=ઊર્મિઓનો સંઘર્ષ. ધમસાણ=હૃદયમાં તુમુલ તોફાન. પણ=પ્રતિજ્ઞા. સામધર્મ=સ્વામી પ્રત્યેનો ધર્મ. બીચ=વચ્ચે. દખણીયું=દક્ષિણીઓ. વસમાણ્ય=('વસમું' પરથી) વિષમતા.

વીર બંદા : પા. ૩૧. 'નવઅરુણપુંજ' નહિ પણ 'નવ અરુણ પુંજે'. હૂકળ્યા=ઉશ્કેરાઈ ઊઠયા. ઉસ પાર=જીવનને સામે

પાર. જુદ્ધ=યુદ્ધ. અણુવાર=આ વેળા. નિહાલ=કૃતાર્થ. જમૈયો=છુરી જેવું હથિયાર.

અભિસાર : પા. ૩૬. નિંદરા=નિદ્રા.

કવિનું વય : પા. ૪૧. ગોઠડિયું=ગોષ્ટિ. વહરો=વિકૃત ચહેરાવાળો વનપારો=વનને સામે પાર. કુવેતર=કુવાવાળું ખેતર, વાડી. લાળી= શિયાળની બૂમને લાળી કહેવાય. ઘરઘૂંશ=ઘરમાં ભરાઈ રહેનાર માણુસને ઘરઘુંશ અથવા ઘરકુકડી કહે છે. તેવડ=સમાન વયનાં.

ધરણીને દેવ સમાં વરદાન. પા. ૪૫. કડી બીજીમાં જે કથન છે તે વૈજ્ઞાનિક સત્ય છે. સૂર્યની ગતિની પેઠે સ્વરની ગતિ પણ પૂર્વથી પશ્ચિમ તરફ હોય છે.

નવી વર્ષા : પા. પર. કવિવરનું અતિ પ્રિય મૂળ નવ વર્ષા મેં એમના જ શ્રીમુખેથી કલકત્તા ખાતેના એમના મકાને ઉજવાયેલ ' વર્ષા મંગલ 'માં ઘણું કરીતે ૧૯૨૦ માં સાંભળેલું; અને એમના જ કંઠે ગ્રામોફોન રેકર્ડમાં ઊતરેલ હોવાનું જાણ્યું છે. અનુવાદનો વૃત્તબંધ ચારણી લઢણે મારો ઘડેલો છે. એક કડી રહી ગઈ છે. ચંહુ ઓર =ચારે બાજુ. મધરા મધરા=ધીરે રવે. નેહસું=સ્નેહથી. બાત=વાત. ઘેઘૂર=ચકચૂર. ઓલી=પેલી. મોકળિયું=મોકળી. છુટી (બ. વ.) ચાકમચૂર એ ઉર=મસ્ત એ સ્તનો. સૂન-શુન્ય. નિંડોળ=ડેલો. ગુંજે =ગરજે. દેવડીએ-દરવાજે.

માધેલો બાળ : પા. ૫૭ પ્રથમાવૃત્તિમાં ભૂલથી માવિહોણો લખેલું: તેડે=નિમંત્રે. શેઢે=છેડે. વાટયું=વાટ, રાહ. વીંચી=મીંચી.

પરજાળતો=પ્રજાળતો, બાળતો.લોળા=લોચા. હોશ થાશે જ ખાટા =હોશ ખાટા થઈ જવા, એ હીંમત તૂટી પડવી એ અર્થમાં વપરાય છે.

મરતા બાળકનું આશ્વાસન : પા. ૬૦. ઓળકોળાંબડે= જેને આંબલી પીપળી કહે છે તે રમતને કાઠિયાવાડમાં ઓળકોળાં-

બડો કહે છે. એક ઝાડની એક ડાળીએથી ઝુલો ખાઈને બીજા ઝાડની ડાળીએ છલાંગી જવું એવી રમત હોય છે. અટારો=તોફાની, ચંદન તળાવડી=સુંદર નીરવાળી તળાવડી. બક્કા=બચ્ચી.

ઇચ્છામતી નદી : પા. ૬૩. શ્મશાને=સ્મશાને. (મુવેલા દાદાની કને હું સ્મશાને પણ થતી જાત.) પો! પો! ત્રો! ત્રો=ઢોરને પાણી પાતી વેળાએ પાણી પેટપૂર પીએ તે માટે કરવામાં આવતો સંકેત-સ્વર. બુચલી (કુતરી)=નાના કાનવાળી. ગામ તણા ઉતાર=ગામમાં સૌથી નપાવટ. ગોબર=છાણ. કાંપ=માટી. છાનગપતિયાં=છાની છાની વાતો. સોપટ=ઝટપટ. ભદી=જાડી પાડી. ભેંકાર=ભયંકર.

કાંઠે રમનારાં : પા. ૬૭. થોભ=ટેકણ. શ્રીકાર=સુંદર. વેળુ દાબીને કરે ઘોલકી=બાળકો દરિયા કે નદીને કાંઠે બેસી, ભીની રેતી પોતાના પગ પર દબાવી, પછી ધીરેથી પગ બહાર કાઢી લઈ કૂબા બનાવે છે. ગડયા=ગડગડયાં. નિશાન=(निः स्वन) નગારાં.

ચુંબન : પા. ૭૦. પિયાલીયું=પ્યાલીઓ. ઝડીમાર=ધારાબંધ. હાર બન્યો, અબ મેર ભરો=ઉપમાઓની માળા તો બની ગઈ, હવે એક એથી પણ વધુ ઊંચી ઉપમા રૂપી પારો માળાના મેર રૂપે પરોવી કાઢો. છેલ્લી ઉપમા એ માળાના મેર જેવી.

બાહુ : પા. ૭૨. પખે=વિના. હિના=મેંદી. પાહૂલિયે=પગમાં. દુઃખ-બલાયું=આપણે જેને મીઠડાં વારણાં ઓવારણાં કહીએ છીએ તેને માટે દુઃખણાં, બલા, એ પણ શબ્દ છે. આ ક્રિયાનો આંતર્ગત ભાવ અન્યનાં શિરેથી દુઃખોને લઈ પોતાને માથે આરોપી લેવાનો છે.

હૃદય-આકાશ : પા. ૭૩. નિરભે=નિર્ભય.

આવ ચાલી ! પા. ૭૫. તળવાય=ફોલ્લા પડે. દીમે=દીમનાં, દિશામાં. ઝડ=વાવાઝોડું.

ગુપ્ત પ્રેમ. પા. ૭૭. ભેસત=ભય, ફાળ.

પડછાયાનો પ્રેમ : પા. ૮૦. ભયાનક રસમાં રચાયેલું મૂળ કાવ્ય કવિની વિરલ કૃતિ લાગે છે. આવાં બીજાં ભાગ્યે જ મળે છે. વાચ્યાર્થ તો ઓળો છે તે સ્ત્રીને સંબોધતો હોય તેવો, એટલે કે માનવીના પડછાયાને લાગુ પડતો છે; પણ ધ્વન્યાર્થ સૌંદર્યની પાછળ સર્વદા લાગેલી લાલસાને અનુલક્ષતો હોવાનું, છેલ્લી કડીની છેલ્લી બે પંક્તિઓમાંથી જણાય છે.

કૃષ્ણકળી : પા. ૮૬. પ્રથમાવૃત્તિમાં 'મેં હરિની કૃષ્ણ કળી રે' એવો પ્રયોગ કરેલો તે ખોટો છે. કૃષ્ણકલિ નામના બંગાળી ફૂલને કૃષ્ણ ભગવાનની સાથે કશો સંબંધ ન હોવાનું જાણ્યું છે. અંગ્રેજી ગીતાંજલિમાં આનું ભાષાન્તર 'She is the lily of my heart' એમ કર્યું છે. સંગટો=સાડીનો સરગટ. હરણાં વાળી=હરણાંની આંખો જેવી.

દીઠી સાંતાલની નારી : પા. ૮૮. કાયાની કાંબડી=દેહની કાઠી. સબકારે=સબ ! સબ ! ઝબક ! ઝબક ! કરતી. વિદ્યાધરી=દેવલોકોની એક જાતિ. ધખાવે=ખીજવે. લુંદા=લોંદા. ત્રાંબિયા=પૈસા.

નવી વહુ : પા. ૯૧ હેલારો=હિલ્લોલ. વિસ્મે=વિસ્મય. ભોથું ગામડાં કેરું=ગામડાનું જડ માનવી. પીઠપરે=પીઠામાં, બજારમાં. ધીડી=દીકરી. કુશળિયાં=કુશળ સમાચાર. બાધા=વ્રત, બંધી.

જોડાની શોધ : પા. ૯૬. ડફોળ=મૂર્ખ. સુસારા=પગાર. બેબાકળા=વ્યાકુળ. 'તારી વાત સોળ વાલ છે' એ પ્રચલિત પ્રયોગ છે=તારી વાત પૂરેપૂરી સાચી છે. જખ મારવાને=ફોગટ. હલકારા=કાસદો મોલ=પાક ધુંવાધાર=ગોટેગોટા. હમ્બેશ=ભરપુર. કચકાણુ=કીચડ. પગરખાં=જોડા.

લોકારણ્ય : ૧૦૫ લોઢ=મોજાં. ઓવાળ=નદીમાં આવેલ પૂર જે કચરાને કાંઠે કાઢી નાખેલ છે તે 'ઓવાળ' કહેવાય છે. પાળાં=પગે ચાલનારાં. પગથી=ફૂટપાથ.

તલવારની ભેટ: પા. ૧૦૭ ભે=ભય. અભે=અભય.

નવે વેશે : પા. ૧૦૯. રાંઢા=નમેલી બપોર વેળા, ચૂર=ચૂર્ણ. સાંઈ=ફકીર.

સોના નાવડી : પા. ૧૧૨, માનવી ખેડૂતના નાનકડા ઉદ્યમક્ષેત્રનું સર્વ ઉત્પન્ન, આખરે તો, ઘોર આપત્તિમાં ઓરાયેલ માનવી પોતે ન વાપરી શકતાં, કર્મદેવતા રૂપી નાવિક હરએક જન્મે આવી આવીને પોતાની સુવર્ણ-નૌકામાં છલોછલ ભરી લઇ જાય છે, સંસારના શ્રેયાર્થે વાપરે છે, પણ ખુદ માનવીને એ પોતાના વાહનમાં ઉઠાવી લઈ કાળપ્રવાહમાંથી ઉદ્ધરી આપતો નથી માનવીને તો વિલુપ્ત જ બનવાનું છે. આંહીં યોજેલ 'શીખ દે છે સાસુજી રે' ના ઢાળમાં વચ્ચે ત્રણ ત્રણ ચોસલાંના ગાળા મૂકવાની પદ્ધતિનો પ્રારંભ મેં કરેલ છે.

ગોરજ=ગોધૂલિ. અંકલાશ=આકાશ. લાણી=લણણી, લણેલ ધાન્ય. ભાતની દોણી=ખેતરે કામ કરનાર માટે લઈ જવાતાં ભોજન (ભાત)ની છાશની મટુકી. તાંસલડી=તાંસળી, કાંસાનો વાડકો.

નિર્ભય પા. ૧૧૯: **એજ પ્રાણ** : પા. ૧૨૨. એની અસલ કૃતિઓ સંચયિતામાં નથી. મેં કવિવરનાં મૂળ બંગાળી પરથી ઉતારેલ કે અંગ્રેજી પરથી તે મને યાદ નથી. ઘણાં વર્ષો વહ્યાં છે.

ચુકાયેલી ઘડી. પા. ૧૨૩ પ્રથમાવૃત્તિમાં 'કોકિલા' ખોટો પ્રયોગ હતો. કોયલમાં જે ગાય છે તે માદા નહિ પણ નર-કોકિલ હોય છે. ગોંધળી=ગોધૂલિ

કાનમાં શું રે કીધું, પ્રાણ જગાડો રાજ, ચાલ ઘોર સાગરે અને સુખ જોવા દે, એ ચારે (પા. ૧૨૬ થી પા. ૧૩૧) ભાઇશ્રી નગીનદાસ પારેખે કરેલ 'નટીર પૂજા' નાટકના અનુવાદમાં

મૂકવા તેમની માગણીથી મેં કરી આપેલ, તે ઉત્કટ ભક્તિભાવનાં છે, ઉચ્ચ કૃતિઓ છે, એટલે આંહીં શામિલ કરીને ભાઈ ન. નો ઋણી બનું છું.

સાચાં બેસણાં : પા. ૧૩૨. કવિવર પોતાના ગાનને માટે પંડિતોના તર્કવાદો, અણવંચાતી ચોપડીઓનાં આલેશાન ગ્રંથાગારો, વિદ્યાપીઠોની પરીક્ષાઓ અથવા તો પુસ્તકવિલાસી નવવનિતાઓનાં પનારાં ઇચ્છતા નથી. કવિ–ગાનનું સાચું સ્થાન તો નિર્દોષ નવલાં પ્રેમિકોની સજીવ ભાવસૃષ્ટિમાં જ હોવું ઘટે છે.

કૃતજ્ઞ : પા. ૧૪૫. કાવ્યપ્રતિભાના પૂરા પ્રાકટ્ય પૂર્વે ચિર-વિદાય લઇ ગયેલ પ્રિયને વાણીનો જીવનફાલ અઢળક ઊગતો થવા ટાણે કવિવરે કૃતજ્ઞભાવે અને કુમાશથી યાદ કરતાં કરતાં પોતાની આંતર્વેદના ગાઇ છે. આ સંગ્રહની આ કાવ્ય વડે જ સમાપ્તિ આવે છે તે કેવળ અકસ્માત હોવા છતાં અર્થહીન હકીક્ત છે.

માણસાઈના દીવા

ઝવેરચંદ મેઘાણી

મારું મુખ્ય ધ્યેય આ પુસ્તકને દસ્તાવેજની મહત્તા આપવાનું છે. એ દસ્તાવેજ છે—બનેલી ઘટનાઓનો, લોકમાનસનો, જનતાનાં મનોવિશ્લેષણોનો, અને જનતાની ભાષાનો. લેખકે કેવળ માધ્યમ રૂપે જ પોતાની મર્યાદાનું પાલન કર્યું છે. માનસશાસ્ત્રના, માનવવંશશાસ્ત્રના જાતિઓ અને કોમોના અભ્યાસ અવલોકનનું જેઓને કંઈ મૂલ્ય હોય તેવાઓને આ રવિશંકર મહારાજની કહેલી કથાઓ સાદર કરું છું. ગુજરાતનાં જે ખમીરવંતા સંતાનો ચોર-લુંટારા ને ખૂનીઓનાં ખાનાંમાં પડીને સરકારી જેલ અગર પોલીસ કચેરીને રજિસ્ટરે પુરાઈ રહેલ છે તેમનામાં વસેલી માણસાઈનો આ દસ્તાવેજી પરિચય છે. માણસાઈના દીવા જીવતાં માનવોમાંથી કેમ અને ક્યારે ઓલવાવા માંડે છે, માણસ જેવા માણસનું આત્મભાન ક્યારે ને કેવી રીતે અધોગતિને પામે છે, અને અકસ્માત એ રાંગ થઈ જવા આવેલા દીવામાં તેલ પૂરનારો કોઈક એકાદ પણ સાચો પુરુષ ભેટી જતાં દીવા કેવા સતેજ બને છે, તેની એક સળંગ કથા આ જૂજવા પ્રસંગોમાંથી વણાઈ રહે છે. [લેખકના નિવેદનમાંથી]

આ ચોપડી વાંચતાં મેઘાણીની સંયમસમર્થ શૈલીએ મારા પર જે અસર કરી છે તે બીજી કોઈપણ ભાષાની ચોપડીએ ભાગ્યે જ કરી હશે. હું આશા રાખું છું કે 'માણસાઈના દીવા'ના અનુવાદો દેશ-પરદેશની અનેક ભાષામાં થશે ને સંસ્કૃતિવીર રવિશંકરના પુરુષાર્થનો આ દસ્તાવેજ માનવકોટિના સાહિત્યમાં પોતાનું સ્વાભાવિક સ્થાન લેશે.

[પ્રસ્તાવનામાંથી] કાકા કાલેલકર

કિંમત અઢી રૂપિયા · ટપાલખર્ચ ત્રણ આના